પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજીનું

ગ્રહગણિત

રચનાર

દીનશાહ શાપુરજી હોમીયાર.

સાઇકો [illegible], પ્રૅકટીકલ [illegible],
પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી વિગેરેના કર્તા.

પ્રસિદ્ધકર્તા.

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની.

મુંબાઈ.

આવૃત્તિ બીજી.

૧૯૨૪.

તૈયાર છે.

દુઃખીને દિલાસો.

(૫૬ ભાગમાં)

ભાગ ૧ થી ૭ દરેકની

કીંમત રૂ. ૦-૧૨-૦.

પ્રસિદ્ધકર્ત્તાઓની નોંધ.

શેઠ સોરાબજી મંચેરજી દેશાઇએ 'દુઃખીને દિલાસો' એ નામથી ૫૬ ભાગ બહાર પાડયા છે. પણ તે ઘણું ખરૂં માત્ર પારસી કોમમાં વંચાતા હોવાથી અમને તે પ્રસિદ્ધ કરીને હિન્દુઓમાં પણ તેનો ફેલાવો પામે એવા આશયથી કહેવામાં આવતાં આ સાહસ માથે લેવાનો વિચાર થયો અને મી. દેશાઇને પૂછતાં તેમણે તે પ્રસિદ્ધ કરવાની રજા આપવાથી આ પ્રથમ ભાગ બહાર પાડયો છે તથા બીજા ભાગો હાલ છપાય છે તે પણ યોગ્ય સમયમાં પ્રસિદ્ધ થતા જશે. તો આશા છે કે ગુજરાતી સાહિત્યના સઘળા વાચકો હિન્દુ, મુસલમાન અને પારસી ભાઇઓ તથા બ્હેનો તેને યોગ્ય ઉત્તેજન આપશે. પ્રથમ આવૃત્તિ વખતે મી. દેશાઇને સખી ગૃહસ્થોની મદદ મળવાથી તેઓ તેની કીંમત ઘણી જ સસ્તી રાખી શકયા હતા. પણ આ વખતે તેવી જાતની મદદ માટે અમને કોઈ જાતની ખાત્રી ન હોવાથી તથા હાલમાં છપામણી વગેરેની સખત મોંઘવારીને લીધે આ વખતે કીંમત જરા વધારે રાખવી પડી છે તે માટે દિલગીર છીએ. પણ હવે પછીના ભાગમાં કોઈ ઉદાર ગૃહસ્થ તરફથી આ કાર્યને યોગ્ય ઉત્તેજન મળશે તો કીંમત તે પ્રમાણમાં સસ્તી રાખવા પ્રયાસ કરીશું. છેવટમાં જે ઉદાર શરતોથી મી. દેશાઇએ આ ભાગો છપાવવાની રજા અમને આપી છે તે બદલ તેમનો ઉપકાર માનીએ છીએ.

બીજા ભાગો માટે તમારાં નામ તત્કાળ નોંધાવો.

પ્રસિદ્ધકર્તા

એન. એમ. ત્રિપાઠી એન્ડ કુંપની કાળબાદેવી રોડ, મુંબાઇ.

પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજીનું

ગ્રહગણિત

રચનાર

દીનશાહ શાપુરજી હોમીયાર.

સાઇકો ઇલેક્ટ્રોથાક, પ્રૅકટીકલ સાઇકૉલૉજી,

પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી વિગેરેના કર્તા.

પ્રસિદ્ધકર્તા.

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની.

મુંબાઈ.

આવૃત્તિ બીજી.

૧૯૨૪.

આ પુસ્તક મુંબઈ નં. ૯૩, ચીંચપોકલી પરેલ રોડ ઉપર લેડી નૉર્થકોટ
હિંદુ ઑર્ફનેજ કે. એન. સેલર પ્રેસમાં જાદવજી પીતાંબર ઠક્કરે
છાપ્યું છે અને મુંબાઈ પ્રિન્સેસ સ્ટ્રીટ, મેસર્સ એન. એમ.
ત્રિપાઠી ઍન્ડ કંપનીએ પ્રસિદ્ધ કર્યું છે.

અર્પણ પત્રિકા.

સદ્‌ગુણી બ્હેન

મર્હુમ બાઈ કુંવરબાઈ

તે અમારા બેશી

કેખશરૂ કાવસજી ખંબાતાનાં ધણીયાણીના

અકાળ મરણની દુઃખી યાદમાં

તથા

મર્હુમની કુટુંબ-સ્નેહી-તથા મિત્રો તરફની અથાગ દિલસોજ લાગણી,
હરેક રીતથી કુટુંબી સુખદુઃખમાં આગેવાન ભાગ લઈ,
રીતિનીતિનો અચ્છો ધડો બેસાડનારી, પતિવ્રતા
નારીના સદ્‌ગુણની ભિન્ન ભિન્ન યાદમાં

આ ગ્રંથ

તેના આત્માને શાંતિ ચહાતાં માનપૂર્વક અર્પણ કરૂં છું.

કર્તા.

પ્રસ્તાવના.

સર્વશક્તિમાન, કુલ જગતના કર્ત્તા અને મહા દયાના સાગરની અપરમપાર રહેમનજરથી અને મહેરબાનીથી, મારૂં રચેલું "પ્રૅક્ટીકલ ઍસ્ટ્રૉલૉજી"નું પુસ્તક જાહેર પ્રજા સન્મુખ મૂકવાને ફતેહમંદ નીવડયો છું, જે માટે હજારો હજાર શુકરાના તે દાવરે દાદગરની જનાબમાં કરૂં છું. આ પુસ્તક પ્રજાના ઘણાક શોખીન વાંચકો અને જીજ્ઞાસુ અભ્યાસીઓના હાથમાં આવતાં, તે મહેરબાનોએ, મારા પુસ્તકમાં છાપનારની ભૂલથી, કેટલીક બાબતોને લગતાં કોષ્ટકો અને કોઠાઓ મારા મૅન્યુસ્ક્રીપ્ટમાંથી ગુમાવેલા તથા નહીં છાપેલા હોવાથી, તથા તે કોઠાઓ ઘણા જ અગત્યના હોવાથી ચાલુ માગણી થયે, આ નાના પુસ્તકમાં અંગ્રેજી પદ્ધતિનું સાધારણ ગ્રહગણિત તેની દરેક બાબતના કોઠા અને સમજણ સાથે, કોઈ પણ જીજ્ઞાસુ સહેલથી શીખી શકે તેવી રીત પ્રયોજ્ય રીતરૂઢિથી ખુલાસાવાર આપવાની કોશિષ કરી છે.

જયોતિષવિદ્યા-ઉત્પત્તિ-તેનું સત્ય અને બીજી અનેક બાબતોનો ખુલાસો, મેં મારા આગલા પુસ્તક પ્રૅક્ટીકલ ઍસ્ટ્રૉલૉજીમાં જણાવેલો છે, તે ફરી ફરીને અત્રે દર્શાવવાની હું જરૂર વિચારતો નથી, અને ગમે તેવો શીખેલ ભણેલ શખ્સ એટલો બધો તો મૂર્ખો નહીજ હોય કે એ વિદ્યાની સત્યતાને ખોટી પાડી શકે, અને ગ્રહોની અસર અને રૂતુના ફેરફાર અને બીજી બાબતોના સત્ય સિદ્ધાંતને તોડી શકે. મુખ્ય બાબતો એજ ધ્યાનમાં લેવાની છે કે, ઍસ્ટ્રૉલૉજી અને ઍસ્ટ્રૉનૉમી એ હજારો વરસથી ચાલુ હાથોહાથમાં ચાલતાં સાયન્સો છે, અને જ્યારે સત્યના પાયા ઉપર જે ચીજ રચાયલી હોય, તેને હમ્બગ કહેવી, એ પોતાના શીખેલાપર અને ખુદ પરમાત્માની હસ્તી ઉપર બેવિશ્વાસ થઇ, મૂર્ખ લેખાવા જોગ છે. વધુ વિવેચન ન કરતાં હું એટલું જ ચાહું છું કે-બેવિશ્વાસુઓએ એ વિદ્યાના સિદ્ધાંતનો ઘટતો અભ્યાસ કરી તેમાંથી મળતા

સત્યની વધુ ને વધુ શોધ કરી, જાહેર પ્રજાને તેનો લાભ આપવો. જીજ્ઞાસુ અભ્યાસીઓને મારી અદના અરજ છે કે તેઓએ, હિન્દી શાસ્ત્ર સાથે આ શાસ્ત્રનો પણ અભ્યાસ કરી સત્ય શોધી, તે પ્રમાણે બીજા ભાઈબંધ જ્યોતિષીઓનું તે ઉપર ધ્યાન ખેંચી, એ વિદ્યાનો બહોળો પસાર કરી જશ મેળવવો, સત્યના શોધકોએ આ પુસ્તકના ગણિતની રીતરૂઢિ મુજબ દાખલાઓ ગણિત કરી તેમાંથી સત્ય કેટલું પડે છે તે તપાસવું, અને જો આ પુસ્તકમાં કાંઈક નજર ચુકથી ભૂલ થઈ હોય તો તે પર મહેરબાની કરીને અમારૂં ધ્યાન ખેંચી, જ્ઞાનની કલમથી સુધારવાની તસ્દી લઈ ઉપકાર કરવો.

૪૯, મોદી સ્ટ્રીટ,
કોટ, મુંબઈ.
૧૯૧૪.

દી. શા. હોમીયાર.

સાંકળીયું.

કોઠાઓનું સાંકળીયું.

શરૂઆતનો ખુલાસો.

પરમાત્માની કૃપા અને રહેમદિલીથી મારા જેવા એક અદના અભ્યાસીના હાથથી લખાયેલું, અંગ્રેજી જ્યોતિષ વિદ્યાનું ગુજરાતી પુસ્તક ધી પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી, જાહેર પ્રજાના અભ્યાસ અર્થે બહાર પાડવાને હું શકિતવાન થયો છું, જે માટે તે કૃપાળુ, મહા દયાના સાગરનો અનંત આભાર માની, તે પુસ્તકમાં જે જે બાબદો, અને ગણિતો, તથા છાપખાનાવાળાની ચુકથી રહી ગયેલ બાબદો, તથા કોષ્ટકો કે જે ગણિત અને બીજી બાબદો માટે જરૂરનાં છે તે અત્રે આ નાના ચોપાનીયા મારફતે, અભ્યાસીઓની ગુંચવણ દૂર કરવાને બનતી પ્રયોજ્ય રીત રૂઢિઓથી આપવાની કોશેશ કરવામાં આવી છે. જે અભ્યાસીઓને હરેક રીતે ઉપયોગી થઈ પડવાનો સંભવ છે.

આ પુસ્તકમાં જે ગ્રહ ગણિત આપવામાં આવ્યું છે, તેનો સર્વે આધાર કરોડો રૂપીઆનાં સાંચા કામ અને ગણિત યંત્રો, કે જે દુનિયાની હાલની જુદી જુદી પ્રજાની સરકાર, ગ્રહ ગણિત અને રૂતુના ફેરફાર વિગેરેના વરતારાઓ જાણવા માટે લાખોના ખર્ચે મોટા પગારના ઓદ્ધેદારો અને અનુભવી શેતારેશનાશોની દેખરેખ હેઠળ, જે ઑબ્ઝરવેટરીઓ ચલાવે છે, તેઓના અચુક યાંત્રિક શાસ્ત્રના ગણિતના નિયમ ઉપર જ છે.

મોટી દિલગીરીની વાત છે કે હિંદી જ્ઞાની જ્યોતિષીઓ, પોતાની કોઈક મતલબને ખાતર સત્યની તરફદારી કરવાને બદલે ચોખ્ખી હઠ લઈ બેઠા છે, અને પોતે તે ભુલ ભરેલું જ ગણિત માન્ય રાખી પોતાની ગણત્રીના વરતારા કર્યા જાય છે, અને સ્વાભાવિક રીતે તે લોકના વરતારા તદન જુદા નકામા અને જ્યોતિષ વિદ્યાની શ્રેષ્ઠાઈને તદન ઝાંખ લગાડનારા અને એ સત્ય વિદ્યાપરથી પ્રજાનો પ્રેમ ઉંચકી નંખાવનારા છે, કે જેની સામે હવે સમજુ અભ્યાસીઓએ સખત હાથે કામ લેવાની જરૂર છે. કેટલાક તો સત્ય ઉપર ઢાંકણુ વાળવા, તથા પોતાના ગજવાનું ભરત ચાલુ ભરવા માટે છડે ચોક પોતાને ત્યાં સલાહ લેવા આવનારાઓ કે જેઓ ક્વચિત્ હિંદુ

ગણિત બાબે શક બતાવે છે, તેમને કહે છે કે "તમારા બાપદાદા શું અંગ્રેજી જ્યોતિષ જાણતા હતા કે?" તથા પોતાની સર્વે ધર્મવિધિઓ અને શુભ કાર્યો અંગ્રેજી જ્યોતિષ આધારે થતાં હતાં કે? અજ્ઞાન સલાહ લેનાર પોતે મૂળમાં ભોળાઇનું સ્વરૂપ છે, કારણ જો ભોળો અને દુઃખથી પીડાયેલો નહી હત તો શા માટે જ્યોતિષનો દિલાસો ને સલાહ લેવા આવત, તે તો બીચારો શું જવાબ વાળી શકે? પણ જેઓ શું હિંદુ કે અંગ્રેજી જ્યોતિષના ખરા પરીક્ષકો છે, તે બન્ને પોતપોતાના જ્ઞાનથી એવા સવાલના જવાબ બરોબર પુરા પાડી શકે છે; તે ઉપરાંત સાધારણ વિચારવત માનવી એટલું જ તેવા જ્યોતિષીને પૂછે કે ભાઇ રે તમે જે જે લગ્નોની રાશ જુવો છો, તેમાં સેંકડે ૭૫ ટકા પરણનારાંઓ રાડે છે, જે જે ક્રિયાનાં મુહૂરતો આપો છો તે તે ક્રિયાઓ ભ્રષ્ટ થાય છે, ને તેનું કાંઈ પણ પ્રયોજન મળતું નથી, લગ્નનાં મુહૂરતો આપવે મંડપો સળગી રંગમાં ભંગ થાય છે, વરસાદના વરતારાઓથી પ્રજા તેમ જ છાપાવાળા પણ હાર્યા છે, શેર સટ્ટાના આંકોની જુઠી ભેળવણીથી હજારો ઠાર માર્યા ગયા છે, એક્કે વરતારા ખરા પડતા નથી, અને એવી રીતે પૈસાથી ખીસાં ભરવાની અને મતલબી સલાહ આપનારાઓથી અંતે હિંદની પુરાતન મહાન વિદ્યા, ખુદ તે માતૃભૂમિના કેટલાક સ્વાર્થી પુત્રોના પાપે, અંતે તજાઈ છે, હંબગ લેખાઈ છે, અને તેના સત્યની તથા તેના જ્ઞાનથી મળતી સર્વે વૃદ્ધિ કરનારી ભક્તિઓનો નાશ થયો છે," કયો સાચો વિચારવંત આ બાબદો ખોટી ઠરાવવાને હીંમત કરશે? આપણી આંખો સામે આ સર્વે રોજ બનતું જાહેર સત્ય છે, અને તે હવે સમજુ સજ્જનોની ભેગી સંમતિથી જ્યોતિષ વિદ્યાની એ નાલેશી દૂર થવી જ જોઈએ. કેટલાક વિદ્વાનો પણ હવે સત્ય શોધવાને બદલે એ જ ભુલભરેલા માર્ગ અને રીત રૂઢિના વરતારા આપે છે, જેનો એકાદ કોઈક દાખલો નીચે ટાંકેલો લાભકારી લેખાશે.

"મારા અભ્યાસ દરમીયાન એક વખતે પારસી કોમને લગતો વરતારો મારા વાંચવામાં આવ્યો, જે વાંચી મને ઘણો ખેદ ઉત્પન્ન થયો કે વિદ્વાન આસામીઓ પણ ઘણીક વખતે ભુલ કરવાને પાત્ર છે, પણ આવી ભુલો કે જે અભ્યાસી ન કરે, તે તેઓ કરવા પામે એ આ દૈવી વિદ્યાની કમનશીબી દેખાડે છે. તે વરતારાના નૂતન

વર્ષપ્રવેશમાં સિંહલગ્નમાં સૂર્ય: ઉદય થાય છે, જેથી સૂર્ય વરસ પતિ સ્વગ્રહી થયાથી વરસપતિ આરોગ્યના કરનારો જણાવ્યો છે, ભલે ભાઈ ભલે, પણ હું એમ પૂછું કે પારસી નૂતન વર્ષપ્રવેશ દર વરસે સપ્ટેમ્બરમાં જ થાય છે, ને સ્વાભાવિક સિંહ રાશિમાં જ દર વર્ષે રવિ, બુધ મુખ્ય કરી લગ્ને જ પડે છે તો તે હીસાબે પારસી-ઓનાં તો દરેક નૂતન વર્ષપ્રવેશ જો પારસી કોમને આરોગ્યતામાં જ રાખે છે, તો પારસીઓને પ્લેગનાં વરસોમાં પણ તે જ પ્રમાણે સિંહ લગ્ને રવિ વર્ષપતિ, અતિ શુભ આરોગ્યતાવાળો ગણાય કે સંકડો પારસીઓનો કચડઘાણ કાઢી નાંખ્યો તેવી આરોગ્યતા મહાભારત તો ખરી (કેમ કાંઈ ધ્યાનમાં ઉતરે છે?) વળી ભાઈ સાહેબ કોઈ કહેશે રવિ પાપ ગ્રહની તે વેળા દૃષ્ટિમાં હશે, તેથી આમ થયું ને તેમ થયું, તે બી બનવા કાળ છે. વરતારામાં વિશેષ તો એ કે શનિ વૃષભ-રાશિનો દશમ ભાવે બેશી સંપૂર્ણ દૃષ્ટિથી સાતમા ભુવનને જુએ છે, સાતમા ભુવનેં કુંભરાશિ છે એટલે તેને શનિનું જ ઘર ઠોકી બેસાડી લગન અને સાજવારી માટે શુભ લખેલ છે, હું સમજી નથી શકતો કે રવિ સ્વગૃહી થઈ સાતમા ભુવને સામી દૃષ્ટિ મારે તો સાજવારીને નિરોગીપણું તે કયાંથી થઈ શકે?" આ તો એક બે બાબદ છે, પણ આખો વરતારો તદન ભુલથી ભરેલ છે. મુખ્ય ભુલ તો વરતારો આખી કોમનો છે, જ્યારે ફલાદેશ રાશિ રાશિ માનવીને લગતું આપ્યું છે, તે કેમ બને. ચદ્રમા છઠ્ઠા ભુવને શનિની રાશિમાં દેહને સુખ આપનારો તથા જશ આપનારો જણાવે છે, કે જે તદન નિરર્થક છે. અંગ્રેજી પ્રમાણે ગણિત કરતાં સર્વે ગ્રહ કોમને નુકસાન કરતા છે, ફકત દાખલા તરીકે જો લઇએ તો ચંદ્રમા છઠ્ઠા ભુવને, શુક્રની સામી પાપદૃષ્ટિમાં, અંગ્રેજી ફલાદેશ પ્રમાણે જો ફલ કહીએ તો—"કોમને ભારી ખરચમાં ઉતારનાર, શેર સટ્ટામાં કોમને ભારી ફટકો મારી દીવાળાં કઢાવનાર, બેંકોપર હરોડા પાડનાર, પારકી પંચાતને માથે વોરી લેનાર, છુટા છેડાના જાહેર કેસો પાડનાર, કુટુંબમાં આફત વરસાવનાર, છટેલ જીંદગી ગુજરાવનાર, સ્ત્રી બચ્ચાંપર સીતમ પાડનાર, અને રંગમાં ભંગ કરનાર ખુલ્લે ખુલ્લો વરતી શકાય છે. જ્યારે દશમ ભાવે બેઠેલો શનિ કે જે મેરીડીયન પરથી કોમના લગ્ન ભુવનમાં અંગ્રેજી પ્રમાણે બુધના ગ્રહ સાથે પાપદૃષ્ટિ કરે છે, તેમ જ લગ્નપતિને પણ પાપદૃષ્ટિ

કરે છે, જે ખુલ્લી વેપારની સત્યાનાશી, લેજીસ્લેશનમાં અપજશ, પીડા, અવિશ્વાસ, હાડમારી, અકસ્માત, વિદ્યાનો અટકાવ, દગા ફટકાનો વધારો, છુપા ગુના, શેઠ વાણોતરનો ટંટો, હરતાલ ને મ્યુનીસીપલ કામદારો પર બોજો વધારનારાં અને કઢંગાં ફલો દર્શાવે છે." જો એ પ્રમાણે વર્ણન કરૂ અને સરખામણીઓ આપવા માંડું તો પોથાનાં પોથાં ભરાય, અને જ્યારે એવા અશુભ વરતારાઓનો ફલાદેશ શુભ દર્શાવી જ્યારે તે ખોટો ઠરે, ત્યારે પોતાની અને પોતાની વિદ્યાની બેઉની ફજેતી, પોતાના જ અવિચારી પગલે તેઓ આણે છે, જે એક મોટી દિલગીરીની વાત છે."

હું અત્રે આ સર્વે ઉપલું લખાણુ કોઈ પણ શખ્સની અંગત ટીકા દાખલ, અથવા તો દ્વેષભાવથી લખતો નથી, ફકત એક દાખલા તરીકે ટાંકેલ છે. હું કબુલ કરૂં છું કે વળી કેટલાક શખ્સો સવાલ કરશે કે "શું દરેક અંગ્રેજી જ વિદ્યાને તથા પશ્ચિમની વિદ્યાને જ શ્રેષ્ઠ ગણી, પોતાની માતૃભૂમિની પૂર્વ ા અખંડ કીર્તિવંત વિદ્યાને વગોવવા જેવું કરતાં તમને લાજ નથી આવતી? તો જવાબમાં હું એટલું જ હાલના વખતે કહીશ કે:—"ભાઈ રે, જે પશ્ચિમ વિદ્યા હાલે પ્રબળ છે ને જેના રેલમાં તમે હાલે તણાતા જાવો છો, જેનાં શુભ ફળો ને શુભ રીતી રૂઢિને અખત્યાર કરવાને બદલે, તમો તેની દુર્ગુણીક શકિતઓને આકર્ષી તેમાં લીન થાવો છો, તેના કરતાં તમે ખોઈ દીધેલી તમારી ચંચળતા, અને યંત્રો મેળવવાને તથા તેઓએ જે જે મહાન શોધો કરી હોય, તેવી કાંઈક કરવાને, અને તેટલી શક્તિ ન પુગે તો, તે મહાન શોધોની કાંઈક શુભ અસરોને પોતાના ઉપયોગ માટે ગ્રહણ કરવાને શો અડચણ છે, અને તેમ કરી તમારી ભુલો સુધારવાનો શો ગેરલાભ છે તે બતાવશો? ધંધાદારી આ વિદ્યાનાં હજારો માગી તાગી એકઠાં કરેલાં, અથવા તો મફતીયાં ઘરાકોનાં સરટીફીકેટોનો જથો ધરાવનારાઓ, આગળ રહી વિદ્યાની હશી મશ્કરી કરાવે તે રૂડું, અને એકાદ મારા જેવો જીજ્ઞાસુ અભ્યાસી કાંઈક વજનદાર ભોપાળાં બહાર પાડે તેને ખોટું લેખવું, એ સમજશક્તિ અને આગળ વધેલી કેળવણીનો કોઈપણ જ્ઞાત જાતનો સમજુ શખ્સ તામેશા કરે એ બનવા અસંભવિત છે.

૧૯૧૦ ની સાલના અકટોબર માસમાં સાત ગ્રહ સાથે મળવાની ખોટી અફ્વા એક શખ્સે આપી હતી જેનો રદીઓ તા૦ ૩૧ મી અકટોબર ૧૯૧૦ ના જામે જમશેદમાં "અનયુબીયસ"ના તખલુસથી મેં રજુ કર્યો હતો, જેના વળતા જવાબમાં તે શખ્સે તા. ૧૦ મી નવેમ્બર ૧૯૧૦ ના જામે જમશેદ પત્રમાં, મારી ઉપર હિંદુ જ્યોતિષ શાસ્ત્રને હલકું પાડવાનો આરોપ મૂકયો હતો, જેનો રદીઓ મેં હિંદુશાસ્ત્રના ગ્રહલાઘવની કેટલીક ખામીઓ, તથા આચાર્યનું છેલ્લામાં છેલ્લું પુસ્તક, શકે ૧૪૪૨ યાને ઈસિવીસને ૧૫૨૦, એટલે ૩૯૪ વરસ આગમજ ચૈતર માસમાં બહાર પડયું હતું, તેને લગતી સરવે બાબદોનું એક લંબાણ લખાણ એ જ માસમાં જામે જમશેદ છાપામાં પ્રગટ કરી પુરવાર કરી આપ્યું હતું કે "હાલમાં હિંદુ ગ્રહો ખોટા છે. અને તેમાં ફરક પડે છે, એમ પંડિત હિંદુ જ્યોતિષીઓ પોતે માને છે, જાણે છે, અને કેટલાક સમજુઓ તે પ્રમાણે પંચાંગો વટીક સુધારવાને પ્રયત્ન કરી રહ્યા છે, તે તથા રવિના મંદોચ્ચ વગેરેની સરવે બાબદનો તુલોતવીલ ખુલાસો જામે જમશેદમાં અમારા એક વિદ્વાન ભાઇબંધની સહાયતાથી મેં પ્રસિદ્ધ કર્યો હતો. અલબત કાંઈ હિંદી જ્યોતિષ વિદ્યા અને હિંદી જ્યોતિષ ખોટું નથી, એ ગણિત ઘણું જ મહાભારત અને ભિન્ન ભિન્ન ભેદોની બારીકીવાળું છે, પણ જ્યાં ગ્રહો સ્થૂળ થયા, ત્યાં એ બારીક ગણિત નિરૂપયોગી અને ખોટું ઠર્યું છે, કારણ કે આગલા કાળોમાં ગ્રહો જેમ દ્રષ્ટિગોચર થતા હતા, અને સૂર્ય-સિદ્ધાંતના મત પ્રમાણે રવિ ચંદ્ર મધ્યમાં બરાબર આવતા હતા, પણ રવિનો મંદોચ્ચ બે રાશિ ને ૧૮ અંશનો જે કલ્પ્યો હતો, તેમાં ૪૧ કલાની બાધ આવે છે, જેથી મંદ ફળમાં ફેર પડયો, અને તેથી ભોમાદીય ગ્રહોમાં ફેર પડયો, અને તે કારણે રવિ બરાબર સ્પષ્ટ આવી શકતો નહી, અને એ જ આધારે બુધ જેવા ગ્રહો વકરી કે માર્ગી થતાં લગભગ દશ અંશનો ફેર આપે છે. એ પ્રમાણે જ્યારે ગણિતમાં ફેર પડે, તો પછી ફલાદેશ તે કયાંથી સાચું ઠરે. હાલે કોઇ એવા મહાન આચાર્ય છે નહી, કે જેઓ ગ્રહલાઘવને ફરીથી નવો કરી રચે, એટલા માટે પશ્ચિમના યાંત્રિક ગ્રહ ગણિત પ્રમાણે જ સરવે જ્યોતિષી કામ થાય, તો તેનાં ફલાદેશ વિશેષ શ્રેષ્ટ નીકળે છે. વળી ફલાદેશમાં પણ આગળનાં સંકોચ હિંદી વિચારોના જમાના પ્રમાણે હાલના બહોળી પ્રકૃતિવાળા જમાનાની રાહ રસમો, વિચાર આચારનો ફળા-

દેશ કહેવાથી અવશ્ય તે ખોટો ઠરે છે, માટે પશ્ચિમ રૂઢિનો ફળાદેશ કે જે આપણા હિંદી ફળાદેશને હાલના જમાનાના આચાર વિચાર અને શાહુ રસમોની બહોળી પ્રકૃતિમાં પશ્ચિમ વિદ્યાએ સહેલ કરી સમજ પડે તેમ રચ્યો છે, કે જેનો સરવે ખુલાસો મારી "પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી" ની બુકમાં હરેક રીતે પ્રયોજય મેં સમજાવ્યો છે, અને આજ લગી હિંદમાં એવી સાદી સરળ રીતે, તથા તેના હરેક અધ્યાંગ અને પ્રદેશોને છુટા છુટા ખુલાસા સાથે સમજાવેલ છે, તેવો ગ્રંથ બહાર પડેલો મેં સાંભળ્યો નથી. હું કાંઈ પોતે મારા ગ્રંથની શ્રેષ્ઠાઇ બતાવવા માટે અથવા તો કોઈ મતલબી ધારણાથી આ મત ઉચ્ચારતો નથી, પણ ખુશામતી સરટીફીકેટો, તથા મહાભારત વકીલ, બારીસ્ટરો, શેઠ સાહુકારો, અને ખુશામતીઆઓ, કે જેઓ એક યા બીજા કારણે, મતલબથી યાતો દયા કાજે, યાતો વખતે કાંઈક મનનું સમાધાન થવે, સરટીફીકેટો આપે છે, કે જેમાંના કેટલાકો તો જ્યોતિષ વિદ્યાનો કકકોએ જાણતા નથી, અને જે માંહેલી મુખ્ય સરટીફીકેટો તો ઓળખ પીછાણના દબાણથી તથા મોઢે ચઢીને માગવાથી મળેલ હોય છે, તેવી સરટીફીકેટો મેળવવા કાજે મેં ધારણા રાખી નથી, પણ સમજુ સજ્જનોને સત્યની પરીક્ષા કરવાને તથા સત્ય જાણવાને, કોઈ પણ બાબદના ભેદી લખાણ વગર, તદન સાદી રીતે સમજ પડે તેમ કરી, તેઓને આ પડી ભાગેલી મહાન વિદ્યાની જુફ્તી જોતને, વિચાર રૂપી તેલ પુરૂં પાડી, તેનો પ્રકાશ વધારવા માટે જ પ્રયત્ન કર્યો છે, જેનું સત્ય વાંચક વર્ગે પોતે જ તોલ કરી લેવું એવો આગ્રહ છે.

કેટલાક પશ્ચિમ મત સ્વીકારનારા અભ્યાસીઓ, આજ વીશ વીશ વરષ થયાં મહેનત કરી રહ્યા છે, અને તેમનું મંડળ મદદ વગર ઘણીક ચઢતી પડતીમાંથી પસાર થઈ, હાલે કંઈક નવીન જોશ સાથે તે મંડળની ઉન્નતિ કરવા પાછળ, તેના જુવાન અભ્યાસીઓ મથન કરે છે, કે જેઓએ એક મંડળ હાલમાં "ઍસ્ટ્રૉલૉજીકલ સોસાયટી"ના નામે ગ્રાંટરોડ ટયુટોરીઅલ કલાસેવાળા મકાનમાં ચાલુ કર્યું છે; જ્યાં તેઓ વખતો વખત ભેગા થઈ, એ શિક્ષણનો સાથે મળી અભ્યાસ કરે છે, જેઓ સાથે જો અત્રેના કેટલાક જ્ઞાની જોશીઓ, તથા પેલા બીજા કહેવાતા ઠામેઠામ ને ગામેગામના રાજ જોશીઓ પણ સાથે મળી, ઉલટ અને ઉમંગથી આ ભારત ભૂમિની મહા બળવાન વિદ્યાને, તેના પૂર્ણ

પવિત્ર પ્રકાશમાં તેજસ્વી કરવાનો પ્રયત્ન કરે, તો માતૃભૂમિના સપુત્ર લેખે, આ ધરતી માતાની કુખને શોભા આપનાર પોતાના ધર્મ અને આચાર વિચારોના વહેમોમાંથી કાંઈક મોકળા થઈ, સત્ય આનંદ મેળવવાને નશીબવાન થાય, અને હીનપસ્તીમાં પડેલ આ વિદ્યાને નવી તર્રાતાજગી બક્ષે, એવું માતૃભૂમિનો કયો સપુત્ર ન ઈચ્છશે ?

લખાણના વેગમાં અને વિચારના રોહમાં મેં અત્રે કેટલીક સખત ટીકા કરી છે, જે માટે ફકત દિલગીર છું, કારણ કેટવાક શખ્સો જેઓ ધંધાદારી જયોતિષીઓ છે, તેઓ કેટલીક વખતે ખોટી હુજ્જત પકડી કહે છે કે "અમારા મુનીશ્વરો હજારો વરસોથી એ જ પ્રમાણે ગણિત કરતા આવ્યા છે, અને તે થકી અમારે પણ તે જ રીતે ચાલવું." ચોકસ મંડળીએ કાશી લગીથી હિંદુ શાસ્ત્રના મહા બળવાન પુરૂષો (મારા સાંભળવા પ્રમાણે) મુંબાઈ બોલાવી એ બાબદની ચકચાર ચલાવી હતી પણ મેં સાંભળ્યું કે તે લોક પણ અત્રે આવી લાડુ ખાઈ પાછા સીધાર્યા, અને મત ઉચ્ચારી ગયા કે "મુનીશ્વરોએ જેમ લખેલું છે તેમ ચાલવા દો." તો હું વિચારમાં છું કે મુનીશ્વરોનો કાળ હજાર વર્ષપર થઇ ગયો, જમાના વીતી ગયા, કાળ ફેરવાતો ગયો, માનવીઓ પણ તદન હરેક બાબદમાં ફેરવાઈ ગયા, તો હવે તે જમાનાનું ગણિત તે શા આધારે ચાલી શકે. હિંદુઓના હાલના ચાલુ ગણિતનો ગ્રંથ છેલ્લામાં છેલ્લા સત્તાધિકારી ગ્રહલાઘવ આચાર્યજીએ ઈ. સ. ૧૫૨૦ માં પ્રગટ કર્યો, જે આજ લગી ચાલે છે, પણ પશ્ચિમ મુલકમાં તો ઇ. સ. ૧૫૨૦ ની આગમચ ઘણા મહાભારત ગણિત શાસ્ત્રીઓ થઈ ગયા કે જેઓ સર્વેનાં ઈ. સ. પૂર્વે ૨૫૦૦ ના જમાનાથી વર્ષ પછી વર્ષો સાથે નામો "પ્રૅક્ટીકલ ઍસ્ટ્રૉલૉજી" નાં શરૂઆતનાં પાનાંઓમાં મેં દર્શાવ્યાં છે, કે જેમાં ખાસ ૧૪૮૬ માં "**સર હેનરી એગ્રીપા**" અને ઈ. સ. પૂર્વે થઈ ગયેલ "**કલૉડીયસ ટોલેમી**" જેવા અથાગ ગ્રહ ગણિત અને જયોતિષ ફળ જાણનારાઓની જ રાહ રસમ અને રીત રૂઢિ અંગ્રેજી જયોતિષમાં ચાલુ છે, છતાં ફરક પડતો નથી. જયારે હિંદી આચાર્યજીનો ગ્રહલાઘવ તો ફક્ત ૩૯૪ વરસ યાને ઇસ્વી સને ૧૫૨૦ નો, ઉપલા વિદ્વાનોના કાળ કરતાં ઘણો જ થોડો છે, તે છતાં ગ્રહ ગણિત પ્રમાણે ગ્રહો ખોટા પડે છે, તો હવે હાલના જમાનામાં જુઠી હઠ પકડી બેસવામાં

શું ફાયદો છે, તે હું સમજી શકતો નથી. આટલા ચોખ્ખા અને સત્ય ખુલાસાઓ છતાં જ્યારે વિદ્વાન શખ્સો હઠ લઇ ખોટાને ખરૂં જ ગણવા માગે, તો તેમાં તેઓની કાંઇ પણ સ્વાર્થી મતલબ હોવી જ જોઇએ અને તે કારણે તેઓ માટે સખત ભાષા વાપરવામાં હું ખોટું વિચારતો નથી, અને ખોટાંના પોગળને બહાર પાડવાને વિદ્યાનું સત્ય ખુદ પોતે જ ફરજ પાડે છે.

જ્યોતિષના હાલના કેટલાક ધંધાદારીઓ જે પોતાના ઘરાકોને ફળ કહે છે, અને તે માંહેલાં કેટલાંક ફળ સાચ્ચાં ઠરે છે, તેનું ફક્ત કારણ એ જ છે કે ગ્રહ ગણિતની ભુલથી કાંઈ ભાવફળ બદલાતું નથી. કારણ કે ગ્રહો તો તે જ ભાવમાં ઘણું કરી પડે છે, તથા મુખ્ય ફળ તો ચાલુ બાબદનું ત્રાંઝીટરી ગ્રહોની ચાલને લીધે ખરૂં પડે છે, કારણ મોટી અસર કરનારા ગ્રહોના વાઇબ્રેશન પૃથ્વીના કરતાં ઘણા જ બળવાન હોવાથી, પંચભૂતિ તત્વના માનવીને તથા પંચભૂતિ આ જગત રચનામાં મહાભારત ફેરફાર કરે છે. વળી દશાફળ થોડું ખરૂં પડે છે તેનું કારણ એ છે કે તે નક્ષત્રોને આધારે ગણિત કરવામાં આવ્યું છે, અને અંગ્રેજી શાસ્ત્રમાં નક્ષત્રો સ્થૂળ તારાઓને નામે ઓળખાય છે, કે જે સ્થૂળ તારાઓ આકાશનાં વરતુલમાં જે રાશિ મંડળ છે, તેમાં અમુક અમુક જગ્યાપર સ્થૂળ રહેલા છે અને ગ્રહ મંડળ પોતાની ચાલના રોહમાં અમુક અમુક વખતે તે સ્થૂળ તારા યાને નક્ષત્રો આગળથી પસાર થાય છે, જેથી તે નક્ષત્રો પોતાની અસરની ધ્વનિનો પ્રકાશ તે ગ્રહને આપે છે, જે પોતાની વારણમાં તેવી જ અસર પંચભૂતિ તત્વ તરફ પોતાની રોશની મારફતે ફેંકે છે. એ પ્રમાણે હિંદી શાસ્ત્રમાં અને અંગ્રેજી શાસ્ત્રમાં નક્ષત્રો એક જ સરખાં હોવાથી દશાફળ ઘણાક અંશે સત્ય નીવડે છે, પણ દૃષ્ટિ ફળ–ગ્રહ બળ અને રાશિ ફળમાં ઘણો જ તફાવત પડે છે. હાલમાં નક્ષત્રો બાબે થોડી સમજ અત્રે આપી છે, જે વાંચવાથી કંઇક સમજણ પડશે. હવે હિંદુ જ્યોતિષીઓને અંગ્રેજી ગ્રહ ગણિત અને હિંદુ ગ્રહગણિત વચ્ચેના ફરક–ફેર–અને સ્થૂળતા બાબે કાંઇક વધુ જાણવું હોય તો એક મરાઠી પુસ્તક (सायन वाद संग्रहाचे महत्व) કે જે કુંડલી વિજ્ઞાન નામના ચોપાનીયાના અગીયારમા પુસ્તકના બારમા અંકથી શરૂ થાય છે, તેમાંથી અભ્યાસ કરી પોતાની ખાતરી કરી શકાશે.

આ લખાણુ દરમીયાન ઘણીક સખત ટીકા કરવામાં આવી છે, જે મને ઘણીક રીતે વાસ્તવિક લાગવાથી જ લખી છે, પણ તે ટીકા તરફ દોરવાઈ ન જતાં જે ચીજ વાંચકને સત્ય લાગે, તે ઉપરાંત વધુ સત્ય શોધી કાઢવાની મહેરબાની કરવી. આ પુસ્તકમાં સંપૂર્ણ સાધારણ તમામ ગણિત સ્પષ્ટ ગ્રહોને લગતું આપ્યું છે, તથા મોતની ગંભીર બાબદનું પણ ગણિત થોડું દેખાડયું છે, જે જીજ્ઞાસુ અભ્યાસીઓને સરળ થઈ પડશે, તે ઉપરાંત બીજી બાબદો અને કોષ્ટકો સર્વે આપ્યાં છે, અને મારી ખાતરી છે કે મારા આગલું ઍસ્ટ્રૉલૉજીનું પુસ્તક અને આ ગ્રહગણિત મળીને બે પુસ્તકો જ્યોતિષને લગતું સર્વે સાધારણ તુલોતવીલ બાબદો જોઈ જાણી અને શીખી શકશે. હવે પછી પરમાત્માની ઇચ્છાથી અને મહેરબાનીથી ટ્રીગ્નોમેટ્રી ગ્રહલાઘવ તથા બીજા બારીક ગણિતો અને હરકોઈ ભારી સવાલ બાબદોના સીગનીફીકટરોને લગતા યોગો તથા હરેક બાબદનો શેર સટો અને સ્પેકયુલેશનનાં ગણિત, મોત-પૈસા-અને ધંધાને લગતી બાબદો વીગેરે લંબાણથી ગણિત સુદ્ધાં છપાવી બહાર પાડવાની શરૂઆત કરી છે, જે પરમાત્મા પાર પાડે એવું ઇચ્છીશું. હવે પાછલા પાનાઓમાં સર્વે બાબદ જુદાં જુદાં મથાળાઓ હેઠળ લખો છે, તે પ્રમાણે સ્પષ્ટ કુંડલી અને ગ્રહ ગણવા તે છતાં "પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી" ના પુસ્તકમાં જયાં જયાં એ બાબદના વિષયોનો તમામ ખુલાસો આપ્યો છે, તેનો જરૂર અભ્યાસ કરવો, તો જ અત્રેની સર્વે બાબદો ખુલાસાથી સમજી શકાશે.

૨.–ગ્રહો–અને રાશિઓનાં સીમબૉલ અને નિશાની.

ગ્રહો.		રાશિઓ.	
નેપચ્યુન	♆	♈	મેષ
હર્શલ	♅	♉	વરખ (વૃષભ)
શનિ	♄	♊	મિથુન
ગુરૂ	♃	♋	કર્ક
મંગળ	♂	♌	સિંહ
રવિ	☉	♍	કન્યા
શુક્ર	♀	♎	તુલા
બુધ	☿	♏	વૃશ્ચિક
ચંદ્ર	☽	♐	ધન
પૃથ્વી	⊕	♑	મકર
રાહુ	☊	♒	કુંભ
કેતુ	☋	♓	મીન
અંશ	° ડીગ્રી	15°	ડીગ્રી= ૧ કલાક
કળા	′ મીનીટ	૧°	ડીગ્રી= ૪ મીનીટ
વિકળા	″ સેકન્ડ		

⊕ કર્મ દુરભાંગ યાને The Part of Fortune.

૩.–દૃષ્ટિઓ તથા તેની નિશાની

ઍસ્પેક્ટસ યાને દૃષ્ટિ.	દૃષ્ટિના અંશ.	નિશાની.	ફળ.	ભુવનનો તફાવત.
સેમી–સેકસ્ટાઈલ	૩૦°	⚺	હમેશાં સારૂં	૧
સેમી–કવીનટાઈલ	૩૬°	⊥	જરાક સારૂં	૧ ૧/૫
સેમી–સ્કવેર	૪૫°	<	હમેશાં બુરૂં	૧ ૧/૨
સેકસ્ટાઈલ	૬૦°	✱	હમેશાં સારૂં	૨
કવીનટાઇલ	૭૨°	Q	જરાક સારૂં	૨ ૧૨/૩૦
સ્કવેર	૯૦°	□	મહા બુરૂં	૩
ત્રાઈન	૧૨૦°	△	ઘણું જ સારૂં	૪
સેસ્કવી કવૉડ્રેટ	૧૩૫°	□	ખરાબ	૪ ૧/૨
બાય કવીનતાઇલ	૧૪૪°	±	સહેજ સારૂં	૪ ૨૪/૩૦
કવીનકયુન	૧૫૦°	▽	અસંભવિત	૫
ઑપોઝીશન	૧૮૦°	☍	મહા બુરૂં	૬
કંજંકશન.	૩°	☌	સારૂં તેમજ નરસું ગ્રહ ગુણ પ્રમાણે	યુતિ યાને સમાગમ
પૅરેલલ	૧°	P	એક જ અંશે લૅટીટયુડમાં સામંત્ર થાય	સીધી લીટીમાં

(જુવો કોઠો નંબર K)

૪. જન્મનો સ્પષ્ટ સાઇડ્રીયલ ટાઈમ શોધવાની રીતઃ—

સાઈડ્રીયલ ટાઇમ શોધવા માટે નીચલા પાંચ કાયદા ધ્યાનમાં રાખવા.

૧. જન્મના ટાઈમનો ગ્રીનીચનો મધ્યાન બપોરનો સાઇડ્રીયલ ટાઇમ શોધવો.

૨. હવે એ ગ્રીનીચ મધ્યાન સાઈડ્રીયલ ટાઇમ અને તે જ દીવસે ગ્રીનીચમાં બપોરે મધ્યાન થયેલ રાવના ટાઇમ વચ્ચેનો ઇકવશન શોધવો.

૩. મીન લોકલ ટાઈમ જન્મનો શોધવો.

૪. હવે જન્મની લૉંજીટયુડ લૅટીટયુડ પ્રમાણેનો સાઈડ્રીયલ ટાઈમ શોધવો.

૫. એને જન્મનો સ્પષ્ટ મીન સાઇડ્રીયલ ટાઇમ બનાવવો.

આ ઊપર લખવા પ્રમાણે સ્પષ્ટ ગણિત કરવાની જરૂર છે. ધારો કે તા ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ના દીને સવારે ૭. ૩૩ મી. લોકલ મુંબાઇ ટાઇમે જન્મ થયો, હવે જન્મ કુંડલી કાઢવાને માટે સ્પષ્ટ મીન સાઇડ્રીયલ ટાઈમ જન્મનો નીચલી વીગત પ્રમાણે સ્પષ્ટ ગણી કાઢવો. (સમજણુ ખુલાસા માટે જુવો પાનું ૧૫૫ પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી.) :——

૧. તા૦ ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧નો સાઇડ્રીયલ ટાઇમ ગ્રીનીચનો મધ્યાન કાળનો શોધો.

હવે કોષ્ટક નંબર A માં જુવો, તો ૧૮૬૧ ના જાનેવારી માસની પહેલી તારીખે ગ્રીનીચ મધ્યાન સાઈડ્રીયલ ટાઈમ ૧૮ ક. ૪૪ મી. ૨૮ સે. છે. હવે એ જ કોઠામાં જે આખા વરસની ઈસ્વી સને ૧૮૯૩નો દરરોજની તારીખનો સાઈડ્રીયલ ટાઇમ ગ્રીનીચ મધ્યાન કાળનો આપેલો છે, તેમાં જાનેવારી માસની પહેલી તારીખે સાઈડ્રીયલ ટાઇમ ૧૮ ક. ૪૫ મી. ૨૬ સે. છે, જેમાંથી તા૦ ૧ લી જાનેવારી ૧૮૬૧નો સાઈડ્રીયલ ટાઈમ બાદ કરો, જેમકે

	ક. મી. સે.
તા૦ ૧ લી જાનેવારી ૧૮૯૩ ગ્રીનીચ ST	૧૮—૪૫—૨૬
તા૦ ૧ લી જાનેવારી ૧૮૬૧ ગ્રીનીચ ST	૧૮—૪૪—૨૮
ફરક આવ્યો	૦—૦—૫૮

હવે સને ૧૮૯૩ વાળા સાઈડ્રીયલ કોષ્ટકમાંથી, જન્મની જે તારીખ ૨૬ મી ડીસેમ્બર છે, તે દીવસનો સાઈડ્રીયલ ટાઈમ લેવો, અને તેમાંથી ઉપલો શોધી કાઢેલો ફરક બાદ કરો એટલે જે આવશે તે તા૦ ૨૬ ડીસેમ્બર ૧૮૬૧નો સ્પષ્ટ સાઇડ્રીયલ ટાઈમ આવશે જેમકે

સાઈડ્રીયલ ગ્રીનીચ મધ્યાન કાળનો વખત	ક. મી. સે.
તા૦ ૨૬ મી ડીસેમ્બર (કોષ્ટક પ્રમાણે)	૧૮–૨૦–૫૦
બાદ શોધી કાઢેલો ફરક ...	૦—૦–૫૦
તા૦ ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ગ્રીનીચ મધ્યાનનો સાઇડ્રીયલ ટાઇમ	૧૮–૧૯–૫૨

૫. ઇકવેશન.

૨. હવે ઇકવેશન ઑફ ટાઈમ શોધી કાઢો:—એટલે કે જન્મ તારીખનો ગ્રાનીચ મધ્યાન સાઇડ્રીયલ ટાઇમ અને તે જ દીવસના ગ્રીનીચ-ના મધ્યાન થયેલા રવિ વચ્ચેનો ફરક. એ શોધવા માટે પહેલો એફીમરી-માંથી તે તારીખનો રવિનો અંશ જુઓ, જે મકર રાશિ ♑ ૪°–૪૬′–૨૪″ નો તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ના દીને છે. હવે જે વખતે એ રવિ ગ્રાનીચ લગ્ન પત્રાથી દશમ ભાવે એટલે કે મધ્યાન કેટલે વાગે થયો તે શોધો (જુવો ગ્રાનીચ લગ્ન પત્ર) જે માટે વિલાયતની લેટીટયુડ ૫૧°–૩૨ N નું લગ્ન પત્ર છે, તેમાંથી મકર રાશિનો ♑ ૪°–૪૬′–૨૪″ નો સાઈડ્રીયલ ટાઇમ શોધો. હવે અંશકળા પ્રમાણે તુલોતવીલ તો લગ્ન પત્રમાં મળશે નહી, માટે આપણે અંશ ૪° અને અંશ ૫° એ બેનો કલાક લઇ તેમાંથી એક બીજાને બાદ કરી રવિની ચાલગતિ મેળવવી જેમ કે:—(કોઠા નંબર B માં) ૪° ♑નો ટાઈમ ૧૮°–૧૭′–૨૬″ તેને એ જ કોઠાને ૫° ♑નો ટાઈમ ૧૮°–૨૧′–૪૮″ છે તેમાંથી બાદ કરીએ તો ચાલગતિ ૦°–૪′–૨૨″ એક દીવસની ગતિ આવી, એટલે એક દીવસ એટલે ૬૦ મીનીટમાં જો ૦°–૪′–૨૨″ ચાલગતિ રવિની છે, તો ૦°–૪૬′–૨૪″ માં કેટલી, ત્રિરાશિથી જવાબ ૦°–૩′–૨૨″ આવ્યો, જે ૪° ♑ નો ટાઈમ ૧૮°–૧૭′–૨૬″ લગ્ન પત્રમાં છે, તેમાં ઉમેરી દેવો એટલે મકરનો રવિ જ્યારે ♑ ૪°–૪૬′–૨૪″ ગ્રોનીચમાં મધ્યાન થયો તે વખતે ટાઈમ ૧૮°–૨૦′–૪૮″

થયો, હવે ઇકવેશન મેળવવાને માટે રવિના મધ્યાન થવાના ટાઇમ-માંથી, આપણે પહેલાં મેળવેલો તા. ૨૬ મી ડસેમ્બર ૧૮૬૧ નો ગ્રીનીચ સાઈડ્રીયલ ટાઇમ ૧૮-૧૯-૫૨" બાદ કરો એટલે ઇકવેશન ફરક ૦°-૦'-૫૬" આવ્યો.

(૬) ૩. હવે મીન લોકલ ટાઇમ જન્મનો શોધો.

તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ના દીવસે જન્મ સવારે ૭-૩૩-૦ છે, હવે એમાંથી ઇકવેશન ફરક જે ૦-૦'-૫૬" છે, તે બાદ કરો તો જન્મનો મીન લોકલ ટાઇમ ૭ ક.-૩૨ મી.-૪ સે. થયો.

(૭) ૪. હવે જન્મ ભૂમિની લૉંજીટયુડ લૅટીટયુડ પ્રમાણેનો જન્મનો સાઈડ્રીયલ ટાઇમ શોધો.

તા. ૨૬-૧૨-૬૧ નો ગ્રીનીચ મધ્યાન સાઈડ્રીયલ ટાઇમ	૧૮°-૧૯'-૫૨"
તેમાથી બાદ મુંબાઇનો જન્મ લૉંજીટયુડ ૭૨°-૪૯' E એટલે ગ્રીનીચ કરતાં કલાક ૪°-૫૧'-૧૬" પૂર્વે એટલે આગળ હોવાથી તેનો ફરક કોઠા નંબર () માંથી મેળવી બાદ કરો.	૦—૦—૪૮

તા. ૨૬-૧૨-૬૧ નો મીન સાઇડ્રીયલ ટાઇમ થયો. ૧૮°-૧૯'-૪" હવે એ મીન સાઈડ્રીયલ મધ્યાન બપોરના બાર વાગતાનો થયો છે, અને જન્મ સવારે ૭ ક. ૩૩ મી નો છે, જેમાંથી ઇકવેશન બાદ કરી **જન્મનો મીન લોકલ ટાઇમ** ૭ ક.-૩૨ મી.-૪ સે. જે મેળવેલો છે, તે બપોરના બાર વાગતા કરતાં ૪ ક.-૨૭ મી.-૫૬ સે. ઓછો છે કારણ કે સવારનો જન્મ છે. માટે એટલા કલાક બાદ કરો (જો જન્મ બાર વાગ્યા પછીનો હત તો ઉમેરત) જેમ કે:—

તા. ૨૬-૧૨-૬૧ મીન સાઇડ્રીયલ ટાઇમ	૧૮°-૧૯'-૪"
બાદ જન્મનો મીન લોકલ ટાઇમ ને મધ્યાન બારની વચ્ચેનો ફરક	૪-૨૭-૫૬
જન્મનો સાઈડીયલ ટાઇમ થયો.	૧૩°-૫૧'-૮"

(૮) કરેકશનનો ફરક.

૫. હવે જન્મ મીન લોકલ ટાઇમને સાઇડ્રીયલ ટાઇમમાંથી બાદ કરેલો છે, માટે, લોકલ મીન ટાઇમને સાઇડ્રીયલ ટાઇમનો ફરક કોઠા (જુવો કોઠો C) માંથી ૪°-૨૭′-૫૬″ ને લગતો કરેકશનનો ફરક ૦°-૦′-૪૪″ જન્મના સાઇડ્રીઇલ ટાઇમમાંથી બાદ કરો એટલે મુંબાઇનો સ્પષ્ટ મીન સાઇડ્રીયલ ટાઇમ જન્મ વખતે ૧૩°-૫૦′-૨૪″ થયે.

આ પ્રમાણે ઉપલા પાંચ કાયદાથી તદન સ્પષ્ટ (નક્ષત્રકાળ) સાઇડ્રીયલ ટાઇમ કાઢવો.

(૯) સાધારણ સાઇડીયલ ટાઇમ શોધવાની રીતઃ—

સ્પષ્ટ સાઇડ્રીયલ ટાઇમ કરતાં સાધારણ સાઇડ્રીયલ ટાઇમ શોધવાને સહેલું પડે છે, પણ તે તુલોતવીલ સ્પષ્ટ નહી હોવાથી તેમાં થોડો ફેર આવે છે, જે જો કે સાધારણ કામો માટેની કુંડલીમાં લઇ ચલાવી શકાય, પણ જ્યાં સ્પષ્ટ ગ્રહગણિત કરવાનું હોય ત્યાં ચાલી શકે નહીં (જુવો વીગત પાને ૪૫ પ્રૅકટીકલ (ઍસ્ટ્રૉલૉજી).

ધારો કે આગળ જે તા. ૧૬ મી ડીસેમ્બર ૧૮૯૧ નો સવારે મુંબાઇ ટાઇમ ૭-૩૩ નો જન્મ છે તેનો હવે સાધારણ સાઇડ્રીયલ ટાઇમ શોધવો છે તો નીચે પ્રમાણે ગણિત કરવું.

કોઠો નંબર D

સાધારણ આશરે કોઇ પણ મહીનાની કોઇપણ તારીખે સાઇડ્રીયલ ટાઇમ નીચલા કોઠા પ્રમાણે રહે છે.

તારીખ	સાઇડ્રીયલ ટાઇમ	તારીખ	સાઇડીયલ ટાઇમ	તારીખ	સાઇડ્રીયલ ટાઇમ
	ક.મિ સે				
૨૨ મી માર્ચ	૦-૦-૦	૨૨ જુલાઇ	૮-૦-૦	૨૧ મી નવેમ્બર	૧૬-૦-૦
૨૨ મી એપ્રીલ	૨-૦-૦	૨૨ ઑગસ્ટ	૧૦-૦-૦	૨૨ મી ડીસેમ્બર	૧૮-૦-૦
૨૨ મી મે	૪-૦-૦	૨૧ સપ્ટેમ્બર	૧૨-૦-૦	૨૧ મી જાનેવારી	૨૦-૦-૦
૨૨ મી જુન	૬-૦-૦	૨૧ અકટોબર	૧૪-૦-૦	૨૦ મી ફેબ્રુઆરી	૨૨-૦-૦

આ ઉપલા કોઠામાં આપેલી તારીખોએ કોઇપણ વર્ષનો સાઇડ્રીયલ ટાઇમ સાધારણ હોય છે, એ તારીખો પછી જેટલા દીવસ વધુ કે ઓછા હોય તે પ્રમાણે દર એક દીવસની ૪ મીનીટ લેખે વધારવો કે ઘટાડવો.

હવે તારીખ ૨૬-૧૨-૧૮૬૧ નો સાઇડ્રીયલ ટાઇમ શોધવો છે, એટલે ઉપલા કોઠા (D) માં તા. ૨૨ મી ડીસેમ્બરે સાઇડ્રીયલ ટાઇમ ૧૮°-૦'-૦" છે, હવે દરરોજની ૪ મીનીટ પ્રમાણે જન્મ તારીખ ચાર દીવસ પાછળ છે માટે ૦-૧૬'-૦" ઉમેરીએ તો સાઇડ્રીયલ ટાઇમ ૧૮°-૧૬'-૦"નો થયો. તેમાં જન્મનો ટાઇમ સવારનો ૭-૩૩ નો છે, માટે બપોરના બાર વાગતા કરતાં કલાક ૪-૨૭ પાછળ છે માટે બાદ કર્યા તો, ૧૩°-૪૯'-૦" આવ્યા તેમાંથી સાઇડ્રીયલ અને મીન લોકલ ટાઇમ કલાક ૪°-૨૭'નો કરેકશન ફરક મીનીટ ૪૪ બાદ કર્યા તો જન્મનો સાધારણ સાઇડ્રીયલ ટાઇમ ૧૩°-૪૮'-૧૬" થયો. એ પ્રમાણે સ્પષ્ટ સાઇડ્રીયલ ટાઇમ અને સાધારણ સાઇડ્રીયલ ટાઇમમાં ઘણો મોટો ફરક પડતો નથી. જ્યારે ડાઇરેકશનથી ચોકસ બનાવો બનવાની તારીખ અને વખતનું ગણિત કરવું પડે છે, ત્યારે દરેક ગણુત સ્પષ્ટ અને ચોકસ કરવાની અવશ્ય જરૂર છે. હવે કુંડલી કાઢવાને માટે જે લગ્નપત્ર (કોઠો નંબર E) આપ્યું છે તેમાં આ સાઇડ્રીયલ ટાઇમ જે અંકમાં સમાય તે શોધવું, જે અંકમાં તે સમાય તે અંકની સીધી લીટીમાં ૧૦-૧૧-૧૨-૧-૨-૩ એ પ્રમાણેનાં ભુવનોને લગતા રાશિ અંશ લખેલા હોય તે પ્રમાણે કુંડલીમાં માંડવા ને બાકીના છ સામ સામેના ભુવનોના જે હોય તે માંડી દેવા, એટલે સાધારણ જન્મ કુંડલી જેમ ચાલુ જન્મોત્રીઓમાં આવે છે તે પ્રમાણેની જાણવી; હવે જો એ અંગ્રેજી સાધારણ જન્મ કુંડલીને હિંદુ જન્મોત્રીની જન્મ કુંડલીમાં ફેરવવી હોય તો દરેક ભુવનના રાશિ અંશમાંથી આશરે ૨૩ અંશ બાદ કરી ઓછા કરી જે રાશિ અંશ આવે તે માંડવાથી હિંદુ જન્મલગ્ન અને ભુવનોના અંશ લગોલગ મળતા આવશે.

૧૦. કુંડલીનાં સ્પષ્ટ ભુવનો ગણવાની રીત.

સાધારણ ભુવનો તો લગ્ન પત્રમાંથી તૈયાર લખી લેવાને બની શકે છે, પણ સ્પષ્ટ ભુવનોના કસ્પ કાઢવાને માટે, જન્મના મીન સાઈડ્રીયલ ટાઇમને **R A M C** (યાને રાઈટ એસેનશન ઑફ મેરીડીયન માં ફેરવી નાંખવો, યાને કે સાઇડ્રીયલ ટાઇમ કલાકમાં છે, માટે દર એક કલાકની ૧૫° ડીગ્રીના હીસાબે તેને ડીગ્રીમાં ફેરવી નાંખવો. જેમ કે:--

તારીખ ૨૯-૧૨-૧૮૯૧ મી સાઈડ્રીયલ ટાઈમ જન્મનો ૧૩ ક. ૫૦ મી. ૨૪ સે. છે તેને ૧૫ થી ગુણી નાંખતાં, R A M C ૨૦૭°-૩૬′-૦″ આવશે.

૧૧ સ્પષ્ટ જન્મ લગ્ન.

જન્મ લગ્ન તથા ભુવનો R A M C ની ડીગ્રી પ્રમાણે સ્પષ્ટ કાઢવાને માટે મુંબઇની લૅટીટયુડ ૧૮°-૫૪′ N નો કોઠો (નંબર F) અત્રે આપ્યો છે, તેમાં જન્મનો R A M C જે આંકમાં સમાતો હોય તે આંકનું જન્મ લગ્ન લેવું અને તેને સ્પષ્ટ કરવાને માટે એ જ કોઠાનો તેનાથી જે ઓછો આંક હોય તે લેવો, ને એક બીજાને બાદ કરી ફરક મેળવવો; વળી તે જ પ્રમાણે જન્મના R A M C માંથી પણ તેના થકી જે ઓછો આંક કોઠામાં મળે તે બાદ કરી ફરક મેળવવો, ને તેના મેજાનમાં લગ્ન સ્પષ્ટ કરવું; જેમ કે:—

તારીખ ૨૯-૧૨-૧૮૯૧ નો R A M C મેળવેલો,	R A M C. ૨૦૭°-૩૬′
કોઠા નંબર F માં એના થકી ઓછો આંક છે તે બાદ	૨૦૦°-૧૭′
જન્મ R A M C ફરક	૭°—૧૯′
હવે R A M C કરતાં કોઠા નંબર F માં આંક ને લગ્ન	R A M C લગ્ન. ૨૦૯°-૨૧′==♑ ૧૯°-૪૩′
કોઠા નંબર F પ્રમાણે જન્મ R A M C કરતાં ઓછો આંક ને તેનું લગ્ન બાદ	૨૦૦°-૧૭′==♑ ૧૦°-૫૬′
કોઠાનો R A M C નો ફરક તથા લગ્ન ફરક	૯°-૪′ લગ્ન ફરક ૮°-૪૭′

હવે ત્રિરાશિથી ગણવું કે જો કોઠાના R A M C નો ફરક ૯°-૪′, લગ્ને ૮°-૪૭′ નો ફરક કરે છે તો જન્મનો R A M C નો ૭°-૧૯′ નો ફરક જન્મ લગ્નમાં કેટલો ફેર આપશે; જવાબ આવશે ૭°-૫′. હવે એ ફરકને કોઠાના ઓછા આંક ૨૦૦°-૧૭′ ને લગતું જે લગ્ન ૧૦°-૫૬′ નું છે તેમાં ઉમેરી દેવો, એટલે તારીખ ૨૯ મી ડીસેમ્બર ૧૮૯૧ ના દિવસે જન્મ મુંબઈ ટાઇમ ૭-૩૩ નું સ્પષ્ટ જન્મ લગ્ન મકરનું ♑ ૧૮°-૧′ નું આવ્યું.

૧૨ સ્પષ્ટ દશમું ભુવન.

દશમું ભુવન સ્પષ્ટ કરવાને માટે જન્મના R A M C માંથી ૯૦° બાદ કરવા કારણ કે કુંડળીની ૩૬૦° છે અને તેના ચાર ભાગનાં કેન્દ્રસ્થાનો જેવાં કે જન્મ લગ્ન-૪ થું ભુવન-૭ મું ભુવન અને ૧૦ મું ભુવન એક બીજાથી ૯૦° અંશને છેટે આવેલાં છે, અને તે દરેકને જુદું જુદું પોલર એલીવેશન યાને ભુવનની લૅટીટયુડ હોય છે, જેમ કે જન્મ લગ્નની લૅટીટયુડ તે જન્મનો જે દેશ કે ગામ હોય તેની લૅટીટયુડ હોય છે તે જ જાણવી. હવે દશમ ભાવની લૅટીટયુડ હરેક મુલકની ૦° પૂર્ણ અંશે હોય છે. ૨ જા તથા ૧૨ મા ભુવનની લૅટીટયુડ પોલર એલીવે-શન દરેક ગામેગામના હિસાબ પ્રમાણે જુદી આવે છે. હાલ આપણા કામ માટે મુંબઇ અને આસપાસની લૅટીટયુડના પ્રમાણમાં ૨ જા તથા ૧૨ મા ભુવનની લૅટીટયુડ ૧૨°-૫૮′ છે. (જુવો કોઠો F) અને ૩ જા તથા ૧૧ મા ભુવનની મુંબઈ અને આસપાસની લૅટીટયુડના પ્રમાણમાં ૬°-૩૪′ છે. એ પ્રમાણે ૧૦ મો ભાવ ૦° પૂર્ણ લૅટીટયુડના કોઠા મારફતે અને ૨ જો તથા ૧૨ મો, ૧૨°-૫૮′ ના કોઠા મારફતે અને ૩ જો અને ૧૧ મો ભાવ, ૬°-૩૪′ ના કોઠા મારફતે ગણિત કરવાની જરૂર છે. બાકીનાં ભુવનો તો સામ સામે એક જ પ્રમાણે લૅટીટયુડ લૉંજીટયુડનાં માંડી દેવાં. હવે દશમ ભાવ આપણને તારીખ ૨૬ ૧૨-૧૮૬૧ ના જન્મ RAMC પરથી સ્પષ્ટ કાઢવાનો છે, માટે જે જન્મનો RAMC હોય તેમાંથી પહેલે ૯૦° બાદ કરવા. પછી તે બાદ કરી મેળવેલા RAMC ને જેવી રીતે જન્મ લગ્ન સ્પષ્ટ મેળવવા કોઠા F માંહેલા દશમા ભુવનને લગતી કૉલમ મારફતે ગણિત કર્યું. જેમ કેઃ-

જન્મનો RAMC	૨૦૭°-૩૬′
દશમા ભુવન માટે બાદ કરવા	૯૦°-૦′
દશમા ભુવન માટે R A M C આવ્યો	૧૧૭°-૩૬′

	આંક	રાશિ અંશ
દશમા ભુવનની કોઠા F ની કૉલમમાં સમાવાનો આંક તથા તેના રાશિ અંશ	૧૧૯°-૨૦′	♍ ૧°-૩૦′

દશમ ભુવનના મેળવેલા RAMC કરતાં કોઠાનો ઓછો આંકને રાશિ અંશ	૧૧૬°-૩૭′ ♎ ૨૮°-૩૯′	
R A M C ફરક	૨°-૪૩′ રાશિ અંશ ફરક	૨°-૫૧′
દશમ ભાવ માટે મેળવેલો R A M C	૧૧૭°-૩૬′	
તેના થકી ઓછા કોઠાના દશમ ભાવનો આંક	૧૧૬°-૩૭′	
ફરક	૦°-૫૯′	

હવે ત્રિરાશિથી ગણવું કે જો ૨°-૪૩′ જો ૨°-૫૧′ નો ફરક કરે તો ૦°-૫૯′ કેટલો ફરક થાય. જવાબ ૧°-૨′ નો આવશે તે R A M C કરતાં જે ઓછા આંકની રાશિ તુલા ♎ ૨૮°-૩૯′ છે તેમાં ઉમેરવા એટલે સ્પષ્ટ દશમો ભાવ તુલા રાશિ ♎ ૨૯°-૪૧′ અંશનો થયો.

નોંધઃ—આગળ દર્શાવ્યા પ્રમાણે બારમું ભુવન અને બીજું ભુવન સ્પષ્ટ કરવા માટે જો કે પોલર એલીવેશન યાને એ ભુવનોની મુંબઈ અને તેની આસપાસના મુલકને લગતી કોઠા F માં આપવા પ્રમાણેની જ લૅટીટયુડ મારફતે ગણિત થાય છે, પણ તેમાં એટલો ફરક છે કે બારમા ભુવનમાં R A M C માંથી ૩૦° બાદ કરવી પડે છે, જ્યારે બીજા ભુવનને માટે ૩૦° ઉમેરવી પડે છે.

૧૩ સ્પષ્ટ બારમું ભુવન.

બારમા ભુવન માટે દશમા ભુવનની જ રીત રૂઢિથી ગણિત કરવું, પણ જન્મના અસલ R A M C માંથી ૩૦° બાદ કરવી ને પછી બારમા ભુવનને લગતા મુંબઇ તરફના મુલકોને લગતી લૅટીટયુડ ૧૨°-૫૮′ વાળા કોઠા F ના કૅાલમ માંહેલા આંક મારફતે ગણવું જેમ કેઃ—

જન્મનો R A M C	૨૦૭°-૩૬′
બારમું ભુવન બાદ	૩૦°-૦′
જોઇતો R A M C	૧૭૭°-૩૬′

ઉપલો મેળવેલો R A M C	૧૭૭°–૩૬′
બાદ કોઠાનો ઓછો આંક	૧૭૩°–૪૪′
ફરક	૩°–૫૨′

	કોઠાનો આંક	રાશિ	અંશ
R A M C કોઠાનો વધતો આંક તથા રાશિ અંશ	૧૮૫°–૪૫′	♑	૦°– ૦′
R A M C બારમા ભુવન માટે મેળવેલો તથા રાશિ અંશ.	૧૭૩°–૪૪′	♐	૧૯°–૪′
ફરક	૧૨°–૧′		૧૦°–૫૬′

જો ૧૨°–૧′: ૩°–૫૨ : : ૧૦°–૫૬′=૩°–૩૧′

ઓછા આંકનો R A M C ના રાશિ અંશ	♐ ૧૯°–૪′
મેળવેલો ફરક ઉમેરીએ	૩°–૩૧′
બારમા ભુવનનો સ્પષ્ટ રાશિ અંશ	♐ ૨૨°–૩૫′

૧૪ સ્પષ્ટ બીજું ભુવન.

હમેશાં બીજા ભુવન માટે જન્મના R A M C માં ૩૦° ઉમેરવી અને પછી બારમા ભુવનની માફક જ તમામ ગણિત કરવું, કારણ કે બારમા તથા બીજા ભુવનોનું પોલર એલીવેશન યાને લૅટીટયુડ એક સરખી છે.

જન્મનો R A M C	૨૦૭°–૩૬′
બીજા ભુવન માટે ઉમેરવા	૩૦°–૦′
જોઇતો R A M C	૨૩૭°–૩૬′

ઉપલો મેળવેલો R A M C	૨૩૭°–૩૬′
કોઠા F નો ઓછો આંક	૨૩૫°–૨૪′
ફરક	૨°–૧૨′

કોઠા F ના R A M C કરતાં વધતો આંક ને રાશિ	૨૩૮°-૧૩′	♒	૨૨°-૩૪′
કોઠાનો R A M C કરતાં ઓછો આંક ને રાશિ	૨૩૫°-૨૪′	♒	૧૯°-૨૬′
ફરક	૨°-૪૯′		૩°-૮′

ત્રિરાશિઃ—જો ૨°-૪૯′: ૨°-૧૨′ : : ૩°-૮′=૨°-૨૭′ કોઠાના ઓછા આંકને લગતા રાશિ અંશમાં ઉમેરતાં સ્પષ્ટ બીજું ભુવન કુંભ રાશિ ♒ ૨૧°-૫૩′ થયું.

નોંધઃ—૧૧ મા તથા ૩ જા ભુવન માટેનો પોલર એલીવેશન યાને લૅટીટયુડ મુંબઇ માટે ૬°-૩૪′ છે, જે કોઠા માં આપેલી છે તે પ્રમાણે આગળ ગણેલાં ભુવનો પ્રમાણે જ ગણિત કરવું, પણ ૧૧ મા ભુવન માટે ૬૦° અંશ બાદ કરવા અને ૩ જા ભુવન માટે ૬૦° અંશ ઉમેરવા.

૧૫ સ્પષ્ટ અગીયારમું ભુવન.

જન્મનો R A M C ૨૦૭°-૩૬′
૧૧ મા ભુવન માટે બાદ ૬૦°-૦′
મેળવેલો R A M C ૧૪૭°-૩૬′

હવે અગીયારમા ભુવનનું પોલર એલીવેશન ૬°-૩૪′ છે, જેને લગતો R A M C ના કોઠા F માં ૬° તથા ૭° ની લૅટીટયુડ એ બેની જુદી જુદી કૉલમ આપેલી છે, હવે આપણને ૬°-૩૪′ ની કૉલમ છુટી નથી, માટે ૬° અંશની જુદી અને ૩૪′ માટે ત્રિરાશિથી નીચે પ્રમાણે મેળવવી.

(ક) ૭° નો R A M C.	૧૪૯°-૩૭′	રાશિ	અંશ
૬° નો R A M C.	૧૪૯°-૧૫′	♍	૨૯°-૧૫′
	૦°—૨૨′		

હવે જો ૬૦ મિનિટમાં (૬° ને ૭° ડીગ્રી વચ્ચે ફરક એક ડીગ્રી છે એટલે ૧ ડીગ્રીની મિનિટ ૬૦'). મિનિટ ૨૨' વધારો થાય તો આપણને જોઈતી ૩૪' મિનિટના પ્રમાણમાં કેટલી થાય. = જવાબ ૦°-૧૨'-૨૮" કે જે ૩૪' નો ફરક આવ્યો તેને ૬° અંશના R A M C કે જે ૧૪૯°-૧૫' નો આંક છે તેમાં ઉમેરતાં R A M C ૧૪૯°-૨૭'-૨૮" રાશિ અંશ ♏ ૨૯°-૧૫' થયા તે (ક) તરીકે જુદા માંડો કારણ કે એ ૬°-૩૪' પોલર એલીવેશનને લગતો કોઠા F માંથી મેળવેલો, અગીયારમા ભુવનના R A M C નો વધારેવાળો આંક ને તેનો રાશિ અંશ સમજવો.

હવે અગીયારમા ભુવનના R A M C ના ઓછા આંકને લગતો એજ પ્રમાણે (ખ) ને લગતો આંક મેળવવો જેમ કે;—

(ખ)	૭° નો R A M C ૧૪૪°-૫૭'	}	રાશિ અંશ
	૬° નો R A M C ૧૪૪°-૩૬'	}	♏ ૨૪°-૫૪'
	૦°—૨૧'		

હવે જો ૬૦' મિનિટમાં ૨૧' નો ફરક તો આપણને જોઈતી ૩૪' મિનિટના પ્રમાણનો કેટલો ફરક=જવાબ ૦°-૧૧'-૫૪", કે જેને ૬°ના R A M C ના ઓછા આંક ૧૪૪°-૩૬' માં ઉમેરો એટલે ૬°-૩૪' નો R A M C ૧૪૪°-૪૭'-૫૪" અને તેનો રાશિ અંશ વૃશ્ચિક ♏ ૨૪° ૫૪' એ (ખ) ને લગતો આંક થયો. હવે (ક) માંથી (ખ) ને બાદ કરો, જેમ કે:—

(ક)	{ ૬°-૩૪' વધુવાળા આંકનો R A M C તથા રાશિ અંશ }	૧૪૯°-૨૭'-૨૮"	♏ ૨૯°-૫૪'
(ખ)	{ ૬°-૩૪' ઓછાવાળા આંકનો R A M C તથા રાશિ અંશ }	૧૪૪°-૪૭'-૫૪"	♏ ૨૪°-૫૪'
	કોઠાનો R A M C ફરક	૪°-૩૯'-૩૪"	૪°-૨૧'

હવે અગીયારમા ભુવનના આગલા મેળવેલા R A M C ૧૪૭°-૩૬' ને (ક) ના મેળવેલા આંક ૧૪૯°-૨૭'-૨૮" માંથી બાદ કરો એટલે ફરક આવશે જેમ કે—

૧૪૯°-૨૭'-૨૮"
૧૪૭°—૩૬'—૦"

ફરક આવ્યો ૧°-૫૧'-૨૮"

હવે સ્પષ્ટ અગીયારમું ભુવન મેળવવા ત્રિરાશિ માંડો કે ૪°–૩૯'–૩૪": ૧°--૫૨'–૨૮" : : ૪°–૨૧'=જવાબ ૧°–૪૪' આવ્યો.

હવે એને (ક) નો R A M C ૧૪૯°–૨૭'--૨૮" નો જે રાશિ અંશ ♍ ૨૯°–૧૫' છે તેનાંથી બાદ કરો (કારણ કે તે કોઠા F નો વધુવાળા આંકનો રાશિ અંશ છે) એટલે અગીયારમા ભુવનનું સ્પષ્ટ રાશિ અંશ વૃશ્ચિક ♏ ૨૭°–૩૧' થયું.

૧૬ સ્પષ્ટ ૩ જું ભુવન.

જન્મનો R A M C	૨૮૭°–૩૬'
૩ જા ભુવન માટે ઉમેરવા	૬૦°—૦'
મેળવેલો R A M C	૨૬૭°–૩૬'

હવે હરેક ગણિત ૧૧ મા ભુવન માટે જેમ કર્યું તેમ કરવું.

(ક) ૭° નો R A M C	૨૬૭°–૪૯'	રાશિ અંશ
૬° નો R A M C	૨૬૭°–૪૮'	♓ ૨૭°–૩૦'
	૦°—૧'	

હવે જો ૬૦' મિનિટમાં (૬° ને ૭° ડીગ્રી વચ્ચે ફરક એક ડીગ્રીનો છે એટલે ૧ ડીગ્રીની મિનિટ ૬૦) ફક્ત ૧' મિનિટનો વધારો કરે તો ૩૪' મિનિટે ફક્ત ૩૪" સેકન્ડનો ફરક આવશે. હવે એ ૩૪" સેકન્ડને ૬° અંશવાળા કોઠાના R A M C ૨૬૭°–૪૮' માં ઉમેરો તો R A M C તથા રાશિ અંશ ૨૬૭°–૪૮'–૩૪" રાશિ મીન ♓ ૨૭°–૩૦' એ આંક તથા રાશિ અંશ (ક) ને લગતા થયા.

હવે ત્રીજા ભુવનમાં મેળવેલા આગલા R A M C ૨૬૭°–૩૬' ના કોઠામાંથી (ખ) ને લગતો આંક મેળવો.

(ખ) ૭° નો R A M C	૨૬૫°–૩૮'	રાશિ અંશ
૬° નો R A M C	૨૬૫°–૩૫'	♓ ૨૪°–૫૮'
	૦°--૩'	

હવે જો ૬૦' મિનિટમાં ૩' નો ફરક તો ૩૪' મિનિટમાં કેટલો, જવાબ ૦°–૧'–૪૨". હવે (ક) માંથી (ખ) ન બાદ કરો.

ક	૯°–૩૪′ વાળા આંકનો R A M C તથા રાશિ અંશ	૨૬૭°–૪૮′–૩૪″ ♓ ૨૭°–૩૦′
ખ	૯°–૩૪′ નો ઓછા વાળા આંક નો R A M C તથા રાશિ અંશ	૨૬૫°-૩૬′–૪૨″ ♓ ૨૪°–૫૮′

કોઠાનો R A M C ફરક ૨°-૧૧′-૫૨″ ૨°–૩૨′

હવે ત્રીજા ભુવન માટે આપણે મેળવેલા R A M C ૨૬૭°–૩૬′ ને ક ના મેળવેલા આંક ૨૬૭°–૪૮′–૩૪″ માંથી બાદ કરો એટલે ફરક ૦°–૧૨′-૩૪″ આવશે.

હવે ત્રિરાશિ સ્પષ્ટ ત્રીજું ભુવન મેળવવાને માંડો જેમ કે:—

૨°–૧૧′–૫૨″ : ૧૨–૩૪″ : : ૨°–૩૨′= ૦°--૧૫′

હવેની મેળવેલી રાશિ અંશમાંથી ૦°–૧૫′ બાદ કરો એટલે ત્રીજું ભુવન સ્પષ્ટ મીન રાશિ ♓ ૨૭°–૧૫′ નું થયું.

હવે બાર ભુવનવાળી ગોળાકાર કુંડળી પાડી તેમાં ઉપર મેળવેલા જન્મ લગ્ન તથા દશમભાવ અને ૨ જા ૩ જા તથા ૧૧ મા બારમા ભુવનોના જે કશો સ્પષ્ટ મેળવેલા છે, તે બરોબર માંડવા અને તેમાં હવે પછી ગણેલા સ્પષ્ટ ગ્રહો પોતપોતાની રાશિ તથા અંશના બળ પ્રમાણે જ ગોઠવવા. જેમ કે આપણી હાલમાં ગણેલ કુંડળીના પહેલા ભુવન યાને જન્મ લગનના કશ ઉપર મકર રાશિ ♑ ૧૮°–૧′ આવેલી છે, હવે તા. ૨૬ મી ડીસેમ્બર ૧૯૬૧ ના ૭–૩૩ સવાર જન્મ ટાઇમને ગ્રીનીચ ટાઇમમાં ફેરવી મેળવેલો સ્પષ્ટ રવિ મકર રાશિનો ☉ ♑ ૪°–૨૩′ છે. હવે જન્મ લગ્નનો કશ કે જે મકર રાશિનો ♑ ૧૮°–૧′ નો છે, તેના કરતાં રવિની અંશ કળા ઓછી છે જેથી રવિને લગ્ને નહી બેસાડતાં બારમા ભુવનમાં જન્મ લગ્નના કશ તરફથી નોંધવો. એ પ્રમાણે અત્રે જે સ્પષ્ટ કુંડળીનું ચિત્ર આપ્યું છે, તે પ્રમાણે ભુવનોના કશો તથા ગ્રહોની રાશિ અંશ માંડવા અને તેની સાથે તેઓની એક બીજા સાથની દૃષ્ટિઓ યાને ઍસ્પેક્ટ્સોનો જે કોઠો આપેલો છે, તે પ્રમાણે માંડવી એટલે અંગ્રેજી રૂઢિ પ્રમાણેનો તુલોતવીલ ટપકો યાને જન્મનો હૉરોસ્કોપ થયો. (જુવો કુંડળી H).

૧૭ સ્પષ્ટ ગ્રહ ગણિત.

અંગ્રેજી રૂઢિ પ્રમાણે સ્પષ્ટ લગ્ન અને ભુવનો જેમ મેળવ્યાં તેમ ગ્રહ મેળવવાની પણ ઘણી રૂઢિ છે, પણ જ્યાં સ્પષ્ટ મેળવવું હોય ત્યાં ત્રિરાશિથી તુસ્રોતવીલ અંશ કળા વિકળા મેળવવાં અને સાધારણ કાર્ય માટે તો પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજીના ૪૯ મા પાને ગણિત કરી લૉગેરીથમથી જેમ ગ્રહ મેળવ્યા છે, તેમ સ્પષ્ટ ગ્રહને લગોલગ ચોખ્ખા ગ્રહ મેળવી શકાય તેમ છે, અને દરેક બાબદમાં તેવી રીતે ગણેલું ઉપયોગી અને સહેલ થઇ પડે છે, તે છતાં જો ઘણા સ્પષ્ટ ગ્રહ અંશ કળા વિકળા સુદ્ધાંના જોઇતા હોય તો ગ્રહની દરરોજની ચાલની ગતિ કે જે એફીમરીમાંથી આગલા દિવસના ગ્રહના અંશ, જોઇતા દિવસમાંથી બાદ કરવાથી ૨૪ કલાકની મળે છે, તે ગતિના પ્રમાણમાં જન્મના વખતના પ્રમાણ પ્રમાણે ત્રિરાશિથી મેળવી લેવા.

૧૮ લૉગેરીથમ (Logarithm.)

લૉગેરીથમ (Logarithm proportion) ને લગતો કોઠો નંબર G અત્રે આપેલો છે. એ કોઠામાં મથાળે માંડેલા આંક ડીગ્રી અથવા કલાક સમજવા. પહેલું કૉલમ જે ઉપર મિનિટ શબ્દ લખેલો છે, તેને મિનિટ અથવા કલાક સમજવા. લૉગેરીથમ વાપરવાની રીત એ છે કે જેટલા કલાક મિનિટને લગતો આંક જોઇતો હોય તેટલા કલાક (યાને કોઠા G માં ઉપર લખેલા આંકડા) અને મિનિટ (યાને કોઠા G ની ડાબી બાજુના પહેલા કૉલમના આંકડા) નાં કૉલમો જ્યાં મેળાપ કરે ત્યાં જે આંકડો હોય તે લેવો. એ પ્રમાણે વખત તથા ગ્રહની ૨૪ કલાકની ગતિ એ બેના આંક મેળવી તેનો સરવાળો કરવો, અને પછી તે સરવાળો એ જ લૉગેરીથમના કોઠા G માં કયા અંકમાં સમાય છે તે શોધી કાઢવું અને તેને મથાળે જે નંબર આવે તે ડીગ્રી અથવા કલાક જાણવા અને તેની ડાબી લાઇનમાં નાકે જે આંક આવે તે મિનિટ સમજવી. હવે સેકન્ડ માટે જાણવું કે અંગ્રેજી શાસ્ત્રમાં ગ્રહ ગણિતમાં જો ૩૦ સેકન્ડ કરતાં વધુ સેકન્ડ હોય તો તેને એક મિનિટ ગણી લેવી અને જો ઓછી હોય તો સેકન્ડોને પડતી મૂકવી. ગ્રહ ગણવા માટે વખત તથા ગતિનો સરવાળો કરવો ને તેનો જે જવાબ અંશ કળામાં આવે, તે જન્મ દિવસના એફીમરી માંહેલા બપોરના ગ્રીનીચ મધ્યાન

કાળના ગ્રહમાં ઉમેરી દેવો, એટલે જન્મ વખતનો સ્પષ્ટ ગ્રહ થશે. પણ જો ગ્રહ વક્રી હોય તો ઉમેરવાને બદલે બાદ કરવો. હવે આપણે તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ નો મુંબઇ ટાઇમ જન્મ ૭-૩૩ નો છે તેને લગતા ગ્રહ નીચે પ્રમાણે ગણવા. જેમ કે:—

જન્મના સ્પષ્ટ ગ્રહ ગ્રીનીચ ટાઇમ પ્રમાણે જ ગણવા. હવે આપણો ટાઇમ તો મુંબઇનો લોકલ ટાઇમ છે, માટે પહેલાં મુંબઇના લોકલ ટાઇમને ગ્રીનીચ ટાઇમમાં ફેરવવાની જરૂર છે. જેમ કે:—

દાખલો:—જન્મના લોકલ ટાઇમમાંથી ઇકવેશનનો ટાઇમ (યાને સાઇડ્રીયલ ટાઇમ તથા જન્મના મુલકમાં મધ્યાન થતાં સૂર્યના વખત વચ્ચેનો ફરક) બાદ કરવો, એટલે મીન લોકલ ટાઇમ થશે. પછી તે મીન લોકલ ટાઇમમાંથી જન્મ દેશની લૉંજીટયુડ પ્રમાણેનો ટાઇમ જેટલા કલાક મિનિટ આગળ કે પાછળ ગ્રીનીચ લૉંજીટયુડના ટાઇમ કરતાં હોય, તેટલો પૂર્વ મુલક હોય તો બાદ કરવો, અને પશ્ચિમ મુલક હોય તો ઉમેરવો. જે જવાબ આવે તે મીન ગ્રીનીચ ટાઇમ જાણવો, અને તે ટાઇમ પ્રમાણે જ વિલાયતી પંચાંગ યાને એફીમરીમાંથી ગ્રહ ગણિત કરવું. જેમ કે:—

	ક. મિ. સે.
જન્મનો લોકલ ટાઇમ	૭—૩૩—૦
ઇકવેશનનો ટાઇમ બાદ	૦—૦—૫૬
મીન લોકલ ટાઇમ જન્મનો.	૭—૩૨—૪
જન્મ ભૂમિ ને ગ્રીનીચ ટાઇમનો લૉંજીટયુડ પ્રમાણેનો ફરક પૂર્વ હોવાથી બાદ	૪-૫૧-૧૬
જન્મ વખતે ગ્રીનીચ મીન ટાઇમ થયો	૨—૪૦—૪૮

આ ઉપલી વિગત પ્રમાણે ગ્રીનીચ મીન ટાઇમ મેળવીને ગ્રહ ગણવા. જેમ કે:—

તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ જન્મ શોધેલા ગ્રીનીચ મીન ટાઇમ ૨ ક. ૪૦ મિ. ૪૮ સે. પ્રમાણે રવિના જન્મ વખતમાં સ્પષ્ટ રાશિ અંશ મેળવવા.

હવે એફીમરીમાં દરરોજના બપોરના મધ્યાન વખતના ગ્રહોના રાશિ અંશ આપે છે. ૧૮૬૧ ની એફીમરીમાં તારીખ ૨૬ મી ડીસેમ્બરે રવિ મધ્યાન કાળે ૪°–૪૬′–૨૪″ મકર રાશિનો છે, અને તા. ૨૫ મી એ ૩°–૪૫′–૧૪″ મકર રાશિનો છે, તે બાદ કરતાં ૨૪ કલાકની રવિની ગતિ ૧°–૧′–૦″ થઇ.

હવે ગ્રીનીચ મીન ટાઇમ જન્મનો શોધેલો ૨ ક.–૪૦ મિ.–૪૮ સે. છે, જે સવારનો હોવાથી બપોરના બાર વાગતામાંથી બાદ કરતાં, ૯ ક.–૧૯ મિ.–૧૨ સે. નો ફરક છે.

હવે લૉગેરીથમના કોઠા G પ્રમાણે રવિની ગતિ ૧°–૧′–૦″ છે. હવે કોઠાના મથાળે બીજા કૉલમમાં ૧ ડીગ્રીનો આંક છે, અને કોઠાની ડાબી બાજુના પહેલા કૉલમની બીજી લીંટીમાં ૧ મિનિટ છે, એ બન્નેની વચ્ચે લૉગેરીથમનો આંક ૧.૩૮૦૨ છે.

એ જ પ્રમાણે વખતનો આંક લૉગેરીથમના કોઠા G માંથી મેળવો. જેમ કેઃ—૯ ક. ૧૯ મિ. ૧૨ સે. નો આંક મેળવવો છે. હવે બાર સેકન્ડ ૩૦ સેકન્ડ કરતાં ઓછી છે માટે છોડી દેવી. જો ૩૦ થી વધુ હોત તો એક મિનિટ ગણી લત. હવે કોઠાના ઉપલા કૉલમમાં ૯ ના આંક હેઠળ ઉભી લાઇનમાં અને કોઠાના ૧ લા કૉલમ માંહેલા ૧૯ મિનિટ વાળા આંકની આડી લાઇનમાં, જ્યાં એ બેઉ લાઇનો મળે છે ત્યાં લૉગેરીથમનો આંક .૪૧૦૯ છે. એ બેઉ લૉગેરીથમના આંકને ઉમેરી દ્યો. જેમ કેઃ—

	લૉગેરીથમ
જન્મ અને મધ્યાન બાર વાગતા વચ્ચેના કલાકનો વખત }	.૪૧૦૯
૨૪ કલાકની ગ્રહની ગતિ	૧.૩૮૦૨
જવાબ ૨૩ મિનિટ=લૉગેરીથમ આંક	૧.૭૯૧૧

હવે એ આંક ૧.૭૯૧૧ કોઠા G માં કયાં સમાય છે તે શોધતાં માલમ પડશે કે કોઠામાં ૧.૭૯૬૬ વાળો આંક છે તેમાં સમાય છે, કે જે આંકને મથાળે 0° પૂર્ણ અંશ કલાક છે, અને મિનિટવાળા પહેલા કૉલમની આડી લાઇનમાં ૨૩ મિનિટનો આંક છે, એટલે જવાબ ૨૩ મિનિટ જાણવો.

હવે રાવ એફીમરીમાં તા. ૨૬ મી ડીસેમ્બરને દિવસે બપોરના મધ્યાન બાર વાગે ૪°-૪૬'-૨૪" ♑ મકર રાશિનો છે, જેમાંથી 0° ૨૩'-૦" બાદ કરતાં (કારણ કે બાર વાગ્યાની આગમચનો ટાઇમ છે માટે બાદ કરવા, બાર પછીનો ટાઇમ હોય તો ઉમેરવા) તારીખ ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ના ગ્રીનીચ મીન ટાઈમ જન્મ પ્રમાણે જન્મભૂમિમાં રવિ મકર રાશિનો ૪ અંશ ૨૩ કલાકનો થયો, જે અંગ્રેજી પ્રમાણે (☉ ♑ ૪°-૨૩') આવી રીતે લખવો.

નોંધ:—હવે એ જ પ્રમાણે બીજા બધા ગ્રહોનું ગણિત કરવું, જેમ કરવાથી ગ્રહો સર્વે નીચે પ્રમાણેના રાશિ અંશના આવશે. જગ્યાની તંગાઈ અર્થે દરેક ગ્રહનું ગણિત છુટું અત્રે કરવાની જરૂર વિચારી નથી, કારણ અત્રે દર્શાવેલ ગ્રહ ગણિત એટલું તો સહેલ છે, કે એક સાધારણ સરવાળા બાદબાકી જાણનારો પણ પોતે તે પ્રમાણે કરી શકે તેમ છે, કારણ સર્વે બાબત ઘણી જ સહેલ બનાવવાની મેં કાળજી રાખી છે, અને મારી નિષ્ઠા હીંદુ જ્યોતિષીઓનું એ ગણિત તરફ ધ્યાન ખેંચી તેમને પશ્ચિમના શાસ્ત્રથી પુરા માહિત કરવાનો છે, નહી કે કોઈ બાબદ ભેદમાં રાખી નજીવી બાબદોને મોટું રૂપ આપી સત્યને પાછળ પડવા દેવું. આ તકે હું હીંદી જ્યોતિષીઓને આગ્રહ કરૂં છું, કે ગમે તેવા તમારા સ્પષ્ટ ગ્રહ ગણિત છતાં, તમારા વરતારાઓ ખોટા ઠરે છે, અને લોકોને ફળાદેશ તમે હાલ સંભળાવો છો, તે ફક્ત **ભાવ ફળમાં** જ ખરૂં પડે છે, તથા મંગળ, શનિ, કે ગુરૂની ટ્રાંઝીટ, જન્મ કાળના જે જે ભુવને ફરે છે, તે તે ભુવનને લગતું રૂડું કે નેષ્ટ ફળ સેજ સાજ ભાવફળને આધારે ખરૂં પડે છે, પણ પશ્ચિમ મુલકના વિદ્વાન જ્યોતિષીઓ કે જે આજે એ વિદ્યામાં સત્તા સાથે લગોલગ સત્ય ફળ સેંકડે ૯૦ ટકા જે જાહેર કરે છે, તે આજ ગ્રહ ગણિત મારફતે થાય છે, અને તેના જુગોનો જુદે જુદે વખતે ફળ આપવાનો ચોક્કસ ટાઇમ જે ગણી કાઢવામાં આવે છે, જે વખતનું ગણિત મારી "પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી પાને ૨૧૦ માં આપ્યું છે. જેઓ સત્યમાર્ગી-સત્યના શોધક હોય, તેઓ પોતાનાં હીંદી જ્યોતિષની સાથે હાલનું આ અંગ્રેજી રૂઢિ જ્યોતિષ સરખામણીમાં મૂકી, જે સત્ય બાબદ હોય તેને ખુલ્લી જાહેર કરી સત્યનો વધારો કરશે, એવી આશા છે."

તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ મુંબઇ ટાઇમ જન્મ ૭ ક. ૩૩ મિ. સવારનો=ગ્રીનીચ મીન ટાઇમ ૨ ક. ૪૦ મિ. ૪૮ સે. પ્રમાણે સર્વે ગ્રહો નીચે પ્રમાણે રાશિ અંશના હતાઃ—

ગ્રહ.		રાશિ.	અંશ.	કલાક.
રવિ	☉	♑	૪°	૨૩
ચંદ્ર	☽	♎	૨૦	૨૩
બુધ	☿	♐	૨૪	૩૬
શુક્ર	♀	♒	૨૧	૧૫
મંગળ	♂	♏	૨૨	૩૧
ગુરૂ	♃	♍	૨૭	૦
શનિ	♄	♍	૨૨	૩૯
હર્શલ	♅	II	૧૩	૩૪ B, વક્રી
નેપ્ચ્યુન	♆	♓	૨૮	૫૪
રાહુ	☊	♑	૪	૨૪ B, વક્રી

હવે એ ગ્રહોને કુડળીમાં (આકૃતિ H) ગોઠવવા તથા તેના ઍસ્પેક્ટસો માંડવા. હમેશાં ગ્રહ તથા તેની રાશિ અને ઍસ્પેક્ટસો **તેમની નીચે આપેલી નિશાનીઓથી જ લખવા તથા પીછાણવા. એ માટે ગ્રહોની નિશાનીઓનો પક્કો અભ્યાસ કરવો.**

૧૯ સ્પષ્ટ ગ્રહ ડેકલીનેશન.

હવે ગ્રહનાં ડેકલીનેશન પણ ગ્રહના સ્પષ્ટ ગણિત પ્રમાણે જ લૉગેરીથમના કોષ્ટક પ્રમાણે ગણી કાઢવાં. ડેકલીનેશન જાણવાથી ગ્રહો એક બીજાને પૅરેલલ યાને લૅટીટયુડનાં લગોલગ એકે અંશે થાય છે કે નહી તે જાણવાની જરૂર છે, કારણ કે પૅરેલલ ઍસ્પેકટસ ગ્રહોનાં કજંકશન કરતાં પણ વધુ મજબુત અસર કરે છે. રવિની લૅટીટયુડ હોતી નથી, પણ બીજા ગ્રહોની લૅટીટયુડ હોય છે જે દર વરસની એફીમરીમાં આપેલી હોય છે. હવે ગ્રહોની લૅટીટયુડનાં રાશિ અંશ પ્રમાણે જેમ લૉગેરીથમથી સ્પષ્ટ ગણિત કરીએ તે પ્રમાણે લૅટીટયુડ ડેકલીનેશન પણ સ્પષ્ટ કરવી. જેમ કે તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ને દિને જન્મ

વખતે દરેક ગ્રહોની ડેકલીનેશન શું હતી તે જાણવું જરૂરનું છે. હવે ચોકસ ગ્રહો ઘણી જ ધીમી ચાલના છે, જેથી તેમની ડેકલીનેશન દિવસો સુધી એકની એક જ રહે છે, જેમ કે નેપ્ચ્યુન ગ્રહ ૨૪ કલાકે ફક્ત ચારથી સાત સેકન્ડ યાને વિકળા જેટલો ડીકલાઇન થાય છે, માટે એફીમરીમાં તેનું જે ડેકલીનેશન હોય તે જ જાણવું. એ જ પ્રમાણે હર્શલ ગ્રહ ઘણું કરીને ૩૦ સેકન્ડ જેટલો ચોવીસ કલાકમાં ડીકલાઇન થાય છે, માટે તેની પણ અંશાકળા જે હોય તે જ પંચાંગ પ્રમાણે લેવી. એ જ પ્રમાણે શનિ ૨૪ કલાકમાં બે મિનિટ અને ગુરૂ પણ તેમ જ થોડી મિનિટનું ડેકલીનેશન આપે છે, માટે નેપ્ચ્યુન–હર્શલ–શનિ–ગુરૂ એમના ડેકલીનેશનમાં સેજ કાંઈ ઝાઝો ફરક પડતો નથી, માટે તેમની ડેકલીનેશન, એફીમરીમાં જે આપેલી હોય તે જ હૉરોસ્કોપમાં નોંધવી

હવે બીજા ગ્રહો જેવા કે રવિ–ચંદ્ર–બુધ–મંગળ–શુક્ર એમની ચાલ જરા ઝડપી હોવાથી તેમના ડેકલીનેશનમાં વધારે ફરક પડે છે, માટે તે ચોકસ ગણવાની જરૂર છે. મંગળ ઘણું કરીને ૧૪' કળા જેટલો ચાલે છે, માટે મંગળની ગતિ રોજની મેળવીને તે હિસાબે ત્રિરાશિથી ડેકલીનેશન ગણવી. જેમ કેઃ--

તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ના દિને જન્મ વખતે મંગળનું ડેકલીનેશન શું હતું તે નીચે પ્રમાણે ગણવુંઃ--

ડેકલીનેશનની ગતિ મેળવવા માટે એફીમરીમાં જે ડેકલીનેશનના અંશ લખેલા હોય તેની આગલી તારીખના અંશ તેમાંથી બાદ કરી મેળવવી. હવે ૧૮૬૧ ની એફીમરીમાં તા. ૨૬ ને બદલે તા. ૨૮ મી ની ડેકલીનેશન મંગળની ૧૮°-૨૩' S દક્ષિણાયણ લખેલી છે, જેમાંથી તા. ૨૫ મીની બાદ કરતાં, ત્રણ દિવસની ડેકલીનેશન ગતિ ૦°-૩૨' એટલે એક દિવસની ૧૦' કળા થઇ. હવે તા. ૨૫ મીના અંશ કળા ૧૭°–૫૧' S માં ૧૦' કળા ઉમેરી દેતાં તા. ૨૬ મી ડીસેમ્બરે બપોરે મધ્યાન વખતે ૧૮°–૧' S મંગળનું ડેકલીનેશન થયું હવે જન્મનો ટાઇમ ૭ ક.–૩૩ મિ. નો છે તે પ્રમાણે મેળવેલા જન્મ વખતે ગ્રોનીચ મીન ટાઈમ ૨ ક.–૪૦ મિ.–૪૮ સે. નો છે, જે જન્મ ટાઈમમાંથી બાદ કરતાં, બપોરના બાર વાગ્યાની ૯ ક.–૧૯ મિ.–૧૨ સે. જેટલો પાછળ છે. હવે ત્રિરાશિ કરો કે જો ૨૪ કલાકમાં મંગળનું ડેકલીનેશન ૧૦' છે,

તો ૯ ક.-૧૯ મિ.-૧૨ સે. માં કેટલું? જે આવે તે સવારનો ટાઇમ હોવાથી, તા. ૨૫ મીના ડેકલીનેશનમાંથી બાદ કરવું. જેમ કેઃ-

મંગળની ડેકલીનેશન ગતિ ૧૦′ તેનો લૉગેરીથમ ૨. ૧૫૮૪
જન્મ વખત કલાક ૯ ક.-૧૯ મિ.-૧૨ સે. તેનો „ ૦. ૪૧૦૯

૦°-૩′-૫૩″=૨. ૫૬૯૩

લૉગેરીથમના કોઠામાં ઉપલો આંક જોતાં ૦°-૩′-૫૩″ દર્શાવેલ છે, જે તા. ૨૫ મીના ડેકલીનેશન અંશ કલાકમાં ઉમેરતાં ૧૭°-૫૪′-૫૩″ તા. ૨૬ મી ડીસેમ્બર ૧૮૯૧ ના દિવસે જન્મ વખતે મંગળનું ડેકલીનેશન ૧૭°-૫૪′ S દક્ષિણાયન થયું.

એ પ્રમાણે દરેક ગ્રહના ડેકલીનેશન મેળવવા, અને તેના અંશ જો લગોલગ એક સરખા હોય તો, તેના પૅરેલલ ઍસ્પેક્ટ્સ જાણવા અને તે કુંડળીમાં નોંધવા.

એ પ્રમાણે તા ૨૬ મી ડીસેમ્બર ૧૮૯૧ ના દિને જન્મ ટાઇમ ૭ ક. ૩૩ મિ. મુંબઇમાં ગ્રહોની ડેકલીનેશન નીચે પ્રમાણે હતી.

☉ ૨૩° S ૨૨′	♂ ૧૭° S ૫૪′
☽ ૧૨° S ૨૯′	♃ ૨° N ૨૨′
☿ ૨૩° S ૫૮′	♄ ૪° N ૫૦′
♂ ૧૫° S ૪૪′	♅ ૨૨° N ૨૮′

♆ ૧° S ૪૨′

૨૦ કુંડળીની રચના.

હવે (કોઠા નંબર ♓) પ્રમાણે કુંડળોની રચના કરવી અને તેમાં નામ, જન્મની જગ્યા, મુલક, જાતિ, લટીટ્યુડ, લૉંજીટ્યુડ, જન્મનો ટાઇમ, ઇષ્ટ ઘટી વિગેરે હરેક બાબદો લખવી, તથા આકૃતિ પ્રમાણેની કુંડળી પાડવી, અને તેમાં જણાવ્યા પ્રમાણે કુંડળીના ડાબા હાથથી જન્મ લગ્ન માંડવું, તથા દરેક ભુવનોના કસ લીંટી દોરીને પાડેલા છે, તેમને લગતી રાશિ તેની અંશ-કળા સાથે માંડવી. કેન્દ્રસ્થાનો ને ડબલ લીંટીથી તેના કસો દેખાડેલા છે. વળી ગ્રહ માંડવામાં ઘણી જ ચોકશી રાખવી કારણ કે કેટલીક વખતે ગ્રહો પોતાના રાશિ અંશ બળમાં ઓછા હોય છે. ત્યારે તેઓ પોતાના ભુવનમાં રહેવાને બદલે, એક ભુવન પાછળ રહે છે. જેમ કે રવિ (કોઠો નંબર ♓ જુવો) પોતે મકર રાશિનો ૪°-૨૩′

અંશ-કળાનો છે પણ જન્મ લગ્નનો કસ મકર રાશિનો ૧૮°-૧' નો છે, જેથી રવિ પહેલા ભુવને પડવાને બદલે જન્મ લગ્નની રાશિનો હોવા છતાં પણ અંશબળમાં કમતી રહેવાથી બારમા ભુવને પડ્યો છે, અને જ્યારે જન્મ પછી લગભગ ચઉદ વરસ પસાર થતાં રવિ જન્મ લગ્ને દાખલ થઈ પહેલા ભુવનનું ફળ આપશે. એ પ્રમાણે ગ્રહો ગોઠવવા. હવે એ કુંડળીમાં કર્મેંદુ ⊕ યાને નશીબદેવી, એને લગતું ગણિત કરી તે પ્રમાણે તેના ચોકસ રાશિ અંશે લખવી. એનું ગણિત આગળ આપ્યું છે તે પ્રમાણે ગણવું. હવે એ પ્રમાણે કુંડળી તૈયાર થઈ, કે પછી (કોઠા નંબર K) પ્રમાણે કુંડળીની નીચે ગ્રહ દૃષ્ટિ લખવી, જુવો પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી પાનું ૫૬. એ પ્રમાણે તમામ કુંડળી તૈયાર થયા પછીથી તેનું ફળ પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજીની બુકમાં નીચે પ્રમાણે હરેક ભાવનું ફળ તથા દૃષ્ટિફળ વિગેરે સમજણથી વરતવું. જેમ કે:—

ભાવફળ.

ગ્રહ.	ભુવન.	પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજીનું પાનું.
રવિ	૧૨-૧	૯૪-૯૨
ચંદ્ર	૧૦	૧૦૩
બુધ	૧૨-૧	૧૦૦-૯૮
શુક્ર	૨	૧૮૦
મગળ	૧૧	૯૮
ગુરૂ	૯	૯૬
શનિ	૯	૯૧
હર્શલ	૫-૬	૮૮

પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી મારફતે ફળાદેશ જોવો.

દૃષ્ટિફળ.

ગ્રહોની દૃષ્ટિ			શુભ કે અશુભ	પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજી પાનું.
રવિ	☌	બુધ	શુભ	૧૦૭
રવિ	<	મંગળ	અશુભ	૧૦૭
રવિ	□	ગુરૂ	અશુભ	૧૧૪
ચંદ્ર	✱	બુધ	શુભ	૧૧૨
ચંદ્ર	△	શુક્ર	શુભ	૧૦૯—૧૧૨
ચંદ્ર	⊻	મંગળ	શુભ	૧૧૨
ચંદ્ર	⊻	શનિ	શુભ	૧૧૧
ચંદ્ર	△	હર્શલ	શુભ	૧૧૧
બુધ	☌	રવિ	શુભ	૧૦૭
બુધ	✱	શુક્ર	શુભ	૧૧૨
બુધ	⊻	મંગળ	શુભ	૧૧૨
બુધ	□	ગુરૂ	અશુભ	૧૧૪
બુધ	□	શનિ	અશુભ	૧૧૩
શુક્ર	□	મંગળ	અશુભ	૧૧૪
શુક્ર	⊼	શનિ	અશુભ	૧૧૨
મંગળ	✱	ગુરૂ	શુભ	૧૧૧
મંગળ	✱	શનિ	શુભ	૧૧૧
ગુરૂ	☌	શનિ	શુભ	૧૦૪

એ પ્રમાણે ભાવફળ દૃષ્ટિફળ વિગેરે ચોક્કસ તપાસી રાશિ અંશ અને ભુવનોનાં બળ વિગત પ્રમાણે તેનો વિચાર કરવો.

(૨૧) ⊕ કર્મદુર્ભાગ્ય યાને નશીબદેવી.

આ બાબત ગણિત સાથે પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજીના ૧૪૬ મા પાને સમજાવેલી છે, જે વાંચી લેવી. એને લગતું ગણિત પણ ત્યાં સમજણ સાથે આપેલું છે. એના ગણિતનો સાધારણ કાયદો એ જ કેઃ—

ચંદ્રના અંશ અને જન્મ લગ્નના અંશને રાશિઓ સુદ્ધાં ઉમેરી દેવા, અને તેમાંથી જન્મના રવિના રાશિ અંશ બાદ આપવા, જે વધે તે કર્મદુર્ભાગ યાને નશીબ દેવીનો જોગ સમજવો. જેમ કે તા૦ ૨૬ મી ડીસેમ્બર ૧૮૬૧ ના જન્મ દિવસે આગળ ગણેલી કુંડળીમાંઃ—

	રાશિ.	અંશ.	કળા.
જન્મ લગ્ન	૯	૧૮	૧
જન્મ ચંદ્ર	૬	૨૦	૩
	૧૬	૮	૪
બાદ જન્મનો રવિ.	૯	૪	૨૩
જવાબ	૭	૩	૪૧

જવાબ ૭ રાશિ ૩ અંશ ૪૧ કળા એટલે વૃશ્ચિક **૩°-૪૧** આવી, જે કોઠા નંબર H માં વૃશ્ચિક રાશિની જગ્યાપર નોંધવી.

નોંધઃ-હવે આ ગણિતનું નાનું પુસ્તક મોતને લગતી એક કુંડળી તથા સમજણ વગેરે આપીને અમે સમાપ્ત કરીશું. જો પરમેશ્વરની ઇચ્છા હશે તો થોડા વખતમાં અંગ્રેજી ગ્રહલાઘવ તેના સંપૂર્ણ ગણિત અને કોષ્ટકો સાથનો રચવાનો અમે ઇરાદો રાખ્યો છે, તથા તેનુ કામ હાલમાં ચાલુ છે, જે થોડા વખતમાં પ્રજા સન્મુખ આણવાને કોશેષ કરૂં છું. પ્રિય વાંચક! આ વખતે મારે ખાસ જે ધ્યાન ખેંચવાનું છે, તે એ જ કે મારે મહાભારત ગુરૂમહારાજમાં ખપવું નથી. કારણ કે હું તો એક અભ્યાસી છું. મેં ગણિતો અને રીતો પશ્ચિમ ફીલસુફોની રીત રૂઢિની, આપણા હોંદીવાનોને સવડ પડે તેમ ગોઠવવાની ફક્ત કોશેષ કરી છે. વિદ્યા અને તેની રીત રૂઢિ એ સર્વ મહાન જ્યોતિષ્ શાસ્ત્રીઓ જેવા કે—ઝેડકીલ રાફેલ, ઍલન લીઓ વગેરે પાક્કા ગણિતબાજોની રાહ રસમથી કરી છે. વખતે કયાંય હું ગણિત કરવામાં ચૂકયો હોઉં, તો સુજ્ઞ વાંચક! તારી મહેરબાનીની કલમથી અને વિદ્યાના ભાવથી સુધારી લેવાની મહેરબાની કરી, મારૂં ધ્યાન ખેંચશે તો હું આભારી થઇશ.

મારા પ્રગટ કરેલા ˋકટીકલ ઍસ્ટ્રૉલૉજીના પુસ્તકમાં જે જે બાબદો રહી ગયેલી હતી તે અત્રે મેં ગણિત સાથે સ્પષ્ટ દર્શાવવાની કોશેષ કરી

છે, અને હું ધારૂં છું કે મારૂં પ્રૅકટીકલ ઍસ્ટ્રૉલૉજીનું પુસ્તક અને આ તેને લગતા ગણિતનું બુકલેટ, જ્યોતિષ્ વિદ્યાની તમામ પશ્ચિમ રૂઢિનો સર્વે ખ્યાલ પુરો પાડશે.

(૨૨) મોતનું સાધારણ ગણિત.

આગળ આપેલી તા. ૨૯ મી ડીસેમ્બર ૧૮૬૧ ના જન્મવાળા ગૃહસ્થ હાલમાં હયાત છે, અને પરવરદેગારની રહેમથી હજુ તે બીજાં ઘણાં વર્ષ આ જીવન તંદુરસ્તી સાથે ભોગવી સુખ મેળવે એવી દુવા છે. એ કુંડળીને મોતના ગણિત સાથે જોડવાને એ ગૃહસ્થ મારા અંગત મિત્ર હોવાથી મારૂં દિલ ચાલતું નથી. તેમ જ મરણ દિવસનો નક્કી સિદ્ધાંત મરણની તુલોતવીલ તારીખ મેળવવા માટે એક બીજી કુંડળી અત્રે રજુ કરી છે, જેની આકૃતિની રચનામાં જન્મ પ્રોગ્રેસ અને મરણ એ ત્રણ કુંડળી એક જ ચક્કરમાં સાથે આપી, મરણ દિવસે ઘાત કેમ થઇ, તે સર્વે ઍસ્પેકટો તથા મરણ દિવસ આગમચ પસાર કરેલાં વરસોમાં મરણ કાં ન નીપજ્યું, તે માટેના સિદ્ધાંતો સાથે આપી છે, અને તેમાં જન્મ વખતથી તે મરણ સુધીમાં સારા તેમ જ નેષ્ટ ઍસ્પેકટો જે વખતો-વખત થઈ ગયા છે, તેનો સંપૂર્ણ પુરો ખ્યાલ આવી શકે છે.

હવે મોત માટેનું ગણિત ઘણું જ કઠણ અને ભિન્ન ભિન્ન છે, તથા તેની અંગ્રેજી તેમ જ દેશી હજારો રીતરૂઢિ છે, તથા મોત વરતવાને ઘણા લાંબા વખતની અને લબાણ અનુભવની જરૂર છે. વળી મોતની બાબદમાં હરેક શખ્સના મોતને સીધો અથવા આડકતરો બીજાઓનાં ગ્રહ વાઇબ્રેશન સાથે સંબંધ રહે છે, પણ મુખ્ય કરીને તો ગમે તેવા સંબંધ છતાં, માનવી ખુદ પોતાના જ મોતે મરે છે, યાને જન્મ વખને જે મોતના સીગ્નીફીકેટરો હોય તેઓ જ્યારે તંદુરસ્તી અને દેહ યાને શરીરના સીગ્નીફીકેટરો ભેગા પાપ ગ્રહોના ફાંદામાં ફસે છે. ત્યારે જ મોત થાય છે, એ બાબે અંગ્રેજી વિદ્યામાં એક સાધારણ કાયદો છે કેઃ—

ડાયરેકશન પ્રોગ્રેસ અને તેથી થતી જન્મ લગ્ન, આઠમો ભાવ, છઠ્ઠો ભાવ, ચોથો ભાવ, તથા એ ત્રણે ભાવોની સામેનાં ભુવનો, દેહનો માલેક, અથવા એ ભુવનોએ બેઠેલા ગ્રહો તથા તંદુરસ્તી યાને હાઇલેગનો માલેક જેવા કે ચંદ્ર અને રવિ એ સર્વે જ્યારે એક

બીજાની પાપદૃષ્ટિમાં તથા યુદ્ધમાં નિર્બળ થઈ દબાણમાં આવે તે વખતે મરણ નીપજે છે. યાને જન્મ વખતે જે ગ્રહો મોતના કારણભૂત સીગ્નીફીકેટરો હોય, તે જે વરસના પ્રોગ્રેસ ડાયરેકશનમાં, મોત કરનાર ગ્રહો (Anaretic Planets) થી દબાણમાં આવે તથા તે વરસમાં દૃષ્ટિગોચર થતા ગ્રહોની ટ્રાન્ઝીટ પણ ગંભીર પાપદૃષ્ટિ કરતી હોય, તે દિવસે મરણ નીપજે. જન્મની કુંડળી અને રાશિ ગ્રહ અંશ એ સર્વ માનવીની ઉત્પત્તિ પછી તે શું શું અનુભવશે તે જણાવે છે, જ્યારે પ્રોગ્રેસ અને ડાયરેકશન તે અનુભવ અમુક જાતનો છે અને અમુક વરસે ફળ આપશે તે દર્શાવે છે. જ્યારે ટ્રાન્ઝીટ અને રવિ, ચંદ્ર તે બનાવ બનવાનો મહીનો દિવસ અને કલાક દર્શાવે છે.

મોત વરતવાની બાબતમાં મુખ્ય ઘણી ચીજો જોવાની છે, તેમાં (૧) હાઇલેગની જગ્યા (૨) હાઇલેગનો માલેક (૩) રવિ તથા ચંદ્ર (૪) મોતના ભુવનનો માલેક અને (૫) મોત કરતા ગ્રહો જેવા કે હર્શલ-શનિ-મંગળ અને કેટલીક વખતે રવિ-ચંદ્ર અને બુધ-પણ મોત કરતા છે.

હાઇલેગ યાને તંદુરસ્તીની જગ્યા જન્મ કુંડળીમાં પાંચ ડીગ્રી પહેલાં યાને દેહ ભુવનની ઉપર અને ૨૫ ડીગ્રી પાછળ ઑબ્લીક એસેન્શનથી જાણવી, તથા નવ-દસ-ને અગીયારમું ભુવન પણ હાઇલેગના જગ્યા સમજવી, તેમ જ પાંચ ડીગ્રી ૮ મા ભુવનની ઉપર અને પાંચ ડીગ્રી ૭ મા ભુવનની નીચે પણ હાઇલેગની જગ્યા જાણવી. એ જગ્યાઓ ઉપર ખાસ કરીને મોત થવાના જોગો બને છે, એ સર્વ જગ્યા ઑબ્લીક એસેન્શનથી ગણવી. પૃથ્વીની નીચેનાં ભુવનો કદી પણ હાઇલેગની જગ્યા ગણી શકાય નહિ, અને તે કારણે બારમું-બીજું-ત્રીજું-ચોથું-પાંચમું-છઠ્ઠું અથવા ૮ મું ભુવન હાઇલેગ યાને તંદુરસ્તીનાં ભુવન તરીકે ગણવું નહિ.

હાઇલેગ બાબદ.

હાઇલેગ યાને તંદુરસ્તીનો માલેક ખાસ કરીને રવિ જો દિવસનો જન્મ હોય તો અને હાઇલેગીકલ જગ્યાઓમાં હોય તો, દેહ ભુવન યાને પહેલા ભુવનનો માલેક તથા રાશિ અંશ, અને ચંદ્ર જો રાતનો

જન્મ હોય અને હાઈલેગીકલ જગ્યાઓમાં આવ્યો હોય, જો રવિ અથવા ચંદ્ર ઉપર પ્રમાણે ન રહ્યા હોય, તો જન્મ આગમચની પુનમ વખતે જે ગ્રહ ત્રણગણા બળથી બળવાન હોય તે ગ્રહને તંદુરસ્તીનો માલેક જાણવો, અને જો એવો કોઈ પણ ગ્રહ ન હોય તો અને જન્મ આગમચ ચાંદરાત ગઈ હોય તો જન્મ લગ્નના અંશને તંદુરસ્તીનો માલેક સમજવો. જો ચંદ્ર અને રવિ બેઉ હાઇલેગીકલ જગ્યામાં હોય તો જે બેમાંથી બળવાન હોય તેને તંદુરસ્તીનો માલેક સમજવો. એ પ્રમાણે તંદુરસ્તીની જગ્યા યાને હાઇલેગીકલ જગ્યા અને તંદુરસ્તીનો માલેક યાને હાઇલેગ એ બેઉની પીછાણ કરવી.

૨૪ જીંદગીનો નાશ કરતા ગ્રહો.

ANARETIC PLANETS.

હવે મોત થવાના કારણમાં મુખ્ય કરીને હાઇલેગ જ્યારે પાપગ્રહો જેવા કે હર્શલ, શનિ, મગળ, એવા સાથે પાપદૃષ્ટિ જેવી કે પૅરેલલ, કંજંકશન, સ્કવૅર કે ઑપોઝીશન, અથવા કોઈ પણ પાપદૃષ્ટિ, પોતપોતામાં કરે ત્યારે થાય છે. પણ જો ગુરૂ એવી વખતે કોઈ પણ ઉપલા સીગ્નીફીકેટરને શુભ દૃષ્ટિ કરતો હોય, અથવા તો શુક્રથી ૮ કે ૧૨ ડીગ્રી નજદીકમાં ગુરૂ હોય તો બચાવ થાય, પણ શુક્રની દૃષ્ટિ ગુરૂને સંયુક્ત કરવા જતી જોઇએ. સંયુક્તિ થઈ જવા પછી ૮ કે ૧૨ અંશ હોય તો કંઇ ઝાઝો બચાવ થાય નહી. વળી જ્યારે પાપદૃષ્ટિઓ એક કરતાં અનેક ગ્રહો કરતા હોય અને તેવામાં શુક્ર અને ગુરૂ ઑપોઝીશન અથવા સ્કવૅરમાં આવે અને તે પાપદૃષ્ટિઓની રોમાં વચ્ચે પડે, તો તેવે વખતે પણ જીંદગીનો બચાવ શુક્ર ગુરૂ કરી શકે. વળી હાઇલેગ સાથે જ્યાં લગી પાપ ગ્રહ અથવા મારનારો ગ્રહ એક લૅટીટ્યુડે પૅરેલલ ન થાય તો મોત થાય નહી, અને તેવી જ રીતે જો લૅટીટ્યુડમાં હાઇલેગ અને મારતો ગ્રહ ઘણા તફાવતે રહેલા હોય તો પણ જીંદગીનો બચાવ થાય. જો ઉપર લખવા પ્રમાણે બે જોગ મારતા અને બે જોગ બચાવતા માલમ પડે તો, તેવી વખતે જે બળવાન જોગ હોય તે પ્રમાણે વિચાર કરવો, તથા ગ્રહોની સંખ્યા કરતાં તેઓનાં ઉચ્ચનીચ બળ અને અંશ બળ તથા ભાવબળ તપાસવાં, તથા તેઓ ઓરીએન્ટલ યાને પહેલા ભાવ અને દશમા ભાવની વચ્ચેનાં ભુવનો અથવા ઑકસીડેન્ટલ યાને ૧૦ મા અને ૭ માની

વચ્ચેનાં ભુવનોમાં આવેલાં હોય તે પણ તપાસવાં, તથા રવિ થકી મારતા. ગ્રહો ઓરીએન્ટલ કે ઑકસીડેન્ટલ છે કે કેમ તે તપાસવા. કોઇ પણ ગ્રહ રવિના દૃષ્ટિની અંદર હોય, તો તે ગ્રહને મારવા કે બચાવવાને જરા પણ પાવર રહેતો નથી, સીવાય કે જો ચંદ્ર હાઇલેગ થયો હોય અને રવિની જગ્યા ચંદ્ર અને પાપગ્રહની ભેગી પાપદૃષ્ટિથી મહાત થતો હોય, અને શુક્ર તથા ગુરૂની શુભ દૃષ્ટિ નહી મળતી હોય, તો જાણવું કે મોત થશે. ઉપલી વિગતો ઘણા જ ધ્યાનથી તપાસવાની જરૂર છે, કારણ કે કેટલીક વખતે જો ચંદ્ર હાઇલેગ નહી થતો હોય, તો પણ રવિ પોતે શનિ–હર્શલ–કે મંગળની પાપદૃષ્ટિમાં ચાલુ આવ્યા જ કરે અને ગુરૂ શુક્ર જો તેને મદદ કરી છુટો નહી કરે તો રવિ પોતે મોત કરનારો થાય.

રિષ્ટ કરનારા તથા રિષ્ટ તોડનારા યોગો.

૧. જો હાઇલેગ બળવાન હોય અને શનિ–હર્શલ–કે–મંગળની પાપદૃષ્ટિમાં નહી હોય, તથા હાઇલેગની જગ્યાઓ બળવાન હોય તેના પ્રમાણમાં જીંદગોની જોત બળવાન કે નબળી સમજવી.

૨. જો હાઇલેગ પાપદૃષ્ટિમાં દબાયેલો હોય અને રવિ અથવા ચંદ્ર કેન્દ્રસ્થાનમાં હોય અને તેઓ માંહેલા એક સાથે પણ પાપગ્રહ કંજંકશનમાં હોય, અથવા પાપગ્રહો રવિ અને ચંદ્રની વચ્ચે સરખે છેટે પડેલા હોય અને શુભ ગ્રહની મદદ નહી હોય, રવિ અથવા ચંદ્રની રાશિના માલેક શનિ–મંગળ–કે હર્શલથી દબાયેલા હોય તો જીંદગીનો અંત લાવે.

૩. એ જ પ્રમાણે એક પાપગ્રહ એક્કી વખતે જન્મે રવિ તથા ચંદ્ર બેઉને પાપદૃષ્ટિ એક્કી વખતે કરતો હોય અને શુભ દૃષ્ટિને શુભ ગ્રહની મદદ નહી હોય તો મોત થાય.

૪. જો જન્મ લગ્ન, રવિ અને ચંદ્ર એક્કી વખતે પાપ દૃષ્ટિમાં આવે, અને હાઇલેગને શુભ ગ્રહની દૃષ્ટિ નહી હોય અથવા શુભ ગ્રહ ગુરૂ પાપગ્રહથી ૧૨ અંશે અથવા શુભ ગ્રહ શુક્ર પાપગ્રહથી ૮ અંશે નજદીકમાં નહી હોય તો મોત થાય.

૫. પુનમનો જન્મ હોય અને તે વખતે વળી પાપ ગ્રહો પણ એક બીજાની સામે ઑપોઝીશનમાં હોય અને વળી પાપગ્રહો રવિ

ચંદ્રને સ્કવૅર કરતા હોય તો, ડબલ ઑપોઝીશન થયેલું કહેવાય, અને તે જીંદગીનો નાશ કરે.

૬. જો ડબલ ઑપોઝીશન ઉપર પ્રમાણે થયું હોય અને રવિ અને ચંદ્ર ઑપોઝીશનથી છુટા થઈ અગાડી વધતા હોય, અને રવિ અથવા ચંદ્રથી ગુરૂ કે શુક્ર અગાડી વધેલા પણ નજદીકમાં હોય તો જીંદગીનો સ્હેજ બચાવ થાય, પણ તબીયત નબળી જ રહે, અને જ્યારે પાપગ્રહની પાપદૃષ્ટિ પ્રબળ થાય, અને હાઇલેગ પાપદૃષ્ટિમાં આવે ત્યારે મોત થાય.

૭. મંગળ જ્યારે રવિની પાછળ અને શનિ જ્યારે ચંદ્રની પાછળ થાય છે, ત્યારે ખુની બનીને મારે છે યાને શુભ જોગમાં પણ મારે છે.

૮. જન્મે રવિ ચંદ્ર પાપદૃષ્ટિમાં હોય, અને હાઇલેગ બળવાન નહી હોય, તથા ગુરૂ અને શુક્ર પાપદૃષ્ટિમાં ફસેલા હોય, શનિ-મંગળ કે હર્શલ, રવિ અથવા ચંદ્રની જગ્યાના માલેક હોય અને તેઓને પાપદૃષ્ટિ કરતા હોય, તો લગભગ જન્મ પછી પાંચ છ વરસની અંદર મોત કરે.

૯. જો કેતુ,—શનિ-મંગળ કે હર્શલની સાથે કંજંકશનમાં ચોથા ભુવને પડયો હોય, અથવા ચંદ્ર રવિ કે મંગળની વચ્ચે સપડાયો હોય અથવા તો શનિ કે મંગળની વચ્ચે સપડાયેલો હોય, અથવા તો હર્શલ અને મંગળની વચ્ચે સપડાયેલો હોય તો ઘણું કરીને તરત મોત કરે.

૧૦. જો હાઇલેગ ગુરૂ કે શુક્રના કંજંકશનમાં હોય તો જીંદગી લાંબી કરે, પણ જો રવિ પોતે હાઇલેગ હોય અને તે ગુરૂ કે શુક્રના કંજંકશનમાં હોય તો તે મોટે ભાગે જીંદગીની જોતને કમતી કરે, અને તેની ગમે તેવી રૂડી દૃષ્ટિ ચંદ્ર, જન્મ લગ્ન, દશમો ભાવ કે પાર્ટ ઑફ ફૅાર્ચ્યુન સાથે થતી હોય તોપણ કાંઈ બચાવ થાય નહી.

૧૧. જન્મ વખતે ગુરૂ અથવા શુક્ર જો ૩૬ અથવા ૪૮ અંશની અંદર હાઇલેગથી હોય તો જીંદગીનો બચાવ કરે.

૧૨. જ્યારે પણ પાપગ્રહના ખવાસવાળા ફીકસ્ડ સ્ટાર યાને નક્ષત્રો શનિ-મંગળ કે હર્શલના કંજંકશનમાં આવે ત્યારે મોત કરે.

૧૩. મોત જ્યારે ઘણાં કારણોની પાપદૃષ્ટિ થાય ત્યારે થાય છે. એટલું યાદ રાખવું કે હાઇલેગ પાપદૃષ્ટિથી મોકળો હોય, તો ગમે તેવી બીજી માંહોમાંહેની પાપદૃષ્ટિ મોત કરી શકતી નથી, પણ ફકત તબીયતને જ નુકશાન કરે છે.

૧૪. જો જન્મ લગ્ન અને હાઇલેગ શુભ દૃષ્ટિમાં હોય, અને જો ગુરૂ–શુક્ર–ચંદ્ર કે બુધ, શુભ દૃષ્ટિ સાથે આઠમા ભુવને પડેલા હોય તો કુદરતી મોતથી મરણ નીપજે.

૧૫. હર્શલ ગ્રહ એકલો મોત કરતો નથી, પણ બીજા ગ્રહોની પાપદૃષ્ટિ સાથે મોત કરવામાં જોડાય છે, તેવે વખતે એકાએક કોઇપણ જાતના અકસ્માતથી અચબુચ મોત કરે છે.

૧૬. નેપચ્યુન જ્યારે જીવન શકિત આપનારા હાઇલેગ સાથે પાપદૃષ્ટિમાં આવે છે ત્યારે મોત કરે છે.

૧૭. રવિ જ્યારે ચંદ્ર કે જન્મ લગ્નનો હાઇલેગ હોય ત્યારે મોત કરવા માટે મગળની માફક અસર કરે છે, અને જો તે વખતે સિંહ રાશિનો હોય તો આગમાં બાળી મારે છે.

એ પ્રમાણે હરેક બાબદ મોત માટે જોઇ તપાસી વિચાર કરવો. અત્રે એક દાખલા તરીકે કુંડળી આપી છે જેમાં જન્મ–પ્રોગ્રેસ–અને ટ્રાનૃઝીટ એ ત્રણે બાબદ સાથે દેખાડી છે. કુંડળીના જન્મવાળા ગૃહસ્થ તા. ૧૭ મી મે ૧૮૮૦ માં જન્મ લઇ વિદ્યાભ્યાસમાં કુશળતા મેળવી, વકીલાતની પરીક્ષાઓ પસાર કરી, પોતાની શેહાદી થવાના થોડા જ દીવસ આગમચ એકાએક બે દિવસની માંદગીમાં ગુજર પામ્યા છે (પરમાત્મા તેઓના આત્માને શાંતિ બક્ષો). મરણ વખતે તેમની ઉમર ફકત ૨૬ વરસની હતી. (જુવો મરણની કુંડળી કોઠો નંબર M.) હવે આ ગૃહસ્થનું મરણ થવાનાં કારણો અને સમજણ નીચે પ્રમાણે સમજવી.

(૨૬) મોતની કુંડળી M નો ખુલાસો.

હવે આ જન્મ કુંડળી છે, જેની ઉપર જ સવળતાને માટે પ્રોગ્રેસ અને તેની ઉપર ત્રીજા વર્તુલમાં મરણની ટ્રાનૃઝીટ ગોઠવી છે. પહેલા

આપણે જન્મમાં તપાસીએ કે કયા કયા ગ્રહો મોત કરનાર છે. હવે મોત માટે આપણે આગળ વાંચી ગયા તેમ જન્મ લગ્ન-હાઈલેગ-રવિ તથા ચંદ્ર-મોતના ભુવનનો માલેક અને મોત કરતા ગ્રહો. હવે આ જન્મ કુંડળી તપાસતાં આપણને આગળ બતાવેલા જોગો પ્રમાણે મોતનું કારણ એ કુંડળીમાં એવું માલમ પડે છે કે:—

દેહ યાને તનુભુવન યાને જન્મ લગ્નનો માલેક બુધ અને રવિ એટલે હરેક મરદની હાઈલેગનો કોસીગ્નીફીકેટર એ બન્ને વરખ રાશિના નવમા ભુવને, કે જે ભુવન પણ હાઇલેગીકલ જગ્યા ગણાય છે ત્યાં જન્મે બેઠા છે; વળી બુધ રવિ જન્મ લગ્નથી ટ્રાઈન દૃષ્ટિ છુટ્ટી કરે છે, એટલે જન્મ વખતે તબીયત સારી ને તન્દુરસ્ત રહે. આઠમા ભુવનનો માલેક મંગળ જન્મ વખતે ૧૧ મા ભુવનમાં નીચનો થઇને પડ્યો છે, તે અકસ્માત્ રીતે મોત કરનારો છે. છઠ્ઠા ભુવનનો માલેક હર્શલ લગ્ને દેહ ભુવનમાં બેઠો છે, એટલે તે ન સમજ પડે તેવાં તનમાં દરદ કે વ્યાધિ અચુક એકાએક ઉપજાવનારો છે. જન્મે મોતના ઘરમાં શનિ નીચનો ગુરૂની સાથે બેઠો છે, અને ચંદ્ર બારમા ભુવને બેસી રવિની સાથે પાપદૃષ્ટિ સ્કવેર ઍસ્પેકટની કરે છે.

વળી શનિ મોતના અષ્ટમ ભુવનમાં નીચનો બેસી મોતના માલેક મંગળ સાથે સ્કવેર ઍસ્પેકટ કરે છે, કે જે મંગળ પણ નીચનો છે. એ પ્રમાણે દરેક બાજુથી જન્મ વખતથી જ રિષ્ટ યોગ ચાલુ લાગેલો છે, પણ ચંદ્ર કે જે મારકેશ સ્થાનમાં હાઇલેગીકલ જગ્યામાં છે, તે જન્મે મોતના માલેકથી આગળ વધી ગયેલો છે, એટલે જન્મે મોત થયું નહી. વળી રવિ તનુભુવનની તંદુરસ્તીનો માલેક પોતે જન્મે મંગળની પાપદૃષ્ટિથી બચેલો છે અને ગુરૂ શુક્રથી મદદ પામેલો છે, જેથી દેહને ટકાવી રાખનારો છે, કારણ કે જન્મ લગ્નના માલેક બુધની સાથે છે. જન્મે જો કે રિષ્ટ યોગ જોરાવર છે જેમ કેઃ—શનિ સ્કવેર મંગળ-ગુરૂ સ્કવેર મંગળ, રવિ સ્કવેર ચંદ્ર-શુક્ર સ્કવેર ચંદ્ર-બુધ સ્કવેર મંગળ, યાને મોતના માલેકથી સર્વે પાપદૃષ્ટિમાં છે, પણ મોતનો માલેક નિર્બળ નીચનો જન્મે છે, તેથી બળહીન થયે, તથા ચંદ્ર આગળ નીકળી નાઠેલો હોવાથી મંગળ મારી શકતો નથી, પણ એ રિષ્ટ યોગ મજબૂત થયેલો હોવાથી પોતાનું કાર્ય આગળ વધતાં કરશે, યાને મોત કરશે. હવે પ્રોગ્રેસ

કુંડળીમાં જન્મના ગ્રહોને દરરોજની ગતિએ એક દિવસ તે એક વરસની બરાબર પ્રમાણ ગણી ચલિત કરતાં, ૨૬ મા વરસના પ્રોગ્રેસમાં બચાવ કરતા ગ્રહો પોતે પાપદૃષ્ટિથી માર ખાય છે, તથા પ્રોગ્રેસના ગ્રહો જન્મના ગ્રહોની સાથ પાપદૃષ્ટિમાં આવે છે. જેમ કે લગ્નનો માલેક યાને તનુ ભુવનનો માલેક બુધ જે બચાવ કરતો હતો, તે ૨૬ મા વર્ષે કર્ક રાશિનો નિર્બળ થઇ પ્રોગ્રેસમાં જન્મના મંગળ પર પડે છે, અને વળી ચંદ્ર જે મંગળથી જન્મે નાસી છુટેલો હતો, તે ૨૬ મે વરસે મંગળ સાથે કંજંકશનમાં આવે છે. વળી બુધ ચંદ્ર જે જન્મે બચાવનારા હતા, તે પ્રોગ્રેસમાં આઠમા ભુવને બેઠેલા શનિ સાથે સ્કવેર કરે છે. વળી મંગળ પોતે નીચ સ્થાનમાંથી બહાર નીકળી જન્મના ચંદ્રની ઉપર કંજંકશનથી માર મારે છે. બચાવ કરનાર જન્મ લગ્ન પણ રવિ અને શુક્રની પ્રોગ્રેસ દૃષ્ટિમાં સ્કવેર થાય છે, એ પ્રમાણે મરણનો ફટકો આ વર્ષમાં જન્મના ચાલુ રિષ્ટ યોગમાં સંપૂર્ણ મદદ આપે છે, એટલે ખુલ્લું નક્કી થાય છે કે આ વર્ષમાં મોત થશે જ અને બચાવ કંઇ નથી; હવે એ મોતનું વર્ષ મળ્યું પણ હજુ મહિનો અને દિવસ મળ્યાં નથી, એટલા માટે ટ્રાંઝીટનો માર કયારે પડશે, તે જોવું જરૂરનું છે. હવે ટ્રાંઝીટ કુંડળી તપાસતાં માલમ પડે છે કે ગુરૂ નિર્બળ દશમા ભુવને પડ્યો છે, અને પોતાના માલેકોની ધન રાશિમાં બેઠેલા મંગળની સામે સાત ભુવનની સપૂર્ણ પાપદૃષ્ટિ કરે છે. વળી ટ્રાંઝીટનો નિર્બળ ગુરૂ જન્મ લગ્નને સ્કવેર કરતો હોવાથી કંઈ પણ મદદ કરી શકતો નથી. ટ્રાંઝીટનો રવિ ટ્રાંઝીટના ચંદ્ર સાથે સ્કવેર કરે છે અને જન્મ ચદ્ર તથા પ્રોગ્રેસના મગળ સાથે કજકશનમાં આવ્યો છે અને વળી ટ્રાંઝીટનો શનિ સંપૂર્ણ પાપદૃષ્ટિથી જન્મના ચંદ્રને મારે છે, પ્રોગ્રેસના મંગળથી યુદ્ધ કરે છે, ને ટ્રાંઝીટના રવિને પણ વક્રી થઈ એકે અંશે પાપદૃષ્ટિ સંપૂર્ણ કરે છે, એટલે મરણ નક્કી થયું. ૨૬ મા વરસની સોલર રેવોલ્યુશન યાને વરસ ફળ પ્રવેશમાં રવિ વરખનો છે, પણ દર મહિને પોતાની રાશિ બદલતાં વરસ બેઠા પછી ચોથે મહિને મારકેશ સ્થાનમાં માર ખાય છે, એટલે મે માસનો જન્મ ને ઑગસ્ટમાં મરણ નક્કી થયું છે. હવે મહિનો નક્કી ઑગસ્ટ આવ્યો; હવે વરસ પ્રવેશમાં ચંદ્ર વૃશ્ચિક રાશિમાં છે, તે પહેલાં મંગળ સાથે કંજંકશન કરવા આગળ વધે છે, અને તેમ કરતાં જન્મના રવિ–શુક્ર–ને બુધને ઑપોઝીશન કરે છે, તથા જન્મલગ્ન અને ટ્રાંઝીટથી લગ્ને આવેલા

ખુદ લગ્નના માલેક બુધ તથા જન્મ લગ્ને પડેલા હર્શલ ગ્રહને સ્કવેર કરે છે, કે જે હર્શલ ગ્રહ ટ્રાંઝીટથી જન્મના મોતના માલેક મંગળ તથા પોગ્રેસમાં જન્મ લગ્નના માલેક બુધ તથા તંદુરસ્તીના માલેક રવિને સંપૂર્ણ સાત ભુવનની પાપદૃષ્ટિ યાને ઑપોઝીશન કરે છે. એ પ્રમાણે ચદ્ર પણ ટ્રાંઝીટમાં મારે છે. આ સર્વે મારતા જોગો સંપૂર્ણ થવા છતાં તા. ૧૭ મી મે ૧૯૦૫ ને દિને ૨૬ મું વરસ બેઠું તે દિવસે પણ આ ગૃહસ્થ જીવતા હતા, અને તેનું કારણ એ કે આગળ જણાવ્યા પ્રમાણે પુરૂષને કાજે રવિ મારકેશ સ્થાનમાં આવી પહોંચ્યો ન હતો, તથા મંગળ કે જે વરસ પ્રવેશમાં વૃશ્ચિક રાશિનો સ્વગૃહી થયો હતો, તે ત્રીજા ભુવને હતો, અને જન્મ લગ્નના કસ સાથે એકે અંશે સ્કવેર થવાને વિલંબ હતો, તથા પોતે જીંદગીના અતના છેલ્લા ભુવન યાને ચોથા ભુવનમાં દાખલ થયેલો ન હતો, તથા પોગ્રેસના રવિ અને શુક્ર તથા ટ્રાંઝીટના ગુરૂની સંપૂર્ણ ઑપોઝીશનમાં આવેલો ન હતો, તેથી વરસ પ્રવેશ થતાં મરણ નીપજ્યું નહી. એ પ્રમાણે સર્વે મોતની તૈયારી થઇ પણ દેહ યાને શરીર અને તંદુરસ્તી હજુ સંકડામણમાં આવી હતી નહી, જે બનાવ ગ્રહ ગણિતથી લગભગ તા. ૨૦ મી ઑગસ્ટે બનવા પામ્યો અને મગળ તે દિવસે જેવો ધનરાશિમાં દાખલ થયો તેવો જ સીક પડયો, અને તે દિવસે ચંદ્ર મોતના ઘરમાં આઠમા ભુવને મેષ રાશિનો હતો, પણ શનિના સપૂર્ણ અંશે નહી થયેલો હોવાથી તથા ગુરૂના કંજંકશનમાં હોવાથી એક દિવસ માંદગીમાં જીવ ટકાવી રાખી, તા. ૨૨ મી ઑગસ્ટે ચંદ્ર ગુરૂના ઑર્બમાંથી આગળ વધ્યો અને રાત્રે નવ વાગતે જન્મના રવિના સંપૂર્ણ અંશે ટ્રાંઝીટ કરી તે વખતે પ્રાણ છોડયો. આ પ્રમાણે આ ગૃહસ્થ પોતાની ભર જવાન વયમાં સ્વર્ગવાસી થયા. હવે માંદગી શા બાબતની હતી, તે જોતાં માલમ પડે છે કે જન્મે છઠ્ઠા ભુવનનો માલેક હર્શલ જન્મ દેહમાં કન્યારાશિનો થઇને પડયો છે તથા ટ્રાંઝીટમાં શાન છઠ્ઠા ભુવને આવેલો છે, એટલે શનિ થકી શરદી લાગવાની અને હર્શલ થકી આંતરડાં અથવા પેટમાં વાયુ અથવા આંકડી આવવાની વ્યાધિ સ્પષ્ટ ખુલ્લી માલુમ પડે છે. એ પ્રમાણે જન્મ કુંડળીમાં દર્શાવેલો મરણના યોગે પોતાનો વખત આવી લાગતાં જ ફટકો માર્યો છે, તે સર્વ બાબત જીજ્ઞાસુ અભ્યાસી (કોઠો નંબર M.) વાળી કુંડળી તથા તેના રાશી અંશોથી થતી ઍસ્પકટસો વગેરે ઉપરથી સ્પષ્ટ સમજી શકે તેમ છે.

૨૭ લગ્ન જોગ.

હવે એ જ કુંડળીમાં લગ્નનો જોગ જે થાય છે તે તપાસીએ. કારણ કે મરનાર ગૃહસ્થ આ માઠો બનાવ બન્યો તે વખતે બે માસમાં પરણનાર હતા. માટે તે બાબતનો જોગ તપાસતાં રવિ શુક્ર જન્મ પછી લગભગ નાની ઉમરે કંજંકશનમાં આવે છે, અને તે વખતે લગ્નનો માલેક ગુરૂ, ટ્રાંઝીટથી રવિ શુક્રના ઑપોઝીશનમાં ૨૦ મા વરસે આવે છે, અને તે વખતે ચંદ્ર પ્રોગ્રેસથી રવિ શુક્રની ઉપર કંજંકશન કરે છે, એટલે તે વખતે પોગ્રેસના રવિ શુક્ર પણ કંજંકશનમાં હોવાથો લગ્નનું સાટું થયેલું હોવું જોઇએ, અને તે કંજંકશન પોતાની સંપૂર્ણતા મેળવ્યા છતાં, લગ્ન ન થયાં તેનું કારણ કે, લગ્નનો માલેક ગુરૂ શનિ સાથે બેઠેલો છે, તે લગ્ન થતાં વિલંબ કરે અને ગુરૂ ટ્રાંઝીટથી ૨૯ મે વરસે રવિ શુક્રના કંજંકશનની જગ્યા પર મેરીડીયનમાં આવે છે. વળી ટ્રાંઝીટમાં શનિ પણ લગ્નના માલેકને શુભ દૃષ્ટિ કરે છે. ટ્રાંઝીટથી ચંદ્ર પણ, જન્મના રવિ શુક્ર તથા દેહના માલેક બુધ સાથે સંયુક્તિમાં છે, અને રવિ શુક્ર પ્રોગ્રેસના મેરીડીયનપર ગુરૂ પોતાની ટ્રાંઝીટ સંપૂર્ણ અસરવાળી કરે અને ચંદ્ર તેમાં આવીને જોડાય ને લગ્ન તે દિવસે થાય, પણ તે આગમચ બીજા જોગો ચંદ્ર સાથે ભારી થઈ પડી આ શુભ કાર્ય બને તેની આગમચ અને ચંદ્ર પોતે ગુરૂની સાથે ટ્રાંઝીટમાં કંજંકશન કરે તે આગમચ મરનાર ગૃહસ્થનું મરણ નીપજવા શાદીનો જોગ સંપૂર્ણ થવા પામ્યો નહી. એ પ્રમાણે મોત અને લગ્નનો જોગ આ કુંડળીમાં ઘણીક રીતે સંપૂર્ણ રીતે સમજી શકાય તેવો છે, તથા આગળ આપેલા કાયદાઓ અને રીત રૂઢિ પ્રમાણે જન્મ ગ્રહ–પ્રોગ્રેસ–અને સોલર રેવોલ્યુશન–તથા ટ્રાંઝીટ એ ચાર બાબત માંહેલા જોગોને સરખાવવાથી હિસાબી ગણિત કર્યા વગર આશરે વરસ, અને ગણિત કરવાથી વરસ–માસ–દિવસ ને કલાક વટીક ઘણીક બાબતોમાં તુલોતવીલ મેળવી શકાય છે, પણ એ માટે લાંબા અનુભવની જરૂર અને બહોળું જ્ઞાન હોવું જોઇએ.

૨૮ નક્ષત્રો અને સ્થૂળ તારા.

આ બાબતનો કેટલોક અભ્યાસ કરવાથી માલમ પડે છે કે હિંદુઓનાં નક્ષત્રો, હજારો વરસ ઉપર બૅબીલોનીયનોના ફીક્સ્ડ તારાને

લગોલગ મળતા આવતા હોય તેમ લાગે છે અને તે પ્રમાણે તેનું શાસ્ત્ર અને બીજી બાબતો હવે પછીના નીકળનારા પુસ્તકમાં આપીશ. પણ હાલમાં થોડીક ઉપયોગી બાબત તથા એને લગતો કોઠો નંબર N. અને કોઠો નંબર P. આપ્યો છે, તે થોડી સમજણ પુરી પાડશે, અને જ્ઞાની અભ્યાસી તેમાંથી ઘણીક બાબતો મેળવી શકશે એમ હું ધારૂં છું.

Asc. યાને જન્મ લગ્ન જ્યારે ફીકસ્ડ સ્ટાર સાથે કંજંકશનમાં આવે તેનું ફળઃ—

Asc. ☌ રીગેલ Rigel ઓરીઅન Orionis આર્કટુરસ Arcturus or North Scale–વારસો આપે, પ્યારમાં નાંખે, ધર્મ થકી કે લડાઇથી પૈસો આપે, લશ્કરી આબરૂ મળે, લોખંડ કામ અને તેવી બનાવટથી પૈસો મળે. આ દૃષ્ટિ લુહાર, ધાતુ ગાળનાર, છરી, સુલીયા બનાવનાર, કારખાનાવાળા, રેલ્વે કૉન્ટ્રાકટર, અને સાંચા કામવાળાને ઘણો ફાયદો કરે.

Asc. ☌ એસીલી Aseelli અથવા કૅપ્રીકૉરનસ Capricornus–તાપ આવે, આંખનો સોજો, જાનવરથી ધાસ્તી, દુશ્મનનું જોર વિગેરે જોખમ કરે, પણ લશ્કરીઓને આફતમાં નાંખીને પણ ઇજ્જત અપાવે, પણ આગ, દારૂગોળો, હથીયાર, દાઝણું એવું ઉપજાવે, એવી વખતે ઠંડકનો ખોરાક ને દવા ચાલુ પીવી.

Asc. ☌ કોર લીયો Cor Leo—આબરૂ, ઇજ્જત, દુશ્મનનો નાશ, કજીયામાં નાંખે, ગરમીની વ્યાધિ કરે.

Asc. ☌ અલદીબૅરન Aldebaron—ફતેહ અને મોટું માનપાન અપાવે.

Asc. ☌ પોલક્ષ Pollux—આબરૂદાર ઓધ્ધો અપાવે, જાહેરાતમાં લાવે, અને જાતિ અકકલ હુશિયારીથી ફાવી નીકળે.

Asc. ☌ રેગ્યુલસ Regulas—આબરૂ અપાવે, પણ માથે લોહી ચઢવાની ધાસ્તી રહે.

Asc. ☌ એરીસ્તા Arista—કે જેને સ્પીકા Spica પણ કહે છે—તુલા રાશિના પાંચમા ડિગ્રી ફેસમાં એ હોય છે, મોટા મોટા સાથે ઓળખાણ કરાવે, ઉમંગીને સારી બુદ્ધિ આપે.

Asc. પેરેપસ યાને બુલ્સ નૉર્થ હૉર્ન Bull's North Horn—આબરૂ વધારે અને મોટા માણસોથી લાગવગ અપાવે.

Asc. ☌ હીરકસ Hircus-ઘણી બહાદુરી ને જોખમનાં કામોમાં ફતેહ આપે, દુશ્મનનો નાશ કરે, પોતાનું કામ કાઢી લેવા લુચ્ચાઈ કરાવે, બેઈજ્જતી અપાવે, પૈસા ઉડાવે, અને લાહ લઈને માગનારને રડાવે.

Asc. ☌ ક્રેટર Crator—પ્રમોશન મળે, ધર્મી હોય, ફતેહ, તંદુરસ્તી-સંતોષ ને સુખ આપે.

Asc. ☌ પ્લીએડઝ Pleades, હેડઝ Hades, કેસટર Castor—જખમ આપે, આંખને નુકશાન કરે, ધારદાર હથીયારથી નુકશાન થાય, અને ઘણું કરી તાપથી મોત લાવે.

Asc. ☌ ડીનેબ Deneb-દુનિયાનું સુખ, પણ ઘણીક વખત દિલગીરી અને અસંતાપ પેદા કરે.

Asc. ☌ મરકબ Markab—તાપથી નુકશાન ખાસ કરીને સ્ત્રીઓને આપે તથા સ્ત્રીઓ ચાલચલણને બગાડે.

Asc. ☌ સીરસ Sirus—તંદુરસ્તી, દોલત, ખાસ કરીને લોખંડ કામ અથવા લશ્કરી નોકરીવાળા ને અથવા લોખંડ ને આતશ સાથે કામ કરનારાઓને લાભ આપે.

Asc. ☌ હાઇડ્રાઝ હાર્ટ Hydra's Heart—ડુબી મરવાનો અથવા જાનવરના ડંખના ઝેરથી મરવાનો ભય કરે.

(૨૯) MC. યાને દશમા ભુવનનો કસ જ્યારે ફીકસ્ડ સ્ટાર સાથે કંજંકશનમાં આવે તેનું ફળ.

Mc. ☌ કોર સ્કોરપીઓ Cor corpio એરીસ્ટા Arista, ઓરીયન Orionis, રીગેલ Rigel અથવા નૉર્થ સ્કેલ North scale-આ સર્વે ફીકસ્ડ તારાઓ ગુરૂ અને મંગળની ખાસીઅતના છે, અને જ્યારે દશમા ભુવનના કશ સાથે કંજંકશનમાં હોય ત્યારે, આબરૂ વધારે, થોડો ઘણો ફાયદો કરે, સરકારી ઓહદેદારો સાથે

સારૂં રખાવે, ધર્મનાં ભાષણ અપાવે, અને જળ મુસાફરીનો શોખ વધારે, લશ્કરી નોકરીમાં હોય તો ફતેહ મળે.

Mc. ☌ અલજેનીબ Algenib, બેલાટ્રીક્સ Bellatrix, બીતેલગસ Betalguse, પ્રોશીયોન Procyon, એન્ટેરીસ Antares–અથવા બુધને મંગળની ખાસીઅતના કોઇ પણ ફીક્સ્ડ તારા સાથે દશમા ભુવનનો કસ કંજંકશનમાં હોય તો, ઘણી જ આફતોમાં નાંખે, દુશ્મનાઇ વધારે, લખાણ પૈઢાણથી કેદખાનું ભોગવે, ખોટી સહી, ફોર્જરી, લાયબલ અને બેઇજ્જતી થાય.

Mc ☌ પ્લીએડ્ઝ Pleaides અથવા લ્યુસીડા પ્લીએદમ Lucida Pleiadum પોલક્ષ Pollux–વિગેરે તારાઓ સાથે દશમાનો કસ જો કજંકશન કરે તો, આંખ નબળી કરે, જખમ કરે, ખુન થાય, મારામારી, કેદખાનું, બોલાચાલી, હુજ્જા તોજી, સ્ત્રી થકી કંઇક ગમખાર, અને ભયંકર જીંદગીનો છેડો લાવે, પણ ફક્ત લશ્કરીઓને ખુનરેજીથી ફતેહ આપે.

Mc. ☌ અલદીબેરન Aldebaron બુલ્સ સાઉથ હૉર્ન Bull's South Horn, કોરલીયો Corleo, આરક્તુરસ Arcturus, સ્પીકા Spica અથવા સીરીયસ Sirius—જો એ ફીક્સ્ડ તારા દશમા ભુવનના કસ સાથે કંજંકશનમાં આવે તો પૈસા મળે, લાભ થાય, અક્કલ હુશિયારી વધે, ધંધામાં ફતેહ, જાહેરાતમાં આવે, ઓવરસીયર અથવા સુપ્રીન્ટેન્ડન્ટના જેવો ઓહદો મળે, પાણી ખાતા-ગૅસખાતા-ગૃહસ્થ માણસોથી આબરૂ, દવાદારૂ અને લશ્કરી ખાતા વિગેરેમાં સારો લાભ આપે.

Mc. ☌ એલગોલ Algol, હાર્ટ ઓફ હાઇડ્રા Heart of Hydra,–વિગેરે તારાઓ સાથે જો દશમું ભુવન કંજંકશન કરે તો, આફત, બેઇજ્જતી, બખેડો, ખુનો, અને ખુનરેજી ને મારામારી અને તે કારણે દેશનિકાલ અથવા ફાંસી મળે.

આ પ્રમાણે સ્થૂળ તારાઓ જે માનવીની જન્મ કુંડળીમાં જન્મે અથવા તો પ્રોગ્રેસથી ખાસ કરીને જન્મ લગ્ન–દશમું ભુવન અથવા રવિ ચંદ્ર સાથે પાંચ અંશ સુધીના વર્તુલમાં કંજંકશન કરે તો, ઉપર પ્રમાણેનાં ફળ આપે. ઘણું કરીને બીજી કોઇ પણ પ્રકારની દૃષ્ટિઓ

સ્થૂળ તારાઓની અસર આપતી નથી; મુખ્ય કરીને કંજંકશન અને તે પણ ફક્ત જન્મ લગ્ન–મેરીડીયન કે રવિ ચંદ્ર સાથે જ અસર કરી શકે છે. બીજું ધ્યાનમાં રાખવું કે, જન્મ લગ્નની લૅટીટયુડ યાને જન્મભૂમિની લૅટીટયુડ કરતાં જો કોઇ પણ સ્થૂળ તારાની લૅટીટયુડ વધારે દૂર હોય તો, તે સ્થૂળ તારો જન્મ લગ્નને કદી પણ અસર કરી કે એૅસ્પેક્ટમાં આવી શકતો નથી.

હવે આગળ ખુલાસામાં સમજાવ્યું તેમ એ ફીકસ્ડ તારો યાને સ્થૂળ તારાઓ આપણાં હીંદી શાસ્ત્રનાં નક્ષત્રો ગણાય છે, જે નક્ષત્રોનો ફળાદેશ તથા સરખામણી અને બીજ ગણિતો એ અમે પ્રગટ કરવા ધારેલા અંગ્રેજી ગ્રહલાઘવના પુસ્તકમાં ખુલાસાવાર આપવાનો વિચાર રાખ્યો છે, તે છતાં અત્રે હરેક સ્થૂળ તારાની લૅટીટયુડ, લૉંજીટયુડ, ડેકલીનેશન, મૅગ્નીટયુડ–રાશિ–આંક–અને ગ્રહ ખવાસો તથા નામો વિગેરે સર્વને લગતો કોઠો નંબર. P. તથા ગુજરાતી નક્ષત્રો ને તેને લગતા અંગ્રેજી ફીકસ્ડ તારાને લગતો કોઠો નમ્બર N. આપ્યો છે, તે ઉપરથી અભ્યાસી પોતાના વિચારો પહોંચાડી અભ્યાસ કરી શકશે.

મરણના વધુ દાખલા.

આ પુસ્તકમાં મરણની એક કુંડળી તુલોતવીલ સમજાવવાની કોશિષ કરી છે, અને બીજા દાખલાઓ નીચે ટાંકયા છે, તેમાં ફક્ત જન્મની તારીખ તથા વખત અને મરણનો દિવસ જણાવ્યો છે, તે પ્રમાણે તેની કુંડળી કાઢીને મરણ માટે જણાવેલા સર્વે કાયદાઓ અને રૂઢિ તેને લાગુ પાડી જીજ્ઞાસુ અભ્યાસી પોતાની ખાત્રી કરી લેશે કે આ વિદ્યા કેટલી સરળ રીતે જન્મથી તે જીંદગીના અંત સુધી ગ્રહોના વાઇબ્રેશન મારફતે જીંદગીની ભરતી ઓટ કરી અંતે નાશ કરે છે.

આ હરેક નીચે ટાંકેલા દાખલા અભ્યાસ કરવા જોગ છે. અત્રે જગ્યાની તંગાશને લીધે આ પુસ્તકમાં વિગતથી તે સમજાવવાને બન્યું નથી પણ જો જીજ્ઞાસુ અભ્યાસી આગળ સમજાવેલ કુંડળી માફક આ નીચે આપેલી કુંડળીઓ ગણિત કરી અભ્યાસ કરશે તો ઘણું જાણવાનું અને શીખવાનું મળશે તથા મહેનત ફોકટ જશે નહી. આ દાખલાઓની જન્મ મરણની તારીખ નીચે પ્રમાણે છે:—

જન્મ.	મરણ.	રીમાર્ક.
તા. ૪-૧૦-૧૮૫૨ ઈસ્ટ ૧૭-૫૬	તા. ૨૩-૯-૧૯૧૦ પાછલી રાત્રે ૩-૩૦	બુજર્ગ ઉમ્મરે લોહી છાપરથી પડી મરણ, મરદ.
તા. ૨૨-૧૨-૧૮૬૫ સવારે ૭ાા	તા. ૫-૧૧-૧૯૧૧	મરદ.
તા. ૬-૧૧-૧૮૭૦ ઈસ્ટ ૨૫-૩૭	તા. ૨૫-૪-૧૯ રાત્રે ૯-૩૦	મરદ, આંતરડાંના ક્ષયના લબાણુ બાટલો ભોગવી મરણ.
તા. ૨૪-૯-૧૮૯૨	તા. ૧૫-૧-૧૯૧૪ રાત્રે પોણાબે	સ્ત્રી સુવાવડમાં, તલ્લી અને હૃદય થકી મરણ.
તા. ૧૧-૧૧-૧૮૮૬ ઈસ્ટ ૩૬-૨	તા. ૨૯-૧-૧૯૧૪ સવારે ૯-૨૦	આ સુવાવડમાં, ઠમણાની બીમારીથી મરણ.

આ ઉપર દર્શાવેલા કોઠામાં લખેલી તારીખોએ અમુક અમુક કારણોથી મરણ નીપજ્યાં તે સર્વે દર્શાવ્યું છે. ફક્ત અભ્યાસીએ કુંડળી બનાવવાની અને જોગ તપાસવાની જ બાકી છે. હવે અનુક્રમે આ ચોપડીમાં વપરાયેલાં તથા "પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી"ના પુસ્તકમાં છાપવાને રહી ગયેલાં સર્વે કોષ્ટકો, ગણિતના કોઠાઓ અને બીજી બાબતો આપી આ પુસ્તક અત્રે સમાપ્ત કરૂં છું.

સમાપ્ત.

દીનશાહ શા. હોમીયારની રચેલી—

"ધી પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી."

(ચાર ભાગમાં કંપ્લીટ.)

આગળ એવી કોઈ પણ સંપૂર્ણ ચોપડી પ્રજા સન્મુખ બાહેર પડી નથી. ઝેડકીલ, એલનલીઓ, અને રાફાએલ, વિગેરે આજના જમાનાના મહાન અંગ્રેજ જ્યોતિષોની રીતરૂઢિ સાથની, ચાર ભાગમાં સંપૂર્ણ, ઈસ્વી સને ૧૮૦૦ થી ૨૦૦૧ નાં પુરાં થતાં બસો વર્ષના ગ્રહોના પંચાંગ સાથે કંપ્લીટ, સાદી ગુજરાતી ભાષામાં, કોઈ પણ જાતના હંબગ, અથવા વિચિત્ર ગણત્રીઓ વગર, તદ્દન સહેલ અને વિદ્વત્તા તથા સચ્ચાઈની સાહદતો સાથની, તદ્દન સાયન્ટીફીક ગણત્રીઓ સાથનું અંગ્રેજી રૂઢિનું, સાયન્ટીફીક જ્યોતિષપુસ્તક.

ધ્યાન રાખજો.

આ પુસ્તક કાંઈ જ્યોતિષી મહારાજોના સંસ્કૃત અને આલંકારિક શ્લોકો, અથવા નો ન માનવામાં આવે એવી દંતકથા નથી, પણ ફક્ત હાલના જમાનામાં જગપ્રસિદ્ધ થયેલા, તથા પૂર્વ અને પશ્ચિમ મુલકોમાં જ્યોતિષવિદ્યાની ઓથોરીટી સમાન જાહેર થયેલા, તથા દુનીયાની મોટી મોટી ઓબઝરવેટરીઓનાં નિપુણ યંત્રોથી ગણત્રી કરનારા, મહાન વિદ્વાનોના ગ્રંથો તથા શિક્ષણોનો અર્ક, ખાસ પારસી, ખોજા, મુસલમાન અને હિન્દુ કેળવાયલી પ્રજાના ઉપયોગને માટે પ્રકટ કરવામાં આવે છે.

આવી તક ફરીથી મળશે નહીં. અંગ્રેજી જ્યોતિષોના વર્તારાઓ કવચિત જ ખોટા પડે છે. ઝેડકીલ એલનલીઓ અને રાફાએલ, જેવા મહાન જ્યોતિષોની સરળ રૂઢિ સંપૂર્ણતાથી શીખવા માટે આ એક જ પુસ્તકની જરૂર છે.

તમારા પૈસા શા માટે ફોકટ ગુમાવો છો?

મોટી મોટી જાહેર ખબરોથી લલચાઈ જઈ ભારી શબ્દો અને આલંકારિક ગણત્રીઓ કરાવવાને તથા લેભાગુ જોશીઓને

શા માટે સકમાઈનાં પૈસા ફેંકી, વહેમમાં પડો છો. જગપ્રસિદ્ધ ઝેડકીલ, ઍલનલીઓ, અને રાફાએલ, જેવા વિદ્વાનોની સરળ અને સહેલ તથા તદ્દન સાયન્ટીફીક રૂઢિ શીખવાને, ફકત રૂપિયા ૩ ખરચી પોતાના, તેમ જ બીજાનાં ભવિષ્યની સંપૂર્ણ ખરી ગણત્રી કરવા ઉપરાંત. ગઈ આખી સદી અને આવતી આખી સદીનું પંચાંગ, કે જેની મારફતે ભૂત તથા ભવિષ્ય કોઇ પણ ઉમ્મર અને કોઈ પણ તારીખના માનવીનું તુરત વર્તી શકાય તે મેળવવાની તક ખોશો નહીં. (પાછળ જુવો.)

ફકત રૂપિયા ૮ માં પૂરા જોશી થશો.

રૂપિયા ૩ ની કીંમતમાં તમને નીચલો જ્ઞાનનો ગંજ મળશે, એ કાંઇ ગુંચવારો ઉપજાવનારૂં અને વખતનો નકામો ગેરઉપયોગ કરાવનારી, અને ભેજાંદુઃખણુ કરવાનું ગણિત કે જ્ઞાન નથી, પણ સરળ ઝટ સમજ પડી જાય, કાંય, કેમ. અને શું! એ ત્રણેનો તાત્કાલિક જવાબ આપવા તદ્દન સહેલું પુસ્તક છે અને તેના નીચે પ્રમાણે ચાર ભાગ છે:—

ભાગ પહેલો "નેટલ" એસ્ટ્રૉલૉજી.

૧. જ્યોતિષવિદ્યાનો ખુલાસો, કારણ અને સત્ય.
૨. રાશીઓની સમજણ, ખવાસ, ખાસીયત, નામ, ગુણદોષ, રૂપરંગ, વિગેરે.
૩. ગ્રહો, તેઓની ખાસીયતો, રીત, ખવાસ, રંગરૂપ, અસરો, વિગેરે સર્વે સમજણ.
૪. દૃષ્ટિ તથા એસપેકટસો, ગ્રહના સંજોગો અને ડીગ્રી વિગેરે, તથા તેઓ વચ્ચે મિત્રતા કે શત્રુ, ઉચ્ચ કે નીચ પ્રમાણુ વિગેરેની સમજણ.
૫. જન્મનો વખત અને ઘડીપળની સમજણ,
૬. જન્મકુંડળી અંગ્રેજી રીત પ્રમાણે ગોઠવવાની ખરી રીત.
૭. જન્મકુંડળીમાં રાશિ, ગ્રહો. વિગેરે ગોઠવવાની સમજણ, તથા તે ખરૂં ખોટું પારખવાની રીત.
૮. કુંડળીનાં બાર ભુવનો, તેના ગુણદોષ, સમજણ, વિગેરે.

૯. જૂદાં જૂદાં ભુવનોમાં ગ્રહોની અસરો, સમાગમો અને એસપેક્ટસો.
૧૦. માનવનું ભવિષ્ય વર્તવાની સમજણ.
૧૧. જીવવામરવાનો સવાલ.
૧૨. શરીર બાંધો—ખવાસ—તથા માતપિતાનું સુખ.
૧૩. તંદુરસ્તી અને માંદગી.
૧૪. મનશક્તિ—લાયકાત—અને હુન્નર.
૧૫. પૈસા સબંધી સ્થિતિ.
૧૬. લગ્ન સંબંધી સુખદુઃખ.
૧૭. ફરઝંદ સબંધી સુખદુઃખ.
૧૮. મુસાફરી, લાભ અને ગેરલાભ.
૧૯. હુન્નર—નોકરી ધંધા વિષે.
૨૦. દોસ્ત અને દુશ્મન વિષે.
૨૧. અકસ્માત, મોત વિગેરે બાબતો.
૨૨. ગ્રહોના થતા સમાગમો અને જોડાણથી થતી અસરો.
૨૩. ડાયરેકશન યાને જન્મના ગ્રહોનું આગળ ચાલવું.
૨૪. પ્રોગ્રેસ હોરોસ્કોપ.
૨૫. ટ્રાનઝીટ યાને રોજના ગ્રહોની ચાલની જન્મના ગ્રહો ઉપર થતી અસરો.
૨૬. વર્ષ ફળ તથા બીજી ઘણીક બાબનો આપવામાં આવી છે.

ભાગ બીજો "હોરારી" એસ્ટ્રોલૉજી.

૧. હોરરી જ્યોતિષ યાને હરકોઈ પળે પ્રશ્નકુંડળી તુરતા તુરત ઉભી કરી તે મારફતે હરકોઈ ચીજ કે સવાલનો જવાબ શોધી કાઢવાનું ગણિત.
૨. પ્રશ્નમાં કામ થશે કે નહીં તે જાણવાની રીત.
૩. ,, કામ નહીં થવાના નડતરનાં કારણો
૪ હોરારી વિદ્યામાં વખતની ગણત્રી તથા કોઠો.
૫. ,, ,, જગ્યા અને દિશાની ગણત્રીનો કોઠો.
૬. પ્રશ્નકુંડળી કેવા પ્રસંગે અને કેવી ઘડીએ કાઢવી.
૭. હોરારી વિદ્યામાં રંગ તથા કપડાંની પીછાણ.
૮. ,, ,, પ્રશ્ન કરનાર માલેકને લગતા ગ્રહોની સમજણ.
૯. ,, ,, ૧૨૫ સોનેરી કાયદા અને સવાલોની ચાવી.

૨. શરીર અને રાશી તથા ગ્રહોનો તેના જૂદા જૂદા ભાગો ઉપર અમલ.
૩. તંદુરસ્તી અને શારીરિક બાંધો.
૪. મરદને ગ્રહની અસર.
૫. સ્ત્રીને " "
૬. જીંદગીનું તોલ અને ભોગ્યતાનો વખત.
૭. બારે રાશીઓનાં દરદો.
૮. ગ્રહોની અસરો અને દરદો.
૯. ગ્રહોની અસરોને નાબુદ કરવાના ઇલાજો.
૧૦. દરેક ગ્રહની ખાસીયતવાળી વનસ્પતીની અંગ્રેજી દવાઓ.
૧૧. ચંદ્રની માંદગી ઉપર અસર અને દરદીનું દરદ કેટલો વખત રહેશે. દરદી સારો થશે કે મરશે, તે સર્વે સમજણ.

કેમ શું વિચાર્યું ?

એ પ્રમાણે આ પુસ્તકના ચાર ભાગમાં કુલ ૬૮ પ્રકરણનો સમાવેશ કરવા ઉપરાંત બસો વર્ષનું ઇસ્વી સને ૧૮૦૦ થી ૨૦૦૧ સુધીનું મુખ્ય ગ્રહોનું આખું પંચાંગ તથા તે ઉપરાંત આખા જ્યોતિષવિદ્યામાં કામ આવે તેવી બીજી ઘણીક બાબતોનાં જૂદાં પ્રકરણો તથા અંગ્રેજી શબ્દોની સમજણનો કોષ વિગેરે સર્વે બાબત જણાવી છે.

યાદ રાખજો.

આવું સરળ અને સાદું, એક નાના બાળકને પણ સમજ પડી જાય તેવુ પુસ્તક આજ અગાઉ આ વિદ્યાની રૂઢિને લગતું નીકળ્યું નથી. આપણી ગુજરાતી જન્મોત્તરી અંગ્રેજીમાં ફેરવી નાંખી, તે ઉપરથી પણ જોવાની સમજણ ખાસ આપવામાં આવી છે.

એકલા માલેક અને પ્રકટ કરનાર.

એન. એમ. ત્રિપાઠીની કું.

બુકસેલર એન્ડ પબ્લીશર પ્રીન્સેસ સ્ટ્રીટ—મુંબઈ.

નોંધ—એક કાગળ અથવા પોસ્ટ કાર્ડ લખીને જણાવવાથી વી. પી. થી મોકલી આપવામાં આવશે. મહેરબાની કરીને નામ તથા સરનામું ખુલ્લા હરફોથી લખવું.

બીજી આવૃત્તિ છપાય છે.

"સત્યતા એ જ ફીલસુફીનો પાયો છે.

વાંચો ને વિચારો! નહી વકી રાખેલી એક ઉમદા તક.
સંસારમાં એવો કોણ છે જેને તંદુરસ્તી, પૈસા અને સુખની અગત્ય નથી. સર્વેને તેની જરૂર છે, તો વાંચોઃ—

"ધી પ્રેટીકલ સાઇકોલૉજી" યાને

તંદુરસ્તી, સંસારસુખ અને આત્મિક ખસુ મેળવવાની ચાવી.

૩૧૦ પાનાનું દળદર પુસ્તક, ૪૦ સુંદર ચિત્રો સાથે.

સાંકળીયુંઃ—પ્રકરણ ૧–શરૂઆતનો ખુલાસો. પ્રકરણ ૨–ફ્રોર્સ અથવા શક્તિ. પ્રકરણ ૩–જગતની ચીજોનો એકમેક સાથે સંબંધ. પ્રકરણ ૪–દુઃખ–દરદ સાજાં કરવાની વિદ્યાઓની અસરની સરખામણી. પ્રકરણ ૫–શરીરનું બંધારણ. પ્રકરણ ૬–દરદો પારખવાની સહેલ રૂઢિ. પ્રકરણ ૭–દવા વગર દુઃખદરદ સાજાં કરવાની વિદ્યા, મેન્ટલ હીલીંગ. પ્રકરણ ૮–જૂદાં જૂદાં દરદોના ઇલાજ તથા બીજી બાબતો. પ્રકરણ ૯–અદ્ભુત વિચારશકિત અને તેની ફીલસુફી. પ્રકરણ ૧૦–વિચારશકિતથી કાર્યો સિદ્ધ કેમ કરવાં? પ્રકરણ ૧૧–માઈન્ડ રીડીંગ અને ટેલીપથી. પ્રકરણ ૧૨–મેસમેરીઝમ અને હીપનોટીઝમ. પ્રકરણ ૧૩–ફ્રેનોલોજી યાને મસ્તકવિદ્યા. પ્રકરણ ૧૪–મસાજ યાને ચાપી. પ્રકરણ ૧૫–તંદુરસ્તી જાળવવા માટે ખોરાક તથા અંગબળ કસરત. પ્રકરણ ૧૬–અદ્ભુત વિચાર, જ્ઞાનયોગવિદ્યા.

(કોઠા નંબર A) દરરોજનો સાઇડ્રીયલ ટાઇમ મધ્યાન બપોરનો.

તારીખ	૧૮૯૩ જાનેવારી ક	મી	સે	ફેબ્રુવારી ક	મી	સે	માર્ચ ક	મી	સે.	એપ્રીલ ક	મી.	સે.	મે ક	મી	સે	જુન ક	મી.	સે.
૧	૧૮	૪૫	૨૬	૨૦	૪૭	૪૦	૨૨	૩૮	૩	૦	૪૦	૧૬	૨	૩૮	૩૩	૪	૪૦	૪૬
૨	૧૮	૪૯	૨૩	૨૦	૫૧	૩૬	૨૨	૪૨	૦	૦	૪૪	૧૩	૨	૪૨	૩૦	૪	૪૪	૪૩
૩	૧૮	૫૩	૧૯	૨૦	૫૫	૩૩	૨૨	૪૫	૫૬	૦	૪૮	૯	૨	૪૬	૨૬	૪	૪૮	૩૯
૪	૧૮	૫૭	૧૬	૨૦	૫૯	૨૯	૨૨	૪૯	૫૩	૦	૫૨	૬	૨	૫૦	૨૩	૪	૫૨	૩૬
૫	૧૯	૧	૧૩	૨૧	૩	૨૬	૨૨	૫૩	૪૯	૦	૫૬	૩	૨	૫૪	૧૯	૪	૫૬	૩૩
૬	૧૯	૫	૯	૨૧	૭	૨૨	૨૨	૫૭	૪૬	૦	૫૯	૫૯	૨	૫૮	૧૬	૫	૦	૨૯
૭	૧૯	૯	૬	૨૧	૧૧	૧૯	૨૩	૧	૪૩	૧	૩	૫૬	૩	૨	૧૨	૫	૪	૨૬
૮	૧૯	૧૩	૨	૨૧	૧૫	૧૬	૨૩	૫	૩૯	૧	૭	૫૨	૩	૬	૯	૫	૮	૨૨
૯	૧૯	૧૬	૫૯	૨૧	૧૯	૧૨	૨૩	૯	૩૬	૧	૧૧	૪૯	૩	૧૦	૫	૫	૧૨	૧૯
૧૦	૧૯	૨૦	૫૫	૨૧	૨૩	૯	૨૩	૧૩	૩૨	૧	૧૫	૪૫	૩	૧૪	૨	૫	૧૬	૧૫
૧૧	૧૯	૨૪	૫૨	૨૧	૨૭	૫	૨૩	૧૭	૨૯	૧	૧૯	૪૨	૩	૧૭	૫૯	૫	૨૦	૧૨
૧૨	૧૯	૨૮	૪૯	૨૧	૩૧	૨	૨૩	૨૧	૨૫	૧	૨૩	૩૮	૩	૨૧	૫૫	૫	૨૪	૮
૧૩	૧૯	૩૨	૪૫	૨૧	૩૪	૫૮	૨૩	૨૫	૨૨	૧	૨૭	૩૫	૩	૨૫	૫૨	૫	૨૮	૫
૧૪	૧૯	૩૬	૪૨	૨૧	૩૮	૫૫	૨૩	૨૯	૧૮	૧	૩૧	૩૨	૩	૨૯	૪૮	૫	૩૨	૨
૧૫	૧૯	૪૦	૩૮	૨૧	૪૨	૫૧	૨૩	૩૩	૧૫	૧	૩૫	૨૮	૩	૩૩	૪૫	૫	૩૫	૫૮
૧૬	૧૯	૪૪	૩૫	૨૧	૪૬	૪૮	૨૩	૩૭	૧૨	૧	૩૯	૨૫	૩	૩૭	૪૧	૫	૩૯	૫૫
૧૭	૧૯	૪૮	૩૧	૨૧	૫૦	૪૫	૨૩	૪૧	૮	૧	૪૩	૨૧	૩	૪૧	૩૮	૫	૪૩	૫૧
૧૮	૧૯	૫૨	૨૮	૨૧	૫૪	૪૧	૨૩	૪૫	૫	૧	૪૭	૧૮	૩	૪૫	૩૪	૫	૪૭	૪૮
૧૯	૧૯	૫૬	૨૪	૨૧	૫૮	૩૮	૨૩	૪૯	૧	૧	૫૧	૧૪	૩	૪૯	૩૧	૫	૫૧	૪૪
૨૦	૨૦	૦	૨૧	૨૨	૨	૩૪	૨૩	૫૨	૫૮	૧	૫૫	૧૧	૩	૫૩	૨૮	૫	૫૫	૪૧
૨૧	૨૦	૪	૧૮	૨૨	૬	૩૧	૨૩	૫૬	૫૪	૧	૫૯	૭	૩	૫૭	૨૪	૫	૫૯	૩૭
૨૨	૨૦	૮	૧૪	૨૨	૧૦	૨૭	૦	૦	૫૧	૨	૩	૪	૪	૧	૨૧	૬	૩	૩૪
૨૩	૨૦	૧૨	૧૧	૨૨	૧૪	૨૪	૦	૪	૪૭	૨	૭	૧	૪	૫	૧૭	૬	૭	૩૧
૨૪	૨૦	૧૬	૭	૨૨	૧૮	૨૦	૦	૮	૪૪	૨	૧૦	૫૭	૪	૯	૧૪	૬	૧૧	૨૭
૨૫	૨૦	૨૦	૪	૨૨	૨૨	૧૭	૦	૧૨	૪૧	૨	૧૪	૫૪	૪	૧૩	૧૦	૬	૧૫	૨૪
૨૬	૨૦	૨૪	૦	૨૨	૨૬	૧૪	૦	૧૬	૩૭	૨	૧૮	૫૦	૪	૧૭	૭	૬	૧૯	૨૦
૨૭	૨૦	૨૭	૫૭	૨૨	૩૦	૧૦	૦	૨૦	૩૪	૨	૨૨	૪૭	૪	૨૧	૪	૬	૨૩	૧૭
૨૮	૨૦	૩૧	૫૩	૨૨	૩૪	૭	૦	૨૪	૩૦	૨	૨૬	૪૪	૪	૨૫	૦	૬	૨૭	૧૩
૨૯	૨૦	૩૫	૫૦	૦	૦	૦	૦	૨૮	૨૭	૨	૩૦	૪૦	૪	૨૮	૫૭	૬	૩૧	૧૦
૩૦	૨૦	૩૯	૪૭	૦	૦	૦	૦	૩૨	૨૩	૨	૩૪	૩૭	૪	૩૨	૫૩	૬	૩૫	૬
૩૧	૨૦	૪૩	૪૩	૦	૦	૦	૦	૩૬	૨૦	૦	૦	૦	૪	૩૬	૫૦	૦	૦	૦

તા	જુલાઇ ક.	મી	સે	આગષ્ટ ક	મી	સે.	સપ્ટેંબર ક.	મી	સે.	અક્ટોબર ક	મી	સે	નવેંબર ક	મી	સે	ડીસેંબર ક	મી.	સે
૧	૬	૩૯	૩	૮	૪૧	૧૬	૧૦	૪૩	૩૦	૧૨	૪૧	૪૬	૧૪	૪૩	૫૯	૧૬	૪૨	૧૬
૨	૬	૪૩	૦	૮	૪૫	૧૩	૧૦	૪૭	૨૬	૧૨	૪૫	૪૩	૧૪	૪૭	૫૬	૧૬	૪૬	૧૩
૩	૬	૪૬	૫૬	૮	૪૯	૯	૧૦	૫૧	૨૩	૧૨	૪૯	૩૯	૧૪	૫૧	૫૨	૧૬	૫૦	૯
૪	૬	૫૦	૫૩	૮	૫૩	૬	૧૦	૫૫	૧૯	૧૨	૫૩	૩૬	૧૪	૫૫	૪૯	૧૬	૫૪	૬
૫	૬	૫૪	૪૯	૮	૫૭	૩	૧૦	૫૯	૧૬	૧૨	૫૭	૩૨	૧૪	૫૯	૪૬	૧૬	૫૮	૨
૬	૬	૫૮	૪૬	૯	૦	૫૯	૧૧	૩	૧૨	૧૩	૧	૨૯	૧૫	૩	૪૨	૧૭	૧	૫૯
૭	૭	૨	૪૨	૯	૪	૫૬	૧૧	૭	૯	૧૩	૫	૨૫	૧૫	૭	૩૯	૧૭	૫	૫૫
૮	૭	૬	૩૯	૯	૮	૫૨	૧૧	૧૧	૫	૧૩	૯	૨૨	૧૫	૧૧	૩૫	૧૭	૯	૫૨
૯	૭	૧૦	૩૬	૯	૧૨	૪૯	૧૧	૧૫	૨	૧૩	૧૩	૧૯	૧૫	૧૫	૩૨	૧૭	૧૩	૪૯
૧૦	૭	૧૪	૩૨	૯	૧૬	૪૫	૧૧	૧૮	૫૯	૧૩	૧૭	૧૫	૧૫	૧૯	૨૮	૧૭	૧૭	૪૫
૧૧	૭	૧૮	૨૯	૯	૨૦	૪૨	૧૧	૨૨	૫૫	૧૩	૨૧	૧૨	૧૫	૨૩	૨૫	૧૭	૨૧	૪૨
૧૨	૭	૨૨	૨૫	૯	૨૪	૩૮	૧૧	૨૬	૫૨	૧૩	૨૫	૮	૧૫	૨૭	૨૧	૧૭	૨૫	૩૮
૧૩	૭	૨૬	૨૨	૯	૨૮	૩૫	૧૧	૩૦	૪૮	૧૩	૨૯	૫	૧૫	૩૧	૧૮	૧૭	૨૯	૩૫
૧૪	૭	૩૦	૧૮	૯	૩૨	૩૨	૧૧	૩૪	૪૫	૧૩	૩૩	૧	૧૫	૩૫	૧૫	૧૭	૩૩	૩૧
૧૫	૭	૩૪	૧૫	૯	૩૬	૨૮	૧૧	૩૮	૪૧	૧૩	૩૬	૫૮	૧૫	૩૯	૧૧	૧૭	૩૭	૨૮
૧૬	૭	૩૮	૧૧	૯	૪૦	૨૫	૧૧	૪૨	૩૮	૧૩	૪૦	૫૪	૧૫	૪૩	૮	૧૭	૪૧	૨૪
૧૭	૭	૪૨	૮	૯	૪૪	૨૧	૧૧	૪૬	૩	૧૩	૪૪	૫૧	૧૫	૪૭	૪	૧૭	૪૫	૨૧
૧૮	૭	૪૬	૫	૯	૪૮	૧૮	૧૧	૫૦	૩૧	૧૩	૪૮	૪૮	૧૫	૫૧	૧	૧૭	૪૯	૧૮
૧૯	૭	૫૦	૧	૯	૫૨	૧૪	૧૧	૫૪	૨૮	૧૩	૫૨	૪૪	૧૫	૫૪	૫૭	૧૭	૫૩	૧૪
૨૦	૭	૫૩	૫૮	૯	૫૬	૧૧	૧૧	૫૮	૨૪	૧૩	૫૬	૪૧	૧૫	૫૮	૫૪	૧૭	૫૭	૧૧
૨૧	૭	૫૭	૫૪	૧૦	૦	૭	૧૨	૨	૨૧	૧૪	૦	૩૭	૧૬	૨	૫૧	૧૮	૧	૭
૨૨	૮	૧	૫૧	૧૦	૪	૪	૧૨	૬	૧૭	૧૪	૪	૩૪	૧૬	૬	૪૭	૧૮	૫	૪
૨૩	૮	૫	૪૭	૧૦	૮	૧	૧૨	૧૦	૧૪	૧૪	૮	૩૦	૧૬	૧૦	૪૪	૧૮	૯	૦
૨૪	૮	૯	૪૪	૧૦	૧૧	૫૭	૧૨	૧૪	૧૦	૧૪	૧૨	૨૭	૧૬	૧૪	૪૦	૧૮	૧૨	૫૭
૨૫	૮	૧૩	૪૦	૧૦	૧૫	૫૪	૧૨	૧૮	૭	૧૪	૧૬	૨૩	૧૬	૧૮	૩૭	૧૮	૧૬	૫૩
૨૬	૮	૧૭	૩૭	૧૦	૧૯	૫૦	૧૨	૨૨	૩	૧૪	૨૦	૨૦	૧૬	૨૨	૩૩	૧૮	૨૦	૫૦
૨૭	૮	૨૧	૩૪	૧૦	૨૩	૪૭	૧૨	૨૬	૦	૧૪	૨૪	૧૭	૧૬	૨૬	૩૦	૧૮	૨૪	૪૬
૨૮	૮	૨૫	૩૦	૧૦	૨૭	૪૩	૧૨	૨૯	૫૭	૧૪	૨૮	૧૩	૧૬	૩૦	૨૬	૧૮	૨૮	૪૩
૨૯	૮	૨૯	૨૭	૧૦	૩૧	૪૦	૧૨	૩૩	૩	૧૪	૩૨	૧૦	૧૬	૩૪	૨૩	૧૮	૩૨	૪૦
૩૦	૮	૩૩	૨૩	૧૦	૩૫	૩૬	૧૨	૩૭	૫૦	૧૪	૩૬	૬	૧૬	૩૮	૨૦	૧૮	૩૬	૩૬
૩૧	૮	૩૭	૨૦	૧૦	૩૯	૩૩	૦	૦	૦	૧૪	૪૦	૩	૦	૦	૦	૧૮	૪૦	૩૩

દર વરસની જાનેવારીની પહેલી તારીખનો સાયડીયલ ટાઇમઃ—

વરસ	ક	મી	સે
૧૮૫૦	૧૮	૪૨	[illegible]
૧૮૫૧	૧૮	[illegible]	૧૦
૧૮૫૨ ×	૧૮	૪૧	૧૨
૧૮૫૩	૧૮	૪૪	૧૨
૧૮૫૪	૧૮	૪૩	૧૪
૧૮૫૫	૧૮	૪૨	૧૭
૧૮૫૬ ×	૧૮	૪૧	૨૦
૧૮૫૭	૧૮	૪૪	[illegible]
૧૮૫૮	૧૮	૪૩	૨૩
૧૮૫૯	૧૮	૪૧	૨૬
૧૮૬૦ ×	૧૮	૪૧	૨૯
૧૮૬૧	૧૮	૪૪	૨૭
૧૮૬૨	૧૮	૪૩	૩૨
૧૮૬૩	૧૮	૪૨	૩૪
૧૮૬૪ ×	૧૮	૪૧	૩૭
૧૮૬૫	૧૮	૪૪	૩૬
૧૮૬૬	૧૮	૪૩	૩૮
૧૮૬૭	૧૮	૪૨	૪૧
૧૮૬૮ ×	૧૮	૪૧	૪૩
૧૮૬૯	૧૮	૪૪	૪૨
૧૮૭૦	૧૮	૪૩	૪૪
૧૮૭૧	૧૮	૪૨	૪૭
૧૮૭૨ ×	૧૮	૪૧	૫૦
૧૮૭૩	૧૮	૪૪	૪૬
૧૮૭૪	૧૮	૪૩	૫૨
૧૮૭૫	૧૮	૪૨	૫૫
૧૮૭૬ ×	૧૮	૪૧	૫૮
૧૮૭૭	૧૮	૪૪	૫૮
૧૮૭૮	૧૮	૪૪	૧
૧૮૭૯	૧૮	૪૩	૪
૧૮૮૦ ×	૧૮	૪૨	૭
૧૮૮૧	૧૮	૪૫	૬
૧૮૮૨	૧૮	૪૪	૮
૧૮૮૩	૧૮	૪૩	૧૧
૧૮૮૪ ×	૧૮	૪૨	૧૪
૧૮૮૫	૧૮	૪૫	૧૦
૧૮૮૬	૧૮	૪૪	૧૫
૧૮૮૭	૧૮	૪૩	૧૭
૧૮૮૮ ×	૧૮	૪૨	૨૦
૧૮૮૯	૧૮	૪૫	૧૯
૧૮૯૦	૧૮	૪૪	૨૧
૧૮૯૧	૧૮	૪૩	૨૪
૧૮૯૨ ×	૧૮	૪૨	૨૭
૧૮૯૩	૧૮	૪૫	૨૦
૧૮૯૪	૧૮	૪૪	૨૬
૧૮૯૫	૧૮	૪૩	૩૦
૧૮૯૬ ×	૧૮	૪૪	૩૪
૧૮૯૭	૧૮	૪૫	૩૪
૧૮૯૮	૧૮	૪૪	૩૮
૧૮૯૯	૧૮	૪૩	૪૧
૧૯૦૦	૧૮	૪૨	૪૪
૧૯૦૧ ×	૧૮	૪૧	૪૭
૧૯૦૨	૧૮	૪૦	૪૯
૧૯૦૩	૧૮	૩૯	૫૧
૧૯૦૪	૧૮	૩૮	૫૩
૧૯૦૫	૧૮	૪૧	૫૦

×આ નિશાની વાળા વરસો લીપ વર્ષ જાણવા તથા એ વરસો માટે જે દિવસ શોધવો હોય તેના પાછલા દિવસ ગણત્રીમાં લેવો.

AL.

(કોઠો નંબર B)ક

લગ્નપત્ર ઓરશાંસ ૫૧°-૩૨ N.(લંડન.)

સાઈડ્રીઅલ ટાઈમ	૧૦ ♋	૧૧ ♌	૧૨ ♍	જન્મ લગ્ન ♎	૨ ♎	૩ ♏	સાઈડ્રીઅલ ટાઈમ	૧૦ ♌	૧૧ ♍	૧૨ ♎	જન્મ લગ્ન ♎	૨ ♏	૩ ♐	સાઈડ્રીઅલ ટાઈમ	૧૦ ♍	૧૧ ♎	૧૨ ♎	જન્મ લગ્ન ♎	૨ ♐	૩ ♑
ક.મી.સે	°	°	°	° ′	°	°	ક.મી.સે	°	°		° ′	°	°	ક.મી.સે	°	°	°	° ′	°	°
૬ ૦ ૦	૦	૬	૬	૦ ૦	૨૪	૨૪	૮ ૮ ૪૫	૦	૫	૨	૨૨ ૪૦	૧૯	૨૨	૧૦ ૮ ૨૩	૦	૨	૨૬	૧૩ ૩૩	૧૩	૨૦
૬ ૪ ૨૨	૧	૭	૭	૦ ૪૭	૨૫	૨૫	૮ ૧૨ ૫૪	૧	૫	૩	૨૩ ૨૪	૨૦	૨૩	૧૦ ૧૨ ૧૨	૧	૩	૨૬	૧૪ ૧૩	૧૪	૨૧
૬ ૮ ૪૩	૨	૮	૮	૧ ૩૩	૨૬	૨૬	૮ ૧૭ ૩	૨	૬	૩	૨૪ ૭	૨૧	૨૪	૧૦ ૧૬ ૦	૨	૪	૨૭	૧૪ ૫૩	૧૫	૨૨
૬ ૧૩ ૫	૩	૯	૯	૨ ૧૯	૨૭	૨૭	૮ ૨૧ ૧૧	૩	૭	૪	૨૪ ૫૦	૨૨	૨૫	૧૦ ૧૯ ૪૮	૩	૫	૨૮	૧૫ ૩૩	૧૫	૨૩
૬ ૧૭ ૨૬	૪	૧૦	૧૦	૩ ૫	૨૭	૨૮	૮ ૨૫ ૧૯	૪	૮	૫	૨૫ ૩૪	૨૩	૨૬	૧૦ ૨૩ ૩૫	૪	૫	૨૯	૧૬ ૧૩	૧૬	૨૪
૬ ૨૧ ૪૮	૫	૧૧	૧૦	૩ ૫૧	૨૮	૨૯	૮ ૨૯ ૨૬	૫	૯	૬	૨૬ ૧૮	૨૩	૨૭	૧૦ ૨૭ ૨૨	૫	૬	૨૯	૧૬ ૫૨	૧૭	૨૫
૬ ૨૬ ૯	૬	૧૨	૧૧	૪ ૩૭	૨૯	♐	૮ ૩૩ ૩૧	૬	૧૦	૭	૨૭ ૧	૨૪	૨૮	૧૦ ૩૧ ૮	૬	૭	♏	૧૭ ૩૨	૧૮	૨૬
૬ ૩૦ ૩૦	૭	૧૩	૧૨	૫ ૨૩	♏	૧	૮ ૩૭ ૩૭	૭	૧૧	૮	૨૭ ૪૪	૨૫	૨૯	૧૦ ૩૪ ૫૪	૭	૮	૧	૧૮ ૧૩	૧૯	૨૭
૬ ૩૪ ૫૧	૮	૧૪	૧૩	૬ ૯	૧	૨	૮ ૪૧ ૪૧	૮	૧૨	૮	૨૮ ૨૬	૨૬	♐	૧૦ ૩૮ ૪૦	૮	૯	૨	૧૮ ૫૩	૨૦	૨૮
૬ ૩૯ ૧૧	૯	૧૫	૧૪	૬ ૫૫	૨	૩	૮ ૪૫ ૪૫	૯	૧૩	૯	૨૯ ૮	૨૭	૧	૧૦ ૪૨ ૨૫	૯	૧૦	૨	૧૯ ૩૧	૨૦	૨૯
૬ ૪૩ ૩૧	૧૦	૧૬	૧૫	૭ ૪૦	૨	૪	૮ ૪૯ ૪૮	૧૦	૧૪	૧૦	૨૯ ૫૦	૨૮	૨	૧૦ ૪૬ ૯	૧૦	૧૧	૩	૨૦ ૧૧	૨૧	♑
૬ ૪૭ ૫૧	૧૧	૧૬	૧૬	૮ ૨૬	૩	૪	૮ ૫૩ ૫૧	૧૧	૧૫	૧૧	૦ ♏ ૩૨	૨૮	૩	૧૦ ૪૯ ૫૩	૧૧	૧૧	૪	૨૦ ૫૦	૨૨	૧
૬ ૫૨ ૧૧	૧૨	૧૭	૧૭	૯ ૧૨	૪	૫	૮ ૫૭ ૫૨	૧૨	૧૬	૧૨	૧ ૧૪	૨૯	૪	૧૦ ૫૩ ૩૭	૧૨	૧૨	૪	૨૧ ૩૦	૨૩	૨
૬ ૫૬ ૩૧	૧૩	૧૮	૧૭	૯ ૫૮	૫	૬	૯ ૧ ૫૩	૧૩	૧૭	૧૨	૧ ૫૮	♐	૪	૧૦ ૫૭ ૨૦	૧૩	૧૩	૫	૨૨ ૯	૨૪	૩
૭ ૦ ૫૦	૧૪	૧૯	૧૮	૧૦ ૪૩	૬	૭	૯ ૫ ૫૩	૧૪	૧૮	૧૩	૨ ૩૯	૧	૫	૧૧ ૧ ૩	૧૪	૧૪	૬	૨૨ ૪૯	૨૪	૪
૭ ૫ ૮	૧૫	૨૦	૧૯	૧૧ ૨૮	૭	૮	૯ ૯ ૫૩	૧૫	૧૯	૧૪	૩ ૨૧	૧	૬	૧૧ ૪ ૪૬	૧૫	૧૫	૭	૨૩ ૨૮	૨૫	૫
૭ ૯ ૨૬	૧૬	૨૧	૨૦	૧૨ ૧૪	૮	૯	૯ ૧૩ ૫૨	૧૬	૧૯	૧૫	૪ ૩	૨	૭	૧૧ ૮ ૨૮	૧૬	૧૬	૭	૨૪ ૮	૨૬	૬
૭ ૧૩ ૪૪	૧૭	૨૨	૨૧	૧૨ ૫૯	૮	૧૦	૯ ૧૭ ૫૦	૧૭	૨૦	૧૬	૪ ૪૪	૩	૮	૧૧ ૧૨ ૧૦	૧૭	૧૭	૮	૨૪ ૪૭	૨૭	૮
૭ ૧૮ ૧	૧૮	૨૩	૨૨	૧૩ ૪૫	૯	૧૧	૯ ૨૧ ૪૭	૧૮	૨૧	૧૭	૫ ૨૬	૩	૯	૧૧ ૧૫ ૫૨	૧૮	૧૮	૯	૨૫ ૨૭	૨૮	૯
૭ ૨૨ ૧૮	૧૯	૨૪	૨૩	૧૪ ૩૦	૧૦	૧૨	૯ ૨૫ ૪૪	૧૯	૨૨	૧૮	૬ ૭	૪	૧૦	૧૧ ૧૯ ૩૪	૧૯	૧૯	૧૦	૨૬ ૬	૨૯	૧૦
૭ ૨૬ ૩૪	૨૦	૨૫	૨૪	૧૫ ૧૫	૧૧	૧૩	૯ ૨૯ ૪૦	૨૦	૨૩	૧૯	૬ ૪૮	૫	૧૧	૧૧ ૨૩ ૧૫	૨૦	૧૯	૧૦	૨૬ ૪૫	♑	૧૧
૭ ૩૦ ૫૦	૨૧	૨૬	૨૫	૧૬ ૦	૧૨	૧૪	૯ ૩૩ ૩૫	૨૧	૨૪	૧૯	૭ ૨૯	૫	૧૨	૧૧ ૨૬ ૫૬	૨૧	૨૦	૧૧	૨૭ ૨૫	૦	૧૨
૭ ૩૫ ૫	૨૨	૨૭	૨૫	૧૬ ૪૫	૧૩	૧૫	૯ ૩૭ ૨૯	૨૨	૨૫	૨૦	૮ ૯	૬	૧૩	૧૧ ૩૦ ૩૭	૨૨	૨૧	૧૨	૨૮ ૫	૧	૧૩
૭ ૩૯ ૨૦	૨૩	૨૮	૨૬	૧૭ ૩૦	૧૩	૧૬	૯ ૪૧ ૨૩	૨૩	૨૬	૨૦	૮ ૫૦	૭	૧૪	૧૧ ૩૪ ૧૮	૨૩	૨૨	૧૩	૨૮ ૪૪	૨	૧૪
૭ ૪૩ ૩૪	૨૪	૨૯	૨૭	૧૮ ૧૪	૧૪	૧૭	૯ ૪૫ ૧૬	૨૪	૨૭	૨૧	૯ ૩૧	૮	૧૫	૧૧ ૩૭ ૫૮	૨૪	૨૩	૧૩	૨૯ ૨૪	૩	૧૫
૭ ૪૭ ૪૮	૨૫	♍	૨૮	૧૮ ૫૯	૧૫	૧૮	૯ ૪૯ ૯	૨૫	૨૮	૨૨	૧૦ ૧૧	૯	૧૬	૧૧ ૪૧ ૩૯	૨૫	૨૩	૧૪	૦ ♐ ૩	૪	૧૬
૭ ૫૨ ૦	૨૬	૧	૨૯	૧૯ ૪૩	૧૬	૧૯	૯ ૫૩ ૧	૨૬	૨૮	૨૩	૧૦ ૫૧	૯	૧૭	૧૧ ૪૫ ૧૯	૨૬	૨૪	૧૫	૦ ૪૩	૫	૧૭
૭ ૫૬ ૧૨	૨૭	૨	♎	૨૦ ૨૭	૧૭	૨૦	૯ ૫૬ ૫૨	૨૭	૨૯	૨૩	૧૧ ૩૨	૧૦	૧૮	૧૧ ૪૮ ૫૯	૨૭	૨૫	૧૫	૧ ૨૩	૬	૧૮
૮ ૦ ૨૪	૨૮	૩		૨૧ ૧૧	૧૮	૨૦	૧૦ ૦ ૪૩	૨૮	♎	૨૪	૧૨ ૧૨	૧૧	૧૯	૧૧ ૫૨ ૪૦	૨૮	૨૬	૧૬	૨ ૩	૬	૧૯
૮ ૪ ૩૫	૨૯	૪	૧	૨૧ ૫૬	૧૮	૨૧	૧૦ ૪ ૩૩	૨૯	૧	૨૫	૧૨ ૫૩	૧૨	૨૦	૧૧ ૫૬ ૨૦	૨૯	૨૭	૧૭	૨ ૪૩	૭	૨૦
૮ ૮ ૪૫	૩૦	૫	૨	૨૨ ૪૦	૧૯	૨૨	૧૦ ૮ ૨૩	૩૦	૨	૨૫	૧૩ ૩૩	૧૩	૨૦	૧૧ ૦ ૦	૩૦	૨૭	૧૮	૩ ૨૩	૮	૨૧

(કોઠો નંબર B) ક

લગ્ન પત્ર ઓંશાંસ ૫૧-૩૨ N. (લંડન.)

સાઈડીરીયલ ટાઈમ	૧૦ ♈	૧૧ ♉	૧૨ ♊	જન્મ લગ્ન ♋	૨ ♌	૩ ♍	સાઈડીરીયલ ટાઈમ	૧૦ ♉	૧૧ ♊	૧૨ ♋	જન્મ લગ્ન ♌	૨ ♍	૩ ♍	સાઈડીરીયલ ટાઈમ	૧૦ ♊	૧૧ ♋	૧૨ ♌	જન્મ લગ્ન ♍	૨ ♍	૩ ♍
ક.મી.સે.	૦	૦	૦	૦ '	૦	૦	કમી.સે	૦	૦	૦	૦	૦	૦	કમી.સે	૦	૦	૦	૦ '	૦	૦
૦ ૦ ૦	૦	૯	૨૨	૨૬ ૩૬	૧૨	૩	૧ ૫૧ ૩૭	૦	૯	૧૭	૧૬ ૨૮	૪	૨૮	૩ ૫૧ ૧૫	૦	૮	૧૧	૭ ૨૧	૨૮	૨૫
૦ ૩ ૪૦	૧	૧૦	૨૩	૨૭ ૧૭	૧૩	૩	૧ ૫૫ ૨૭	૧	૧૦	૧૮	૧૭ ૮	૫	૨૯	૩ ૫૫ ૨૫	૧	૯	૧૨	૮ ૫	૨૯	૨૬
૦ ૭ ૨૦	૨	૧૧	૨૪	૨૭ ૫૬	૧૪	૪	૧ ૫૯ ૧૭	૨	૧૧	૧૯	૧૭ ૪૮	૬	♎	૩ ૫૯ ૩૬	૨	૧૦	૧૨	૮ ૪૯	♎	૨૭
૦ ૧૧ ૦	૩	૧૨	૨૫	૨૮ ૪૨	૧૫	૫	૨ ૩ ૮	૩	૧૨	૧૯	૧૮ ૨૮	૭	૧	૪ ૩ ૪૮	૩	૧૦	૧૩	૯ ૩૩	૧	૨૮
૦ ૧૪ ૪૧	૪	૧૩	૨૫	૨૯ ૧૭	૧૫	૬	૨ ૬ ૫૯	૪	૧૩	૨૦	૧૯ ૯	૮	૨	૪ ૮ ૦	૪	૧૧	૧૪	૧૦ ૧૭	૨	૨૯
૦ ૧૮ ૨૧	૫	૧૪	૨૬	૨૯ ૫૫	૧૬	૭	૨ ૧૦ ૫૧	૫	૧૪	૨૧	૧૯ ૪૯	૯	૨	૪ ૧૨ ૧૩	૫	૧૨	૧૫	૧૧ ૨	૨	♏
૦ ૨૨ ૨	૬	૧૫	૨૭	૦ ૩૪	૧૭	૮	૨ ૧૪ ૪૪	૬	૧૫	૨૨	૨૦ ૨૯	૯	૩	૪ ૧૬ ૨૬	૬	૧૩	૧૬	૧૧ ૪૬	૩	૧
૦ ૨૫ ૪૨	૭	૧૬	૨૮	૧ ૧૪	૧૮	૮	૨ ૧૮ ૩૭	૭	૧૬	૨૨	૨૧ ૧૦	૧૦	૪	૪ ૨૦ ૪૦	૭	૧૪	૧૭	૧૨ ૩૦	૪	૨
૦ ૨૯ ૨૩	૮	૧૭	૨૯	૧ ૫૫	૧૮	૯	૨ ૨૨ ૩૧	૮	૧૭	૨૩	૨૧ ૫૧	૧૧	૫	૪ ૨૪ ૫૫	૮	૧૫	૧૭	૧૩ ૧૫	૫	૩
૦ ૩૩ ૪	૯	૧૮	♋	૨ ૩૩	૧૯	૧૦	૨ ૨૬ ૨૫	૯	૧૮	૨૪	૨૨ ૩૨	૧૨	૬	૪ ૨૯ ૧૦	૯	૧૬	૧૮	૧૪ ૦	૬	૪
૦ ૩૬ ૪૫	૧૦	૧૯	૧	૩ ૧૪	૨૦	૧૧	૨ ૩૦ ૨૦	૧૦	૧૯	૨૫	૨૩ ૧૪	૧૩	૭	૪ ૩૩ ૨૬	૧૦	૧૭	૧૯	૧૪ ૪૫	૭	૫
૦ ૪૦ ૨૬	૧૧	૨૦	૧	૩ ૫૪	૨૦	૧૨	૨ ૩૪ ૧૬	૧૧	૨૦	૨૫	૨૩ ૫૫	૧૩	૮	૪ ૩૭ ૪૨	૧૧	૧૮	૨૦	૧૫ ૩૦	૮	૬
૦ ૪૪ ૮	૧૨	૨૧	૨	૪ ૩૩	૨૧	૧૩	૨ ૩૮ ૧૩	૧૨	૨૧	૨૬	૨૪ ૩૬	૧૪	૯	૪ ૪૧ ૫૯	૧૨	૧૯	૨૧	૧૬ ૧૫	૮	૭
૦ ૪૭ ૫૦	૧૩	૨૨	૩	૫ ૧૨	૨૨	૧૪	૨ ૪૨ ૧૦	૧૩	૨૨	૨૭	૨૫ ૧૯	૧૫	૧૦	૪ ૪૬ ૧૬	૧૩	૨૦	૨૧	૧૭ ૦	૯	૮
૦ ૫૧ ૩૨	૧૪	૨૩	૪	૫ ૫૨	૨૩	૧૫	૨ ૪૬ ૮	૧૪	૨૩	૨૮	૨૫ ૫૮	૧૬	૧૧	૪ ૫૦ ૩૪	૧૪	૨૧	૨૨	૧૭ ૪૫	૧૦	૯
૦ ૫૫ ૧૪	૧૫	૨૪	૫	૬ ૩૦	૨૩	૧૫	૨ ૫૦ ૭	૧૫	૨૪	૨૮	૨૬ ૪૦	૧૭	૧૨	૪ ૫૪ ૫૨	૧૫	૨૨	૨૩	૧૮ ૩૦	૧૧	૧૦
૦ ૫૮ ૫૭	૧૬	૨૫	૬	૭ ૯	૨૪	૧૬	૨ ૫૪ ૭	૧૬	૨૫	૨૯	૨૭ ૨૨	૧૮	૧૨	૪ ૫૯ ૧૦	૧૬	૨૩	૨૪	૧૯ ૧૬	૧૨	૧૧
૧ ૨ ૪૦	૧૭	૨૬	૬	૭ ૫૦	૨૫	૧૭	૨ ૫૮ ૭	૧૭	૨૬	♌	૨૮ ૪	૧૮	૧૩	૫ ૩ ૨૯	૧૭	૨૪	૨૫	૨૦ ૩	૧૩	૧૨
૧ ૬ ૨૩	૧૮	૨૭	૭	૮ ૩૦	૨૬	૧૮	૩ ૨ ૮	૧૮	૨૭	૧	૨૮ ૪૬	૧૯	૧૪	૫ ૭ ૪૯	૧૮	૨૫	૨૬	૨૦ ૪૯	૧૪	૧૩
૧ ૧૦ ૭	૧૯	૨૮	૮	૯ ૯	૨૬	૧૯	૩ ૬ ૯	૧૯	૨૮	૨	૨૯ ૨૯	૨૦	૧૫	૫ ૧૨ ૯	૧૯	૨૫	૨૭	૨૧ ૩૫	૧૪	૧૪
૧ ૧૩ ૫૧	૨૦	૨૯	૯	૯ ૪૮	૨૭	૧૯	૩ ૧૦ ૧૨	૨૦	૨૯	૩	♍૦ ૧૨	૨૦	૧૬	૫ ૧૬ ૨૯	૨૦	૨૬	૨૮	૨૨ ૨૦	૧૫	૧૪
૧ ૧૭ ૩૫	૨૧	♊	૧૦	૧૦ ૨૮	૨૮	૨૦	૩ ૧૪ ૧૫	૨૧	૨૯	૩	૦ ૫૪	૨૧	૧૭	૫ ૨૦ ૪૯	૨૧	૨૭	૨૮	૨૩ ૬	૧૬	૧૫
૧ ૨૧ ૨૦	૨૨	૧	૧૦	૧૧ ૮	૨૮	૨૧	૩ ૧૮ ૧૯	૨૨	♋	૪	૧ ૩૬	૨૨	૧૮	૫ ૨૫ ૯	૨૨	૨૮	૨૯	૨૩ ૫૧	૧૭	૧૬
૧ ૨૫ ૬	૨૩	૨	૧૧	૧૧ ૪૮	૨૯	૨૨	૩ ૨૨ ૨૩	૨૩	૧	૫	૨ ૨૦	૨૨	૧૯	૫ ૨૯ ૩૦	૨૩	૨૯	♍	૨૪ ૩૭	૧૮	૧૭
૧ ૨૮ ૫૨	૨૪	૩	૧૨	૧૨ ૨૮	♍	૨૩	૩ ૨૬ ૨૯	૨૪	૨	૬	૩ ૩	૨૪	૨૦	૫ ૩૩ ૫૧	૨૪	♌	૧	૨૫ ૨૩	૧૯	૧૮
૧ ૩૨ ૩૮	૨૫	૪	૧૩	૧૩ ૮	૧	૨૪	૩ ૩૦ ૩૫	૨૫	૩	૭	૩ ૪૫	૨૫	૨૧	૫ ૩૮ ૧૨	૨૫	૧	૨	૨૬ ૯	૨૦	૧૯
૧ ૩૬ ૨૫	૨૬	૫	૧૪	૧૩ ૪૮	૧	૨૫	૩ ૩૪ ૪૧	૨૬	૪	૭	૪ ૨૮	૨૫	૨૨	૫ ૪૨ ૩૪	૨૬	૨	૩	૨૬ ૫૫	૨૧	૨૦
૧ ૪૦ ૧૨	૨૭	૬	૧૪	૧૪ ૨૮	૨	૨૬	૩ ૩૮ ૪૯	૨૭	૫	૮	૫ ૧૧	૨૬	૨૩	૫ ૪૬ ૫૫	૨૭	૩	૪	૨૭ ૪૧	૨૧	૨૧
૧ ૪૪ ૦	૨૮	૭	૧૫	૧૫ ૮	૩	૨૭	૩ ૪૨ ૫૭	૨૮	૬	૯	૫ ૫૪	૨૭	૨૪	૫ ૫૧ ૧૭	૨૮	૪	૪	૨૮ ૨૭	૨૨	૨૨
૧ ૪૭ ૪૮	૨૯	૮	૧૬	૧૫ ૪૮	૪	૨૮	૩ ૪૭ ૬	૨૯	૭	૧૦	૬ ૩૮	૨૮	૨૫	૫ ૫૫ ૩૮	૨૯	૫	૫	૨૯ ૧૩	૨૩	૨૩
૧ ૫૧ ૩૭	૩૦	૯	૧૭	૧૬ ૨૮	૪	૨૮	૩ ૫૧ ૧૫	૩૦	૮	૧૧	૭ ૨૧	૨૨	૨૫	૬ ૦ ૦	૩૦	૫	૫	૩૦ ૦	૨૪	૨૪

(કોઠો નંબર B) ખ

લગ્ન પત્ર અક્ષાંસ ૫૧°-૩૨′ N. (લંડન)

સાઈડીરીઅલ ટાઈમ	૧૦ ♎	૧૧ ♎	૧૨ ♏	જન્મ લગ્ન ♐	૨ ♑	૩ ♒
ક મી સે	°	°	°	° ′	°	°
૧૨ ૦ ૦	૦	૨૭	૧૭	૩ ૨૩	૮	૨૧
૧૨ ૩ ૪૦	૧	૨૮	૧૮	૪ ૪	૯	૨૨
૧૨ ૭ ૨૦	૨	૨૯	૧૯	૪ ૪૫	૧૦	૨૪
૧૨ ૧૧ ૦	૩	♏	૨૦	૫ ૨૬	૧૧	૨૫
૧૨ ૧૪ ૪૧	૪	૧	૨૦	૬ ૭	૧૨	૨૬
૧૨ ૧૮ ૨૧	૫	૧	૨૧	૬ ૪૮	૧૩	૨૭
૧૨ ૨૨ ૨	૬	૨	૨૨	૭ ૨૯	૧૪	૨૮
૧૨ ૨૫ ૪૨	૭	૩	૨૩	૮ ૧૦	૧૫	૨૯
૧૨ ૨૯ ૨૩	૮	૪	૨૩	૮ ૫૧	૧૫	♓
૧૨ ૩૩ ૪	૯	૫	૨૪	૯ ૩૩	૧૬	૨
૧૨ ૩૬ ૪૫	૧૦	૫	૨૫	૧૦ ૧૫	૧૮	૩
૧૨ ૪૦ ૨૬	૧૧	૬	૨૫	૧૦ ૫૭	૧૯	૪
૧૨ ૪૪ ૮	૧૨	૭	૨૬	૧૧ ૪૦	૨૦	૫
૧૨ ૪૭ ૫૦	૧૩	૮	૨૭	૧૨ ૨૨	૨૧	૬
૧૨ ૫૧ ૩૨	૧૪	૯	૨૮	૧૩ ૪	૨૨	૭
૧૨ ૫૫ ૧૪	૧૫	૧૦	૨૮	૧૩ ૪૭	૨૩	૯
૧૨ ૫૮ ૫૭	૧૬	૧૧	૨૯	૧૪ ૩૦	૨૪	૧૦
૧૩ ૨ ૪૦	૧૭	૧૧	♐	૧૫ ૧૪	૨૫	૧૧
૧૩ ૬ ૨૩	૧૮	૧૨	૧	૧૫ ૫૯	૨૬	૧૨
૧૩ ૧૦ ૭	૧૯	૧૩	૧	૧૬ ૪૪	૨૭	૧૩
૧૩ ૧૩ ૫૧	૨૦	૧૪	૨	૧૭ ૨૯	૨૮	૧૪
૧૩ ૧૭ ૩૫	૨૧	૧૪	૩	૧૮ ૧૪	૨૯	૧૫
૧૩ ૨૧ ૨૦	૨૨	૧૫	૪	૧૯ ૦	♒	૧૭
૧૩ ૨૫ ૬	૨૩	૧૬	૪	૧૯ ૪૬	૧	૧૮
૧૩ ૨૮ ૫૨	૨૪	૧૭	૫	૨૦ ૩૩	૨	૧૯
૧૩ ૩૨ ૩૮	૨૫	૧૮	૬	૨૧ ૨૦	૪	૨૧
૧૩ ૩૬ ૨૫	૨૬	૧૯	૭	૨૨ ૫	૫	૨૨
૧૩ ૪૦ ૧૨	૨૭	૨૦	૭	૨૨ ૫૭	૬	૨૩
૧૩ ૪૪ ૦	૨૮	૨૧	૮	૨૩ ૪૨	૭	૨૪
૧૩ ૪૭ ૪૮	૨૯	૨૧	૯	૨૪ ૩૧	૮	૨૫
૧૩ ૫૧ ૩૭	૩૦	૨૨	૧૦	૨૫ ૨૦	૧૦	૨૭

સાઈડીરીઅલ ટાઈમ	૧૦ ♏	૧૧ ♏	૧૨ ♐	જન્મ લગ્ન ♑	૨ ♒	૩ ♓
ક મી સે	°	°	°	° ′	°	°
૧૩ ૫૧ ૩૭	૦	૨૨	૧૦	૨૫ ૨૦	૧૦	૨૭
૧૩ ૫૫ ૨૭	૧	૨૩	૧૧	૨૬ ૧૦	૧૧	૨૮
૧૩ ૫૯ ૧૭	૨	૨૪	૧૧	૨૭ ૨	૧૩	♈
૧૪ ૩ ૮	૩	૨૪	૧૨	૨૭ ૫૩	૧૪	૧
૧૪ ૬ ૫૯	૪	૨૫	૧૩	૨૮ ૪૫	૧૫	૨
૧૪ ૧૦ ૫૧	૫	૨૬	૧૪	૨૯ ૩૫	૧૬	૩
૧૪ ૧૪ ૪૪	૬	૨૭	૧૫	૦ ૨૯	૧૮	૫
૧૪ ૧૮ ૩૭	૭	૨૮	૧૫	૧ ૨૩	૧૯	૬
૧૪ ૨૨ ૩૧	૮	૨૯	૧૬	૨ ૧૮	૨૦	૮
૧૪ ૨૬ ૨૫	૯	♐	૧૭	૩ [illegible]	૨૨	૯
૧૪ ૩૦ ૨૦	૧૦	૧	૧૮	૪ ૧૧	૨૩	૧૦
૧૪ ૩૪ ૧૬	૧૧	૨	૧૯	૫ ૯	૨૪	૧૧
૧૪ ૩૮ ૧૩	૧૨	૨	૨૦	૬ ૭	૨૫	૧૩
૧૪ ૪૨ ૧૦	૧૩	૩	૨૦	૭ ૫	૨૭	૧૪
૧૪ ૪૬ ૮	૧૪	૪	૨૧	૮ ૫	૨૯	૧૫
૧૪ ૫૦ ૭	૧૫	૫	૨૨	૯ ૮	♈	૧૬
૧૪ ૫૪ ૭	૧૬	૬	૨૩	૧૦ ૧૧	૨	૧૮
૧૪ ૫૮ ૮	૧૭	૭	૨૪	૧૧ ૧૫	૪	૧૯
૧૫ ૨ ૯	૧૮	૮	૨૫	૧૨ ૨૦	૫	૨૧
૧૫ ૬ ૧૧	૧૯	૯	૨૫	૧૩ ૨૭	૮	૨૨
૧૫ ૧૦ ૧૨	૨૦	૯	૨૬	૧૪ ૩૪	૯	૨૩
૧૫ ૧૪ ૧૫	૨૧	૧૦	૨૭	૧૫ ૪૪	૧૧	૨૪
૧૫ ૧૮ ૧૯	૨૨	૧૧	૨૮	૧૬ ૫૨	૧૩	૨૫
૧૫ ૨૨ ૨૩	૨૩	૧૨	૨૯	૧૮ ૩	૧૪	૨૭
૧૫ ૨૬ ૨૯	૨૪	૧૩	♑	૧૯ ૧૪	૧૫	૨૮
૧૫ ૩૦ ૩૫	૨૫	૧૪	૧	૨૦ ૩૨	૧૭	૨૯
૧૫ ૩૪ ૪૧	૨૬	૧૫	૨	૨૧ ૪૮	૧૯	♉
૧૫ ૩૮ ૪૯	૨૭	૧૬	૩	૨૩ ૬	૨૧	૨
૧૫ ૪૨ ૫૭	૨૮	૧૬	૪	૨૪ ૨૯	૨૨	૩
૧૫ ૪૭ ૬	૨૯	૧૮	૫	૨૫ ૫૧	૨૪	૪
૧૫ ૫૧ ૧૫	૩૦	૧૮	૫	૨૭ ૧૫	૨૫	૫

સાઈડીરીઅલ ટાઈમ	૧૦ ♐	૧૧ ♐	૧૨ ♑	જન્મ લગ્ન ♒	૨ ♓	૩ ♉
ક મી સે	°	°	°	° ′	°	°
૧૫ ૫૧ ૧૫	૦	૧૮	૫	૨૭ ૧૧	૨૫	૫
૧૫ ૫૫ ૨૫	૧	૧૯	૭	૨૮ ૪૨	૨૮	૭
૧૫ ૫૯ ૩૫	૨	૨૦	૮	૦ ૧૧	♈	૯
૧૬ ૩ ૪૮	૩	૨૧	૯	૧ ૪૨	૨	૧૦
૧૬ ૮ ૦	૪	૨૨	૧૦	૩ ૧૫	૨	૧૧
૧૬ ૧૨ ૧૩	૫	૨૩	૧૧	૪ ૫૩	૫	૧૨
૧૬ ૧૬ ૨૬	૬	૨૪	૧૨	૬ ૩૨	૭	૧૪
૧૬ ૨૦ ૪૦	૭	૨૫	૧૩	૮ ૧૩	૯	૧૫
૧૬ ૨૪ ૫૫	૮	૨૬	૧૪	૯ ૫૭	૧૧	૧૬
૧૬ ૨૯ ૧૦	૯	૨૭	૧૫	૧૧ ૪૪	૧૨	૧૭
૧૬ ૩૩ ૨૬	૧૦	૨૮	૧૭	૧૩ ૩૪	૧૪	૧૮
૧૬ ૩૭ ૪૨	૧૧	૨૯	૧૮	૧૫ ૨૬	૧૬	૨૦
૧૬ ૪૧ ૫૯	૧૨	♑	૧૯	૧૭ ૨૦	૧૮	૨૧
૧૬ ૪૬ ૧૬	૧૩	૧	૨૦	૧૯ ૧૮	૨૦	૨૨
૧૬ ૫૦ ૩૪	૧૪	૨	૨૧	૨૧ ૨૨	૨૧	૨૩
૧૬ ૫૪ ૫૨	૧૫	૩	૨૨	૨૩ ૨૯	૨૩	૨૪
૧૬ ૫૯ ૧૦	૧૬	૪	૨૪	૨૫ ૩૬	૨૪	૨૫
૧૭ ૩ ૨૯	૧૭	૫	૨૫	૨૭ ૪૫	૨૬	૨૭
૧૭ ૭ ૪૮	૧૮	૬	૨૬	૦ ૦	૨૮	૨૮
૧૭ ૧૨ ૭	૧૯	૭	૨૭	૨ ૧૯	♉	૨૯
૧૭ ૧૬ ૨૭	૨૦	૮	૨૮	૪ ૪૮	૨	♊
૧૭ ૨૦ ૪૭	૨૧	૯	♒	૭ [illegible]	૩	૧
૧૭ ૨૫ ૭	૨૨	૧૦	૧	૯ ૨૬	૫	૨
૧૭ ૨૯ ૨૮	૨૩	૧૧	૩	૧૧ ૪૮	૬	૩
૧૭ ૩૩ ૪૯	૨૪	૧૨	૪	૧૪ ૨૪	૮	૫
૧૭ ૩૮ ૧૨	૨૫	૧૩	૫	૧૬ ૫૮	૧૦	૬
૧૭ ૪૨ ૩૪	૨૬	૧૪	૭	૧૯ ૩૩	૧૧	૭
૧૭ ૪૬ ૫૫	૨૭	૧૫	૮	૨૨ ૫	૧૩	૮
૧૭ ૫૧ ૧૭	૨૮	૧૬	૧૦	૨૪ [illegible]	૧૪	૯
૧૭ ૫૫ ૩૮	૨૯	૧૭	૧૧	૨૭ ૨૦	૧૫	૧૦
૧૮ ૦ ૦	૩૦	૧૮	૧૩	૩૦ ૦	૧૭	૧૧

સાઈડીરીઅલ ટાઈમ	૧૦ ♑	૧૧ ♑	૧૨ ♒	જન્મ લગ્ન ♈	૨ ♉	૩ ♊
ક મી સે	°	°	°	° ′	°	°
૧૮ ૦ ૦	૦	૧૮	૧૩	૦ ૦	૧૭	૧૧
૧૮ ૪ ૨૨	૧	૨૦	૧૪	૨ ૩૯	૧૯	૧૩
૧૮ ૮ ૪૩	૨	૨૧	૧૫	૫ ૧૯	૨૦	૧૪
૧૮ ૧૩ ૫	૩	૨૨	૧૭	૭ ૫૫	૨૨	૧૫
૧૮ ૧૭ ૨૬	૪	૨૩	૧૮	૧૦ ૨૯	૨૩	૧૬
૧૮ ૨૧ ૪૮	૫	૨૪	૨૦	૧૩ ૨	૨૪	૧૭
૧૮ ૨૬ ૯	૬	૨૫	૨૧	૧૫ ૩૬	૨૫	૧૮
૧૮ ૩૦ ૩૦	૭	૨૬	૨૩	૧૮ ૬	૨૮	૧૯
૧૮ ૩૪ ૫૧	૮	૨૭	૨૪	૨૦ ૩૪	૨૯	૨૦
૧૮ ૩૯ ૧૧	૯	૨૮	૨૬	૨૨ ૫૯	♊	૨૧
૧૮ ૪૩ ૩૧	૧૦	♒	૨૮	૨૫ ૨૨	૧	૨૨
૧૮ ૪૭ ૫૧	૧૧	૧	♓	૨૭ ૪૨	૨	૨૩
૧૮ ૫૨ ૧૧	૧૨	૨	૧	[illegible]	૪	૨૪
૧૮ ૫૬ ૩૧	૧૩	૩	૩	[illegible]	૫	૨૫
૧૯ ૦ ૫૦	૧૪	૪	૪	[illegible]	૬	૨૫
૧૯ ૫ ૮	૧૫	૫	૭	૫ ૩૦	૮	૨૭
૧૯ ૯ ૨૬	૧૬	૬	૯	૮ ૩૫	૯	૨૮
૧૯ ૧૩ ૪૪	૧૭	૮	૧૦	૧૦ ૪૦	૧૦	♋
૧૯ ૧૮ ૧	૧૮	૯	૧૨	૧૨ ૩૯	૧૧	[illegible]
૧૯ ૨૨ ૧૮	૧૯	૧૦	૧૪	૧૪ ૩૫	૧૨	૧
૧૯ ૨૬ ૩૪	૨૦	૧૧	૧૬	૧૬ ૨૮	૧૩	૨
૧૯ ૩૦ ૫૦	૨૧	૧૨	૧૮	૧૮ ૧૭	૧૪	૩
૧૯ ૩૫ ૫	૨૨	૧૩	૧૯	૨૦ ૩	૧૫	૪
૧૯ ૩૯ ૨૦	૨૩	૧૪	૨૧	૨૧ ૪૮	૧૬	૫
૧૯ ૪૩ ૩૪	૨૪	૧૬	૨૩	૨૩ ૨૯	૧૭	૫
૧૯ ૪૭ ૪૭	૨૫	૧૮	૨૪	૨૫ ૯	૧૮	૭
૧૯ ૫૨ ૦	૨૬	૧૯	૨૭	૨૬ ૪૫	૧૯	૮
૧૯ ૫૬ ૧૨	૨૭	૨૦	૨૮	૨૮ ૧૮	૨૦	૯
૨૦ ૦ ૨૪	૨૮	૨૧	♈	૨૯ ૪૯	૨૧	૧૦
૨૦ ૪ ૩૫	૨૯	૨૩	૨	૧ ૧૯	૨૩	૧૧
૨૦ ૮ ૪૫	૩૦	૨૪	૪	૨ ૪૫	૨૪	૧૨

સાઈડીરીઅલ ટાઈમ	૧૦ ♒	૧૧ ♒	૧૨ ♈	જન્મ લગ્ન ♊	૨ ♊	૩ ♋
ક મી સે	°	°	°	° ′	°	°
૨૦ ૮ ૪૫	૦	૨૪	૪	૨ ૪૫	૨૪	૧૨
૨૦ ૧૨ ૫૪	૧	૨૫	૬	૪ ૯	૨૫	૧૨
૨૦ ૧૭ ૩	૨	૨૭	૭	૫ ૩૨	૨૫	૧૩
૨૦ ૨૧ ૧૧	૩	૨૮	૯	૬ ૫૩	૨૬	૧૪
૨૦ ૨૫ ૧૯	૪	૨૯	૧૧	૮ ૧૨	૨૮	૧૫
૨૦ ૨૯ ૨૬	૫	♓	૧૩	૯ ૨૭	૨૯	૧૫
૨૦ ૩૩ ૩૧	૬	૨	૧૪	૧૦ ૪૩	♋	૧૭
૨૦ ૩૭ ૩૭	૭	૩	૧૬	૧૧ ૫૮	૧	૧૮
૨૦ ૪૧ ૪૧	૮	૪	૧૮	૧૩ ૯	૨	૧૯
૨૦ ૪૫ ૪૫	૯	૫	૧૯	૧૪ ૧૮	૩	૨૦
૨૦ ૪૯ ૪૮	૧૦	૬	૨૦	૧૫ ૨૫	૩	૨૧
૨૦ ૫૩ ૫૧	૧૧	૮	૨૨	૧૬ ૩૦	૪	૨૨
૨૦ ૫૭ ૫૨	૧૨	૯	૨૪	૧૭ ૩૫	૫	૨૩
૨૧ ૧ ૫૩	૧૩	૧૧	૨૫	૧૮ ૩૮	૬	૨૪
૨૧ ૫ ૫૩	૧૪	૧૨	૨૭	૧૯ ૪૧	૭	૨૫
૨૧ ૯ ૫૩	૧૫	૧૩	૨૯	૨૦ ૪૧	૮	૨૬
૨૧ ૧૩ ૫૨	૧૬	૧૪	♉	૨૧ ૪૩	૯	૨૭
૨૧ ૧૭ ૫૦	૧૭	૧૫	૨	૨૨ ૪૩	૧૦	૨૮
૨૧ ૨૧ ૪૭	૧૮	૧૬	૪	૨૩ ૪૧	૧૦	૨૯
૨૧ ૨૫ ૪૪	૧૯	૧૮	૫	૨૪ ૪૧	૧૧	♌
૨૧ ૨૯ ૪૦	૨૦	૧૯	૬	૨૫ ૩૫	૧૨	૧
૨૧ ૩૩ ૩૫	૨૧	૨૦	૮	૨૬ ૩૦	૧૩	૨
૨૧ ૩૭ ૨૯	૨૨	૨૧	૧૦	૨૭ ૨૫	૧૪	૩
૨૧ ૪૧ ૨૩	૨૩	૨૨	૧૧	૨૮ ૨૦	૧૫	૪
૨૧ ૪૫ ૧૬	૨૪	૨૩	૧૩	૨૯ ૧૩	૧૫	૫
૨૧ ૪૯ ૯	૨૫	૨૭	૧૪	૦ ૨૨	૧૬	[illegible]
૨૧ ૫૩ ૧	૨૬	૨૮	૧૫	૧ ૧૪	૧૭	[illegible]
૨૧ ૫૬ ૫૨	૨૭	♈	૧૬	૨ ૬	૧૮	[illegible]
૨૨ ૦ ૪૩	૨૮	૧	૧૭	૨ ૫૮	૧૮	[illegible]
૨૨ ૪ ૩૩	૨૯	૨	૧૮	૩ ૪૮	૧૯	[illegible]
૨૨ ૮ ૨૩	૩૦	૩	૨૦	૪ ૩૮	૨૦	૮

સાઈડીરીઅલ ટાઈમ	૧૦ ♓	૧૧ ♈	૧૨ ♉	જન્મ લગ્ન ♋	૨ ♋	૩ ♌
ક મી સે	°	°	°	° ′	°	°
૨૨ ૮ ૨૩	૦	૩	૨૦	૪ ૩૮	૨૦	૮
૨૨ ૧૨ ૧૨	૧	૪	૨૧	૫ ૨૮	૨૧	૮
૨૨ ૧૬ ૦	૨	૬	૨૩	૬ ૧૭	૨૨	૯
૨૨ ૧૯ ૪૮	૩	૭	૨૪	૭ ૫	૨૩	૧૦
૨૨ ૨૩ ૩૫	૪	૮	૨૫	૭ ૫૩	૨૩	૧૧
૨૨ ૨૭ ૨૨	૫	૯	૨૫	૮ ૪૨	૨૪	૧૨
૨૨ ૩૧ ૮	૬	૧૦	૨૬	૯ ૨૯	૨૫	૧૩
૨૨ ૩૪ ૫૪	૭	૧૨	૨૮	૧૦ ૧૫	૨૬	૧૪
૨૨ ૩૮ ૪૦	૮	૧૩	♊	૧૧ ૨	૨૬	૧૪
૨૨ ૪૨ ૨૫	૯	૧૪	૧	૧૧ ૪૮	૨૭	૧૫
૨૨ ૪૬ ૯	૧૦	૧૫	૨	૧૨ ૩૫	૨૮	૧૬
૨૨ ૪૯ ૫૩	૧૧	૧૬	૩	૧૩ ૧૯	૨૯	૧૭
૨૨ ૫૩ ૩૭	૧૨	૧૮	૪	૧૪ ૪	♌	૧૮
૨૨ ૫૭ ૨૦	૧૩	૧૯	૫	૧૪ ૪૮	૧	૧૯
૨૩ ૧ ૩	૧૪	૨૦	૫	૧૫ ૨૯	૧	૧૯
૨૩ ૪ ૪૬	૧૫	૨૧	૭	૧૬ ૧૧	૩	૨૦
૨૩ ૮ ૨૮	૧૬	૨૩	૮	૧૬ ૫૮	૩	૨૧
૨૩ ૧૨ ૧૦	૧૭	૨૪	૯	૧૭ ૩૪	૪	૨૨
૨૩ ૧૫ ૫૨	૧૮	૨૫	૧૦	૧૮ ૨૭	૪	૨૩
૨૩ ૧૯ ૩૪	૧૯	૨૬	૧૧	૧૯ ૩	૫	૨૪
૨૩ ૨૩ ૧૫	૨૦	૨૭	૧૨	૧૯ ૫૫	૫	૨૪
૨૩ ૨૬ ૫૬	૨૧	૨૮	૧૩	૨૦ ૩૫	૬	૨૫
૨૩ ૩૦ ૩૭	૨૨	૨૯	૧૪	૨૧ ૧૭	૭	૨૬
૨૩ ૩૪ ૧૮	૨૩	♉	૧૫	૨૧ ૫૯	૮	૨૭
૨૩ ૩૭ ૫૮	૨૪	૨	૧૬	૨૨ ૩૧	૮	૨૮
૨૩ ૪૧ ૩૯	૨૫	૩	૧૭	૨૩ ૧૫	૯	૨૮
૨૩ ૪૫ ૧૯	૨૬	૪	૧૮	૨૩ ૫૩	૯	૨૯
૨૩ ૪૮ ૫૯	૨૭	૫	૧૯	૨૪ ૩૦	૧૦	♍
૨૩ ૫૨ ૪૦	૨૮	૬	૨૦	૨૫ ૧૫	૧૧	૧
૨૩ ૫૬ ૨૦	૨૯	૮	૨૧	૨૫ ૪૫	૧૨	૨
૨૪ ૦ ૦	૩૦	૯	૨૨	૨૬ ૩૫	૧૩	૩

(કોઠો નંબર D)

(કોઠાનંબર C)

સાઇડ્રીયલ અને મીન ટાઇમ વચ્ચેનો કરેકશન શોધવાનો કોઠો.

નોંધ:—જો મીન ટાઇમને સાઇડ્રીયલ ટાઇમ 'બરાબર' કરવો હોય તો નીચેના કોઠામાંથી હમેશાં કરેકશન ઉમેરવું અને જો સાઇડ્રીયલ ટાઇમને મીન ટાઇમમાં બદલવો હોય તો તે વખતે કરેકશન બાદ કરવું દર એક કલાકે મી. ૯. ૮૬ સેકંડ.

કલાક			મીનીટ				સેકન્ડ			
મીન ટાઇમ	સાઇડ્રીયલ કરેકશન		મીન ટાઇમ	સાઇડ્રીયલ કરેકશન	મીન ટાઇમ	સાઇડ્રીયલ કરેકશન	મીન ટાઇમ	સાઇ. કરેકશન	મીન ટાઇમ	સાઇ. કરેકશન
કલાક	મી	સે.	મીનીટ	સે	મીનીટ	સે	સે	સે	સે	સે
૦	૦	૦ .૦૦	૦	૦ .૦૦	૩૦	૪ .૯૩	૦	૦ .૦૦	૩૦	.૦૮
૧	૦	૯ .૮૬	૧	૦ .૧૬	૩૧	૫ .૦૯	૧	૦ .૦૦	૩૧	.૦૮
૨	૦	૧૯ .૭૧	૨	૦ .૩૩	૩૨	૫ .૨૬	૨	૦ .૦૦	૩૨	.૦૯
૩	૦	૨૯ .૫૭	૩	૦ .૪૯	૩૩	૫ .૪૨	૩	૦ .૦૧	૩૩	.૦૯
૪	૦	૩૯ .૪૩	૪	૦ .૬૬	૩૪	૫ .૫૯	૪	૦ .૦૧	૩૪	.૦૯
૫	૦	૪૯ .૨૮	૫	૦ .૮૦	૩૫	૫ .૭૫	૫	૦ .૦૧	૩૫	.૧૦
૬	૦	૫૯ .૧૪	૬	૦ .૯૯	૩૬	૫ .૯૧	૬	૦ .૦૨	૩૬	.૧૦
૭	૧	૯ .૦	૭	૧ .૧૫	૩૭	૬ .૦૮	૭	૦ .૦૨	૩૭	.૧૦
૮	૧	૧૮ .૮૫	૮	૧ .૩૧	૩૮	૬ .૨૪	૮	૦ .૦૨	૩૮	.૧૦
૯	૧	૨૮ .૭૧	૯	૧ .૪૮	૩૯	૬ .૪૧	૯	૦ .૦૨	૩૯	.૧૧
૧૦	૧	૩૮ .૫૭	૧૦	૧ .૬૪	૪૦	૬ .૫૭	૧૦	૦ .૦૩	૪૦	.૧૧
૧૧	૧	૪૮ .૪૨	૧૧	૧ .૮૧	૪૧	૬ .૭૪	૧૧	૦ .૦૩	૪૧	.૧૧
૧૨	૧	૫૮ .૨૮	૧૨	૧ .૯૦	૪૨	૬ .૯૦	૧૨	૦ .૦૩	૪૨	.૧૧
૧૩	૨	૮ .૧૩	૧૩	૨ .૧૪	૪૩	૭ .૦૬	૧૩	૦ .૦૪	૪૩	.૧૨
૧૪	૨	૧૭ .૯૯	૧૪	૨ .૩૦	૪૪	૭ .૨૩	૧૪	૦ .૦૪	૪૪	.૧૨
૧૫	૨	૨૭ .૮૫	૧૫	૨ .૪૬	૪૫	૭ .૩૯	૧૫	૦ .૦૪	૪૫	.૧૨
૧૬	૨	૩૭ .૭૦	૧૬	૨ .૬૩	૪૬	૭ .૫૬	૧૬	૦ .૦૪	૪૬	.૧૨
૧૭	૨	૪૭ .૫૫	૧૭	૨ .૭૯	૪૭	૭ .૭૨	૧૭	૦ .૦૫	૪૭	.૧૩
૧૮	૩	૫૭ .૪૨	૧૮	૨ .૯૬	૪૮	૭ .૮૮	૧૮	૦ .૦૫	૪૮	.૧૩
૧૯	૩	૭ .૨૭	૧૯	૩ .૧૨	૪૯	૮ .૦૫	૧૯	૦ .૦૫	૪૯	.૧૩
૨૦	૩	૧૭ .૧૩	૨૦	૩ .૨૯	૫૦	૮ .૨૧	૨૦	૦ .૦૫	૫૦	.૧૪
